અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ મે ૨૦૨૫, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૬

વર્ષ : ૧૬
અંક : ૩૧૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### ૬૧૭૪ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ કરી શકશે હુમલો

## ભારત બહુ જલદી હાઇપરસોનિક મિસાઇલ રજૂ કરશે : DRDO

### ભારતે હાલમાં જ હાઇપરસોનિક એન્જિનનું સફળતાપૂર્વક પરીક્ષણ પૂરું કર્યું છે અને તેને બહુ જલદી જાહેર કરવામાં આવશે : આ જાહેરાત "પાવરિંગ ભારત સમિટ"માં કરાઈ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।** ભારત બહુ જલદી એક નવી મિસાઈલ લોન્ચ કરવા જઈ રહ્યું છે. આ એક ડિફેન્સ મિસાઈલ છે અને તેને ભારત દ્વારા બનાવવામાં આવી છે. આ હાઈપરસોનિક મિસાઈલની ગતિ મેક ૫, એટલે કે અંદાજે ૬૧૭૪ કિલોમીટર પ્રતિ કલાકની હશે.

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ના વૈજ્ઞાનિક ડોક્ટર સુધિર કુમાર મિશ્રા દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત "પાવરિંગ ભારત સમિટ"માં કરવામાં આવી હતી. ભારતે હાલમાં જ હાઈપરસોનિક એન્જિનનું સફળતાપૂર્વક પરીક્ષણ પૂરું કર્યું છે અને તેને બહુ જલદી જાહેર કરવામાં આવશે. DRDOના ડિરેક્ટર જનરલ અને બ્રહ્મોસ એરોસ્પેસના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર અને CEO ડોક્ટર સુધિર કુમાર મિશ્રાના કહેવા મુજબ, બ્રહ્મોસ માટેની તમામ ટેક્નોલોજી DRDO દ્વારા ભારતમાં જ વિકસાવવામાં આવી છે. સુધિર કુમાર મિશ્રા જણાવે છે, "બે-ત્રણ અઠવાડિયા પહેલાં અમે હાઈપરસોનિક એન્જિનનું પરીક્ષણ કર્યું હતું. હવે અમે હાઈપરસોનિક મિસાઈલ લઈને આવીશું, જેની ગતિ મેક ૫, એટલે કે ૬૧૭૪ કિલોમીટર પ્રતિ કલાકની આસપાસ પહોંચી શકે એવી હશે.'' બ્રહ્મોસ ભારત માટે ખૂબ જ મહત્વની મિસાઈલ છે, જેનો ઉપયોગ વિવિધ રીતે થઈ શકે છે. આ મિસાઈલને તોડી પાડવું સરળ નથી, કારણ કે એ માટે અતિ-અદ્યતન ટેક્નોલોજીની જરૂર પડે. આથી, આ મિસાઈલને અટકાવવી સહેલી નહીં હોય.

હવે નવી હાઈપરસોનિક મિસાઈલ બનાવવામાં આવી રહી છે. બ્રહ્મોસ મિસાઈલના ૧૩૦થી વધુ પરીક્ષણો કરવામાં આવ્યા છે, અને દરેક વખતે એની ક્ષમતા અને ચોક્કસતામાં વધારો થયો છે. હાઈપરસોનિક મિસાઈલને પણ DRDO આ જ પ્રમાણમાં વિકસાવી રહ્યું છે, જ્યાં ગુણવત્તાને પ્રાધાન્ય આપવામાં આવે છે, અને ખર્ચ અન્ય ગૌણ મુદ્દા તરીકે જોવામાં આવે છે. DRDO દ્વારા ડિફેન્સ ટેક્નોલોજીમાં રોકાણ કરનારને ચેતવણી આપવામાં આવી છે. ડોક્ટર સુધિર મિશ્રા મુજબ, ડિફેન્સ ટેક્નોલોજીના સંશોધન અને વિકાસમાં ઓછામાં ઓછો એક દાયકો લાગે છે, છતાં એનું પરિણામ ચોક્કસ નથી હોતું. ભારતમાં હાલમાં અનેક ડ્રોન કંપનીઓ ઉભરી રહી છે. સુધિર કુમાર મિશ્રા કહે છે, "આજે ભારતમાં ૪૦૦થી વધુ ડ્રોન કંપનીઓ છે. જોકે, હું કહીશ કે એમાંથી ૨૦થી વધુ કંપનીઓ પણ આ માર્કેટમાં ટકી શકશે નહીં.''

## આપણો પાડોશી દેશ પાકિસ્તાન સુધરવાનો નથી : ઓવૈસી

### હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ પાકિસ્તાને પહલગામ પર કરેલા હુમલા સામે કડક વલણ અપનાવ્યું



**। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૭ ।** તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ શુક્રવારે જાહેરાત કરી કે તેમની સરકારની હૈદરાબાદ લોકસભા મતવિસ્તારમાં મેટ્રો રેલ સહિત વિવિધ પ્રોજેક્ટ્સ પર ૨,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવાની યોજના છે. આ દરમિયાન મુખ્ય મંત્રી રેવંત રેડ્ડીએ મુસ્લિમ યુવાનોને સ્વરોજગારને પ્રોત્સાહન આપવાના હેતુથી રાજ્ય સરકારના કાર્યક્રમ રાજીવ યુવા વિકાસમ હેઠળ સરકારી નાણાકીય સહાય માટે અરજી કરવા અપીલ કરી. આ કાર્યક્રમમાં સાંસદ અસદુદ્દીન ઓવૈસી અને અનિલ કુમાર યાદવ સહિત અનેક ધારાસભ્યો અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. હૈદરાબાદના સાંસદ અને AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ પાકિસ્તાને પહલગામ પર કરેલા હુમલા સામે કડક વલણ અપનાવ્યું. તેમણે પહલગામ આતંકવાદી હુમલા અને પાકિસ્તાન ટીકા કરી. એવામાં હવે ફરી એકવાર ઓવૈસીએ પાકિસ્તાનને અરીસો બતાવ્યો છે. તેમણે શુક્રવારે સાંજે હૈદરાબાદના નામપલ્લીમાં હજ હાઉસ ખાતે હજ યાત્રાળુઓને સંબોધન કર્યું હતુ. આ દરમિયાન અસદુદ્દીન ઓવૈસીએ હજ યાત્રીઓને પાકિસ્તાન અંગે ખાસ અપીલ કરી. હૈદરાબાદના સાંસદે કહ્યું, આપણો પાડોશી દેશ સુધરવાનો નથી. તમે હજ યાત્રા પર જઈ રહ્યા છો, દુઆ કરો કે તે સુધરે, બાકી જ્યારે ફરી સમય આવશે ત્યારે તેમને સીધા કરવા પડશે. ઓવૈસીએ હજ યાત્રાળુઓને આગ્રહ કર્યો કે, આ યાત્રાને માત્ર ઔપચારિક યાત્રા તરીકે નહીં પરંતુ ધીરજ, કૃતજ્ઞતા અને નમ્રતાથી ભરપૂર આધ્યાત્મિક અનુભવ તરીકે જુઓ.

### ન્યૂઝ બ્રિફ

#### મૂડીઝે અમેરિકાના ક્રેડિટ રેટિંગમાં ઘટાડો કર્યો

**। વોશિંગ્ટન, તા.૧૭ ।** અમેરિકન અર્થતંત્રનો સમય સારો નથી. એક પછી એક રેટિંગ એજન્સીઓએ તેમના રેટિંગ ઘટાડવાનું શરૂ કર્યું છે. એવામાં હવે રેટિંગ એજન્સી મૂડીઝે અમેરિકાના ક્રેડિટ રેટિંગમાં ઘટાડો કર્યો છે. મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે અમેરિકાના વધી રહેલા $36 ટ્રિલિયન દેવાના બોજ અંગે વધતી ચિંતાઓને ટાંકીને ક્રેડિટ રેટિંગમાં ઘટાડો કર્યો છે. મૂડીઝે યુએસ ક્રેડિટ સ્કોર Aaa થી ઘટાડીને Aa1 કર્યો છે. આ સાથે, અમેરિકાએ મૂડીઝ રેટિંગ્સ દ્વારા આપવામાં આવેલ છેલ્લી ટોચની ક્રેડિટ રેટિંગ ગુમાવી દીધી છે. બ્લૂમબર્ગના રિપોર્ટ મુજબ, આ વધતા દેવા અને ખાધ અંગે વધતી ચિંતા દર્શાવે છે. મૂડીઝે ૧૯૧૯ થી યુનાઈટેડ સ્ટેટ્સનું ટોચનું Aaa રેટિંગ જાળવી રાખ્યું હતું અને તેને ડાઉનગ્રેડ કરનારી ત્રણ મુખ્ય ક્રેડિટ રેટિંગ એજન્સીઓમાંની છેલ્લી હતી. અગાઉ, ફિચ રેટિંગ્સ અને એસ એન્ડ પી ગ્લોબલ રેટિંગ્સે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાને ટોચના ટ્રિપલ-એ પોઝિશન કરતા નીચો ગ્રેડ આપ્યો હતો. સતત ઊંચી રાજકોષીય ખાધ અને વધતા વ્યાજ ચૂકવણીને કારણે મૂડીઝે ૨૦૨૩ માટે નકારાત્મક દૃષ્ટિકોણ અપનાવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આથી હવે એવું કહી શકાય કે અમેરિકાએ હવે લોન લેવા માટે વધારે વ્યાજ ચૂકવવું પડશે.

### આખરે પાકિસ્તાનના PM એ સ્વીકાર્યું

## ઓપરેશન સિંદૂરમાં નુરખાન એરબેઝને થયું હતું નુકસાન

### પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાનને વળતો જવાબ આપ્યો હતો



**। લાહોર, તા.૧૭ ।** પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાનને વળતો જવાબ આપ્યો હતો. જોકે, પહેલા તો પાકિસ્તાને સ્વીકારવાનો જ ઈનકાર કરી દીધો હતો કે, ભારતના આ હુમલાથી તેને કંઈ નુકસાન થયું છે, પરંતુ બાદમાં પાકિસ્તાથી આવેલા નિવેદનો અને સેનાએ જાહેર કરેલી ફૂટેજથી પાક.ના જૂઠાણાની પોલ ખુલી ગઈ હતી. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કબૂલાત કરી કે, ભારતે પાકિસ્તાન પર મિલાઈલ હુમલા કર્યા હતાં, જેમાં ઘણું નુકસાન થયું છે. આ વીડિયોમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું કે, ૧૦ મેની વહેલી સવારે આશરે ૨:૩૦ વાગ્યે જનરલ સૈયદ અસીમ મુનિરે મને સિક્યોર લાઈન પર ફોન કર્યો અને જણાવ્યું કે, ભારતની બેલેસ્ટિક મિસાઈલે નૂર ખાન એરબેઝ અને અન્ય વિસ્તારો પર હુમલો કર્યો છે... આપણી વાયુસેનાએ પોતાના દેશને બચાવવા માટે સ્વદેશી ટેક્નિકનો ઉપયોગ કર્યો, આ સિવાય તેમણે ચાઈનીઝ જેટ વિમાનો પર આધુનિક ગેઝેટ અને ટેક્નિકનો પણ ઉપયોગ કર્યો. શુક્રવારે પાકિસ્તાન સ્મારક પર આયોજિત એક સમારોહમાં શાહબાઝ શરીફે આ નિવેદન આપ્યું હતું. ભાજપ નેતા અમીત માલવિયાએ આ વીડિયો પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કર્યો છે. તેમણે કહ્યું કે, આ પ્રકારનો કૉલ ઓપરેશન સિંદૂરની સટીકતા અને સાહસને દર્શાવે છે. અનેકવાર ઈનકાર બાદ પાકિસ્તાની વડાપ્રધાન શરીફે માન્યું કે, ભારતની મિસાઈલે નૂર ખાન એરબેઝ પર હુમલો કર્યો.

### માઉન્ટ આબુમાં ખાનગી બસની બ્રેક ફેઈલ થતા સર્જાયો અકસ્માત

**। માઉન્ટ આબુ, તા.૧૭ ।** માઉન્ટ આબુમાં મોટી દુર્ઘટના બનતા ટળી ગઈ હતી. ખાનગી ટ્રાવેલ્સ બસની બ્રેક ફેઈલ થતા ડ્રાઈવરની સમય સૂચકતાને કારણે મોટો અકસ્માત સર્જાતા ટળ્યો હતો. આ ઘટનામાં પાંચ જેટલા મુસાફરોને નાની મોટી ઈજા થઈ હતી.ગુજરાત ટ્રાવેલ્સની બસને માઉન્ટ આબુમાં અકસ્માત નડ્યો હતો. માઉન્ટઆબુ ટોલનાકા પાસે બસની બ્રેક ફેઈલ થતા બસ રિવર્સમાં ધકેલાઈ હતી. જોકે, બસ ડ્રાઈવરની સમય સૂચકતાને કારણે બસને મોટા પથ્થર સાથે ટકરાવી દેતા બસ ખાઈમાં પડતા બચી ગઈ હતી અને મુસાફરોનો જીવ બચી ગયો હતો. જોકે, બસના અથડાવાના કારણે એક મોટું વૃક્ષ ધરાશાઈ થઈ ગયું હતું.

### થરૂરના નિવેદનથી ભાજપ ગેલમાં, કોંગ્રેસ ટેન્શનમાં

## રાષ્ટ્રહિતની વાત આવશે તો જરા પણ પાછીપાની નહીં કરૂ

### ભારતના સાંસદોની ટીમ ગ્લોબલ સ્ટેજ પર પાકિસ્તાનની પોલ ખોલશે : ટીમમાં કોંગ્રેસ સાંસદ શશિ થરૂર સામેલ



**। નવી દિલ્હી, તા.૧૭ ।** સંસદીય કાર્ય મંત્રાલયે અન્ય દેશોમાં ભારતનો આતંકવાદ વિરુદ્ધ પક્ષ રજૂ કરવા માટે સાંસદોના નામની જાહેરાત કરી દીધી છે. તેમાંથી કોંગ્રેસ સાંસદ શશિ થરુર અને સુપ્રિયા સુલે સહિત અનેક નામો સામેલ છે. આ તમામ સાંસદો બીજા દેશોમાં જઈને ઓપરેશન સિંદૂર પર દેશનો પક્ષ રજૂ કરશે.

ભારતના સાંસદોની ટીમ ગ્લોબલ સ્ટેજ પર પાકિસ્તાનની પોલ ખોલશે. આ ટીમમાં કોંગ્રેસ સાંસદ શશિ થરુરને પણ સામેલ કર્યા છે. નામ સામે આવ્યા બાદ થરુરે કહ્યું કે, જ્યારે રાષ્ટ્રહિતની વાત હશે અને મારી સેવાઓની જરુર હશે તો હું પાછીપાની નહીં કરુ. તેમણે કહ્યું કે, હું હાલની ઘટનાઓ પર આપણા દેશનો પક્ષ રજૂ કરવા માટે પાંચ મુખ્ય રાજધાનીઓમાંથી એક સર્વદળીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરવા માટે ભારત સરકારના નિમંત્રણથી સન્માનિત અનુભવ કરી રહ્યો છે. ભારત સરકારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સભ્ય દેશો અને અન્ય મુખ્ય ભાગીદાર દેશોની આ મુલાકાતોમાં લગભગ તમામ રાજકીય પક્ષોના સભ્યોનો સમાવેશ કર્યો છે. આમાં શશિ થરૂર (કોંગ્રેસ), રવિશંકર પ્રસાદ (ભારતીય જનતા પાર્ટી), સંજય કુમાર ઝા (જનતા દળ યુનાઈટેડ), બૈજયંત પાંડા (ભારતીય જનતા પાર્ટી), કનિમોઝી કરૂણાનિધિ (દ્રવિડ મુનેત્ર કઝગમ-ડીએમકે), સુપ્રિયા સુલે (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-એનસીપી) અને શ્રીદેવી સેનાનો સમાવેશ થાય છે. આ નામોની જાહેરાત સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કરી છે.

## યુક્રેનમાં મુસાફરો ભરેલી વાન પર રશિયાનો ડ્રોનથી હુમલો



**। (એજન્સી) કિવ, તા.૧૭ ।** ત્રણ વર્ષથી યુદ્ધ કરી રહેલા રશિયા-યુક્રેન વચ્ચે ગઈકાલે શાંતિ મંત્રણા યોજાઈ હતી, જોકે આ મંત્રણના ૨૪ કલાકમાં જ રશિયાએ યુક્રેન વચ્ચે ડ્રોનથી ભયાનક હુમલો કર્યો છે. યુક્રેને કહ્યું છે કે, આ હુમલામાં ૯ લોકોના મોત અને ચાર લોકો ગંભીર ઈજાગ્રસ્ત થયા છે. આમ તો ગઈકાલે મંત્રણામાં લીધેલા નિર્ણય મુજબ યુદ્ધમાં આંશિક રાહતના સંકેત મળ્યા હતા, જોકે એક જ દિવસમાં આ હુમલાએ ફરી વિશ્વભરની ચિંતા વધારી દીધી છે. યુક્રેનના રાષ્ટ્રીય પોલીસે ટેલીગ્રામ પર પોસ્ટ શેર કરીને કહ્યું કે, 'રશિયાના એક ડ્રોને યુક્રેનમાં મુસાફરો ભરેલી વાન પર હુમલો કર્યો છે. આ હુમલામાં ૯ યુક્રેનિયન નાગરિકના મોત થયા છે, જ્યારે ચાર મુસાફરો ગંભીર ઈજાગ્રસ્ત થયા છે.' યુક્રેન પોલીસે ટેલિગ્રામ પર ઘટનાની તસવીરો પણ શેર કરી છે. તસવીરોમાં લીલા રંગની વાન દેખાઈ રહી છે, જેના પર રશિયાએ ડ્રોનથી હુમલો કર્યો હોવાનો યુક્રેન પોલીસે દાવો કર્યો છે. જોકે રશિયાએ યુક્રેનના નાગરિકો પર હુમલો કર્યો હોવાનો સ્પષ્ટ ઈકાર કરી દીધો છે. રશિયાએ કહ્યું કે, તેણે યુક્રેનના સૈન્ય હથિયારો પર હુમલો કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, તુર્કેઈના ઈસ્તંબુલમાં ગઈકાલે રશિયા અને યુક્રેનના પ્રતિનિધિઓ વચ્ચે નિષ્ફળ બેઠક યોજાઈ હતી. બેઠકમાં યુદ્ધવિરામ કે પછી યુદ્ધ બંધ કરવા અંગે કોઈપણ ચર્ચા થઈ ન હતી, જોકે બંને દેશો એકબીજાના ૧૦૦૦ યુદ્ધ કેદીઓની અદલાબદલી કરવા પર સંમત થયા હતા. ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયા પછી પહેલી વાર બંને દેશો વચ્ચે વાતચીત થઈ હતી. યુક્રેન સતત યુદ્ધવિરામ માટે વિનંતી કરી રહ્યું છે. જોકે, રશિયા યુક્રેનના યુદ્ધવિરામની શરતો સ્વીકારવા તૈયાર નથી.

બીજીતરફ યુક્રેનની ખેરસન પોલીસે ટ્વિટ કરીને કહ્યું છે કે, 'રશિયન સૈનિકોએ આજે ખેરસન, એન્ટોનિવકા, નોવોત્યાગીક્રા, બેલોઝર્કા, પ્રીડનીપ્રોવસ્કી, ઓલેકસાન્ડ્રીવકા, ઈનહુલેટ્સ, સાડોવો, બેરીસ્લાવ, ઓસોકોરીવકા, હેવરીલિવકા, નોવોવોરોન્ટ્સોવકા, ઉરોઝાયને, રાકિવકા અને ચેર્વોમાં અનેક સ્થળે હુમલાઓ કર્યા છે. રશિયાન સેનાએ બેરીસ્લાવના રહેણાંક વિસ્તારમાં વિસ્ફોટો ફેંક્યા છે. જુદી જુદી ઘટનાઓમાં બે લોકોના મોત અને ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

### ચાર વર્ષના બાળક ઉપર અત્યાચાર

## કોન્વેન્ટ સ્કૂલની નર્સરીમાં બાળક ઉપર અત્યાચાર અને હત્યા

**। (એજન્સી) લખનૌ, તા.૧૭ ।** ઉત્તર પ્રદેશમાં ચાર વર્ષના નાનકડા બાળકની શાળામાં જ નિર્દયતાથી હત્યા કરવામાં આવી હોવાની આઘાતજનક અને ચોંકાવનારી ઘટના બની છે. આ બાળક એક કોન્વેન્ટ સ્કૂલમાં નર્સરી વર્ગનો વિદ્યાર્થી હતો. આ ઘટના અંગે પોલીસે શાળાની શિક્ષિકાઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ પ્રયાગરાજના નૈની પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુરુવારે એક બાળકનું સંદિગ્ધ સ્થિતિમાં મૃત્યુ થયું હતું. પરિવારજનોની ફરિયાદના આધારે પોલીસે બાળકના મૃત્યુ અંગે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. મૃત બાળકના પોસ્ટમોર્ટમ રિપોર્ટના આધારે પોલીસ આ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર પરિવારજનોની ફરિયાદમાં જણાવાયું છે કે શાળાની બે શિક્ષિકાઓએ બાળક સાથે મારપીટ કરી હતી. આ ફરિયાદના આધારે બંને શિક્ષિકાઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે.

### હેલિકોપ્ટરના પાછળના ભાગને નુકસાન થયું હતું

## ઉત્તરાખંડના કેદારનાથમાં AIIMS ઋષિકેશની એર એમ્બ્યુલન્સ ક્રેશ

**। (એજન્સી) દેહરાદૂન, તા.૧૭ ।** ઉત્તરાખંડના કેદારનાથથી આ સમયે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અહીં કેદારનાથમાં AIIMS ઋષિકેશની હેલી એમ્બ્યુલન્સ સેવાનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. કહેવામાં આવી રહ્યું છે કે હેલિકોપ્ટરના પાછળના ભાગને નુકસાન થયું હતું. આ જ કારણ છે કે આ અકસ્માત થયો. જોકે, સદનસીબે આ અકસ્માતમાં કોઈ મોટું નુકસાન થયું નથી. દુર્ઘટના સમયે હેલિકોપ્ટરમાં પાંચ મુસાફરો સવાર હતા. હાલમાં વિમાનમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત છે. ગઢવાલના કમિશનર વિનય શંકર પાંડેએ આ ઘટના અંગે માહિતી આપી છે. વાસ્તવમાં, AIIMS ઋષિકેશ દૂરના સ્થળોએથી આવતા મુસાફરો માટે એર એમ્બ્યુલન્સ સેવા પણ પૂરી પાડી છે. આ હેઠળ સંચાલિત હેલી એમ્બ્યુલન્સ સેવાનું એક હેલિકોપ્ટર ટેકનિકલ ખામીને કારણે કેદારનાથ નજીક ક્રેશ થયું હતું. અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, આ એર એમ્બ્યુલન્સમાં સવાર તમામ લોકો સુરક્ષિત છે.

### AC કોચનો કાચ તૂટ્યો; મુસાફરોમાં ગભરાટ

## ઓડિશામાં તપસ્વિની એક્સપ્રેસ પર પથ્થરમારો

**। (એજન્સી) ભુવનેશ્વર, તા.૧૭ ।** ઓડિશાના સંબલપુર અને ઝારસુગુડા વચ્ચે શનિવારે સવારે એક ચોંકાવનારી ઘટના બની. અહીં અજાણ્યા અસામાજિક તત્વોએ પુરી-હટિયા તપસ્વિની એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારો કર્યો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે મોટાભાગના મુસાફરો ગાઢ નિંદ્રામાં હતા. પથ્થર ટ્રેનના એસી કોચ ૠ-૭ ની બારી પર વાગ્યો, જેનાથી બારીના કાચ તૂટી ગયા હતા. આ ઘટના રેંગાલી અને ઝારસુગુડા રેલ્વે સ્ટેશન વચ્ચે સવારે લગભગ ૫:૩૦ વાગ્યે બની હતી. પથ્થર સીટ નંબર ૧૫ ની નજીક આવેલી બારી પર વાગ્યો હતો. પથ્થરમારો એટલો જોરદાર હતો કે બારીના કાચ તૂટી ગયા અને અંદરથી તૂટી ગયા હતા. ઘટના બાદ, મોટા અવાજને કારણે મુસાફરો જાગી ગયા અને કોચ એટેન્ડન્ટ અને ટિકિટ ચેકરને આ અંગે જાણ કરી. સીટ નંબર-૧૫ પર બેઠેલા મુસાફર આ ઘટનાથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. તપસ્વિની એક્સપ્રેસના બી-૭ કોચના એટેન્ડન્ટે જણાવ્યું હતું કે, આ ઘટનાથી સીટ નંબર ૧૫ પર બેઠેલા મુસાફરો ખૂબ જ ગભરાઈ ગયા હતા.

### મુંબઈ એરપોર્ટ પોલીસના ઈમેલ આઈડી પર મેઈલ આવ્યો

## મુંબઈ એરપોર્ટ અને તાજ હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

**। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।** મુંબઈ એરપોર્ટ અને તાજમહેલ પેલેસ હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આ ધમકી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક અને તાજમહેલ પેલેસ હોટલને મુંબઈ એરપોર્ટ પોલીસના ઈમેલ આઈડી પર મેઈલ દ્વારા મોકલવામાં આવી છે. ઈમેલમાં દાવો કરવામાં આવ્યો હતો કે તાજમહેલ પેલેસ હોટેલ અને એરપોર્ટ પર બોમ્બથી હુમલો કરવામાં આવશે. આ મેઈલમાં આતંકવાદીઓ અફઝલ ગુરુ અને શૈવક્કુ શંકરને "અન્યાયી ફાંસી'' આપવાનો ઉલ્લેખ કરીને ધમકી આપવામાં આવી છે. મુંબઈ પોલીસની ટીમે આ મામલાની નોંધ લીધી છે અને તપાસ શરૂ કરી છે. હજુ સુધી કંઈ શંકાસ્પદ મળ્યું નથી. મેઈલ મોકલનાર આરોપીઓને શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ૨૨ એપ્રિલે કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલો થયો હતો. આ આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. આ આતંકવાદી હુમલા બાદ દેશભરમાં આતંકવાદ સામે ગુસ્સો છે.

# વડોદરાના તાંદલજા વિસ્તારમાં રોડ બિસ્માર હાલતમાં હોવાનું સામે આવ્યું

## ખરાબ રસ્તાથી નાગરિકો પરેશાન, રોડને ઓક્સિજનની બોટલ ચડાવી કર્યો વિરોધ

। (એજન્સી) વડોદરા, તા.૧૭ ।

વડોદરામાં રોડ-રસ્તાથી નાગરિકો ત્રસ્ત થઈ ગયા છે. વડોદરાના તાંદલજા વિસ્તારમાં રોડ બિસ્માર હાલતમાં હોવાનું સામે આવ્યું છે. તેને પગલે સ્થાનિકોએ અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિકોએ રોડને ઓક્સિજનની બોટલ ચડાવી વિરોધ નોંધાવ્યો હતો. વરસાદી-ડ્રેનેજ લાઈન માટે રોડ ખોદી નાખવામાં આવ્યો હતો. જેથી લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા હતા. દોઢ મહિનો વિતવા છતાં કામગીરી પૂર્ણ ન થતા સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. બિસ્માર રસ્તાથી લોકો પરેશાન મળતી માહિતી મુજબ વડોદરામાં રોડ રસ્તાની સમસ્યાથી નાગરિકો ભારે હેરાન થઈ રહ્યા છે. તાંદલજા વિસ્તારમાં રોડ બિસ્માર હાલતમાં હોવાથી સ્થાનિકોએ અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. રોડને ઓક્સિજનની બોટલ ચડાવવામાં આવ્યો હતો. તેમજ એક ઓક્સિજનની બાટલો પોતાને પણ નાગરિકોએ પોતાને પણ આપ્યો હતો. દોઢ મહિનાથી વરસાદી અને ડ્રેનેજ લાઈન માટે રોડ ખોદી નાખ્યો હોવાથી હજુ કામગીરી પૂર્ણ ન થતા લોકો ભારે હેરાન થયા હતા.હવે ચોમાસુ શરુ થવાનું હોવાથી ખરાબ રોડ રસ્તાના લીધે લોકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવશે. જોકે, ઘણીવાર રોડ પર ખાડા ખોદી નાખવાથી તેમાં બુરાણ કરવામાં ન આવતા રોડ રસ્તાની હાલત ખરાબ થઈ જાય છે.જેથી રસ્તા પર ચાલતા રાહદારીઓ અને વાહનચાલકો હેરાન થાય છે. ઘણીવાર ખરાબ રસ્તાઓ પર પાણી ભરાઈ જવાથી વાહનચાલકો તેમાં ફસાઈ જતા હોય છે.તો કેટલીક વાર ખરાબ રસ્તાઓને લીધે એક્સિડન્ટ થવાની ઘટનાઓ પણ બનતી હોય છે. જેમાં વાહન ચાલકો પોતાનો જીવ ગુમાવી દેતા હોય છે. માટે તંત્ર દ્વારા રિપેરિંગકામ કરવામાં આવે તે માટે લોકો દ્વારા લોકમાંગણી કરવામાં આવતી હોય છે.

### અમદાવાદીઓ માટે ખુશીના સમાચાર

# દીવ હવે કલાકમાં પહોંચી જવાશે એ પણ સસ્તામાં

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

હવે દીવ જનારા પ્રવાસીઓ માટે ખુશ ખબર છે. અમદાવાદથી હવે દીવની ફ્લાઈટ શરુ કરવામાં આવી છે. રવિવારથી દીવ-અમદાવાદ વચ્ચે ફ્લાઈટ શરુ થવા જઈ રહી છે. જેથી દીવ અને દમણનો પ્રવાસ સહેલો થયો. ઉડાન યોજના હેઠળ અમદાવાદથી દીવની સીધી ફ્લાઈટ શરૂ કરવામાં છે. જેનું ભાડું ૧૪૯૯ રૂપિયાના ખાસ પ્રમોશનલ ભાડાની પણ ઓફર કરવામાં આવી છે. જે એક કલાકમાં અમદાવાદથી દીવ પહોંચાડી દેશે. પ્રવાસીઓએ દીવ જવા માટે ૮ કલાકની રોડ ટ્રીપ નહીં કરવી પડે, ફ્લાઈટ મારફતે માત્ર ૧ કલાકમાં જ દીવ પહોંચી શકાશે.પ્રાદેશિક ઉડ્ડયન સેવાને મજબૂત કરવા સાથે દીવના સ્ટારના ડેસ્ટિનેશનમાં ૨૫મું સ્થાન બન્યું છે. આ સિવાય દીવમાં દ્રઈ લોકો વધુ હોવાના કારણે ગોવામાં વારંવાર પાસપોર્ટના કામ માટે જવાનું હોવાથી આ સેવાથી સુવિધા મળશે. ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી 'ઉડે દેશ કા આમ નાગરિક (UDAN)' યોજના હેઠળ આ નવા રૂટની શરૂ કરવામાં આવી છે. આ ફ્લાઈટ અમદાવાદથી સવારે ૯:૫૦ વાગ્યે ઉપડશે અને ૧૦:૫૦ વાગ્યે દીવમાં લેન્ડ થશે. દીવથી પરત ફરતી વખતે ફ્લાઈટ સવારે ૧૧:૨૦ વાગ્યે ઉપડશે અને બપોરે ૧૨:૨૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. આ સર્વિસ માટે સ્ટાર એરના ૫૦-સીટવાળા એમ્બ્રેર ERJ-145 વિમાનનો ઉપયોગ કરવામાં આવશે. આમ અમદાવાદથી સોમનાથ જતા શ્રદ્ધાળુઓને પણ મોટી સરળતા મળી રહેશે. હવે ઓછા સમયમાં અમદાવાદથી સોમનાથ દર્શન કરીને પરત ફરી શકાશે. આ ઉપરાંત સુંદર દરિયા કીનારો ધરાવતા દીવનો પણ પ્રવાસ માણી શકાશે.

# નડિયાદના શાંતિ ફળિયાને કોલેરાગ્રસ્ત જાહેર કરાયો

। નડિયાદ, તા.૧૭ ।

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જેના કારણે રોગચાળો ફેલાઈ રહ્યો છે. ત્યારે ખેડાના નડિયાદના શાંતિ ફળિયા વિસ્તારમાં કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. શાંતિ ફળિયામાં ઝાડા-ઉલટીના કેસ વધ્યા હતા. જેના કારણે આરોગ્ય વિભાગ દોડતું થયું છે. સિવિલ હોસ્પિટલમાં ૧૨ બાળક સહિત ૨૨ મહિલાને દાખલ કરવામાં આવી છે. ખાનગી હોસ્પિટલમાં પણ દર્દીઓ સારવાર હેઠળ છે. રોગચાળો વકરતા કલેક્ટરે જાહેર બહાર પાડ્યું છે. પીવાના પાણીની પાઈપલાઈન દૂષિત પાણી ભળી જતા કોલેરા ફેલાયો હતો. પાઈપલાઈનમાં લીકેજ હોવાથી પીવાની પાઈપ લાઈનમાં પાણી ભળી જતા કોલેરા ફેલાયો હતો. મનપાએ પાઈપલાઈનમાં લીકેજ શોધી રિપેરિંગનું કામ હાથ ધરવામાં આવ્યું છે. પીવાની પાઈપ લાઈનમાં દૂષિત પાણી ભળી જતા લોકોના ઘરે પણ દૂષિત પાણી આવતું હોવાની ફરિયાદો છે. જેના કારણે ઝાડા-ઉલટીના કેસમાં ચિંતાજનક વધારો થયો છે. સિવિલ હોસ્પિટલમાં બાળકો સહિત મહિલાઓ દાખલ છે.

### વીરપુરની બેંક ઓફ બરોડામાં ઉચાપતની ઘટના સામે આવી

# બેંક ઓફ બરોડાના કેશિયરે મોટો ખેલ ખેલ્યો, ૪૨ લાખની ઉચાપત કરી

। વીરપુર, તા.૧૭ ।

મહીસાગર જિલ્લામાં વીરપુરની બેંક ઓફ બરોડામાં ઉચાપતની ઘટના સામે આવી હતી. જેમા બેંકમાં ફરજ બજાવતા કેશિયર દ્વારા જ બેંકમાં આવેલ ગ્રાહકોની ખોટી એફડી બનાવી અને ગ્રાહકોના ચેકથી પૈસા ઉપાડી લઈ ઉચાપત કરી હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર મામલે પોલીસમાં ફરિયાદ પણ નોંધવ્યા બાદગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વીરપુર પોલીસ દ્વારા આરોપી જયસુખ રામ બાલુરામને ઝડપી પાડવામાં આવ્યો છે. જેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો, જિલ્લાના વીરપુરમાં આવેલ બેંક ઓફ બરોડાની શાખાની અંદર કેશિયર તરીકે ફરજ બજાવતા જયસુખરામ બાલુરામ વિરુદ્ધ ૪૨ લાખ રૂપિયાની ઉચાપતના આરોપસર વીરપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદ નોંધાતા પોલીસ દ્વારા આરોપી કેશિયરને ઝડપી પાડી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ દ્વારા તેના રિમાન્ડ માગી અને વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૯ થી વીરપુર બેંક ઓફ બરોડાની શાખામાં કેશિયર તરીકે ફરજ બજાવતા જયસુખરામ બાલુરામે બેંકમાં આવતા ગ્રાહકોને એફડીના ખોટા સર્ટી આપ્યા અને પોતે પૈસા ઉપાડી લીધા તેમજ જે ગ્રાહકો ચેક દ્વારા પૈસા ઉપાડવા માટે આવ્યા તે ગ્રાહકો પાસેથી પણ ચેક લઈ અને તેમના ખાતામાં પૈસા ઉપાડી લીધા હોવાનો આરોપ લાગ્યો છે. ૪૨ લાખ રૂપિયાની ઉચાપતને લઈને આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાતા વીરપુર પોલીસ દ્વારા સમગ્ર બાબતે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. સાથે જ આરોપી જયસુખરામ બાલુરામને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ માગી અને વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે આ સમગ્ર મામલો સામે આવ્યા બાદ લોકો નવાઈ પામી ગયા છે. એક કેશિયર જે બેંકમાં નોકરી કરતો હતો તે ગ્રાહકોના જ રૂપિયા ચાઉ કરી લીધા.

# નર્મદામાં ૩૨ દિવસની બાળકીને જાનવર ઉઠાઈ ગયું

। (એજન્સી) નર્મદા, તા.૧૭ ।

રાજપીપળા ખાતે એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જેના વિશે જાણીને તમે પણ નવાઈ પામી જશો. અહીંયા એક ૩૨ દિવસની નવજાત બાળકનું મોત થયું છે. જેમાં બાળકીને રાતના સમયે કોઈ જાનવર ઉઠાવી ગયું અને તેને ફાડી ખાધી. જેથી બાળકીના પરિવાર પર હાલ જાણે કે આભ તૂટી પડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ આ મામલે પોલીસ દ્વારા પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસને જેવી આ બનાવની જાણ થઈ કે તેમણે બાળકીની તપાસ હાથ ધરી હતી. બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો, રાજપીપળા ખાતે વ્યાયામ પ્રચારક મંડળના ગેટ સામે એક ખુલ્લી જમીન પર બાંધકામની સાઈડ પર કામ કરતા દાહોદના શ્રમિકની ૩૨ દિવસની નવજાત શિશુને કોઈ અજાણ્યું જનાવર ખેંચીને જતા FSL ની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી. બનાવની વિગત મુજબ દાહોદનું એક પરિવાર એક સાઈડ પર બાંધકામનું કામ કરવા આવેલ જે રાત્રે ખુલ્લામાં સૂઈ રહ્યા હતા.

### રાજકોટમાં 'ખૂન કા બદલા ખૂન' જેવી ઘટના

# બનેવીએ સગા સાળાના દીકરાને જ મોતને ઘાટ ઉતારી નાંખ્યો

। (એજન્સી) રાજકોટ, તા.૧૭ ।

ગ્રામ્ય વિસ્તારમાં 'ખૂન કા બદલા ખૂન' માફકની ઘટના સામે આવી છે. પોતાના દિકરાના મર્ડરનો બદલો લેવા પિતાએ અન્ય બે દીકરાઓ તેમજ દીકરાના મિત્ર સાથે મળી સગા સાળાના દીકરાનું પહેલા અપહરણ કર્યું હતું. જે બાદ તેને ગંભીર ઈજા પહોંચાડતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે સારવાર દરમિયાન તેનું મૃત્યુ થતા અપહરણનો બનાવ હત્યામાં પલટાયો છે અને આ કેસમાં ચોંકાવનારા ઘટસ્ફોટ થયા છે. ઘટના રાજકોટના રૈયાધાર વિસ્તારની છે, જ્યાં મજૂરી કામકાજ કરનારા તેમજ મૃતક શિવરાજના મોટા બાપુ રાજેશ મુછડીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે, જે મુજબ ફરિયાદી રાજેશ મુછડીયાનો નાનો ભાઈ ગોવિંદ મુછડીયા તેમજ તેની પત્ની કંચન મુછડીયા હાલ મર્ડર કેસમાં પોપટપરા જેલમાં છે. કારણ કે આઠ મહિના અગાઉ ભાઈ ગોવિંદ મુછડીયાના સગા બનેવી હમીર મેરીયાનો મોટો દીકરો જયદીપ દારૂ પીને અવારનવાર ગોવિંદના ઘરે જતો હતો અને 'તમારી દીકરી મને ગમે છે, તેની સાથે મારા લગ્ન કરાવી દો' તેમ કહી ઝઘડો કરતો હતો. જેથી ભાઈ ગોવિંદ તેમજ તેની પત્ની કંચને જયદીપને માર મારતા તેનું મોત નીપજ્યું હતું.

આ બાબતનો ખાર રાખીને ગત ૧૩ મે ૨૦૨૫ના રોજ હમીર મેરીયાએ તેના દીકરા રાહુલ અને ખુશાલ તેમજ તેના મિત્ર રોહિત સાથે મળીને મેટોડા જીઆઈડીસી ખાતેથી શિવરાજને બળજબરીપૂર્વક તેમની ફોર વ્હીલર કારમાં બેસાડ્યો હતો.

ત્યારબાદ તેને રાજકોટના નવા રિંગ રોડ પર આવેલા પરશુરામ મંદિર સામેના મકાનમાં લઈ જઈ છરી, ધોકા સહિતના હથિયારો વડે શરીરના જુદા જુદા ભાગે જીવલેણ ઘા ઝીંક્યા હતા. જે બાદ શિવરાજને ૧૦૮ મારફતે રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ફરિયાદીએ સંપૂર્ણ ઘટનાક્રમ યાદ કરતા જણાવ્યું કે, ૧૩મી તારીખના રોજ હું મારા ઘરે હતો ત્યારે મારા પત્નીના મોબાઈલ નંબર ઉપર મૃતક શિવરાજનો ફોન આવ્યો હતો અને તેણે જણાવ્યું હતું કે, 'પપ્પાના સાળાના દીકરા ખુશાલ અને રોહિત સહિતના વ્યક્તિઓ જીઆઈડીસી ખાતે આવ્યા છે અને મને બળજબરી પૂર્વક તેમની ગાડીમાં બેસાડી દીધો છે.' આટલું કહેતાની સાથે જ કપાઈ ગયો હતો અને ફોન બંધ થઈ ગયો હતો. એકાદ કલાક બાદ શિવરાજના ફોનમાંથી અજાણી વ્યક્તિનો ફોન આવ્યો હતો અને તેણે કહ્યું હતું કે, 'તમારા દીકરાનું એક્સિડન્ટ થઈ ગયું છે, તેને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે મોકલીએ છીએ.' જોકે, અમે હોસ્પિટલ પહોંચ્યા ત્યાં તેનું મોત નીપજ્યું હતું.

### વરસાદના લીધે ભર ઉનાળે ખેતરોમાં પાણી ભરાયા હતા

# ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદ બાદ સર્વે શરૂ, ૮૦ ટીમ બનાવાઇ

। ભાવનગર, તા.૧૭ ।

છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યભરમાં છૂટોછવાયો કમોસમી વરસાદ ખાબકી રહ્યો છે. જેની સીધી અસર ખેડૂતોના પાક પર પડી રહી છે. કમોસમી વરસાદના લીધે ખેડૂતોના ઉભા પાકને પારાવાર નુકસાન થયું છે. જેથી ખેડૂતો દ્વારા પાકનો સર્વે કરી વળતરની માંગ કરવામાં આવી રહી છે. ત્યારે ભાવનગર જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા કમોસમી વરસાદ બાદ સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. જોકે કયા પાકનું કેટલું વાવેતર અને ક્યાં કેટલું નુકસાન થયું છે તે સર્વે બાદ જાણવા મળશે. ભાવનગરમાં કમોસમી વરસાદના લીધે ભર ઉનાળે ખેતરોમાં પાણી ભરાયા હતા. જેના લીધે ખેડૂતોના બાગાયતી સહિત અન્ય પાકને નુકસાન થયું છે. વરસાદના લીધે કેરી, લીંબુ, કેળ સહિતનો પાક ખરી પડ્યો છે. સમગ્ર જિલ્લાના ગ્રામ્ય પંથકમાં જીદ્ઘઇહ્વના નિયમ મુજબ દરેક તાલુકા વિકાસ અધિકારીને સર્વે માટેની કામગીરી સોંપવામાં આવી છે. નુકસાનીનો સર્વે કરવા માટે કુલ ૮૦ ટીમ બનાવવામાં આવી છે. જેમના દ્વારા ખેતીમાં નુકસાનીનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. ભાવનગર જિલ્લાના ૧૦ તાલુકામાં કમોસમી વરસાદથી પહોંચેલા વ્યાપક નુકસાનીનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. હવામાન વિભાગે જણાવ્યું કે, દક્ષિણ ગુજરાતમાં અપર એર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે.

# ગાંધીનગરમાં અસામાજિક તત્ત્વોએ આતંક મચાવીને એક યુવક પર હુમલો કરી દીધો

। ગાંધીનગર, તા.૧૭ ।

અસામાજિક તત્ત્વોને જાણે પોલીસનો ડર જ નથી રહ્યો તેવું સામે આવી રહ્યું છે.તો અવારનવાર આવા તત્ત્વો કાયદાનો ભંગ કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગરમાં અસામાજિક તત્ત્વોએ આતંક મચાવીને એક યુવક પર હુમલો કરી દીધો હતો. ગાંધીનગરના સરગાસણના શ્રીજી કોમ્પ્લેક્ષ પાસે રેતીનો ધંધો કરતા રાણીપ ના યુવક ચેતન દીપસિંહ ઠાકોર પર હુમલો કરવામાં આવ્યો હતો.રેતીના ધંધામાં યુવક પર કુડાસણના કાર્તિક ભરવાડ સહિત તેના સાગરિતોએ હુમલો કર્યો હતો. સમગ્ર મામલે CCTVના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. ગાંધીનગરમાં યુવક પર હુમલો સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીનગરમાં સરગાસણમાં રેતીના વેપાર મુદ્દે એક યુવક પર જીવલેણ હુમલો કરાયો હતો. સરગાસણના શ્રીજી કોમ્પલેક્ષ પાસે ઝેડ બ્લ્યૂ શોરૂમની સામે રાત્રિના સમયે આ ઘટના બની હતી. કુડાસણના કાર્તિક ભરવાડે તેના સાગરિતો સાથે મળીને રાણીપના ચેતન દિપસિંહ ઠાકોર પર હુમલો કર્યો હતો. ૩ કારમાં આવેલા ૧૦ લોકોએ લોખંડના સળિયા અને પાઈપ વડે હુમલો કરી દીધો હતો. જેની સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ હતી. કારમાં આવેલા આ આરોપીઓએ યુવક પર જીવલેણ હુમલો કરીને ત્યાંથી નાસી ગયા હતા. જે બાદ સીસીટીવી સામે આવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. જોકે, હજી તમામ આરોપીઓ પોલીસના સકંજાથી ફરાર છે. અસામાજિક તત્ત્વો લોકોને રંજાડીને તેમનામાં પોતાનો ભય પૈદા કરતા હોય છે.

### રાજકોટમાં લુખ્ખાઓ બેફામ

# ક્રિકેટ સટ્ટાના કમિશન મુદ્દે યુવાન પર હુમલો, 3 આરોપીઓ સામે ફરિયાદ

। રાજકોટ, તા.૧૭ ।

રાજકોટમાં મારામારી અને ઝઘડાના બનાવો ખૂબ જ વધી ગયા છે. ત્યારે રાજકોટમાં ક્રિકેટ સટ્ટાના કમિશન બાબતે મારામારીની ઘટના સામે આવી હતી. ઘટનાના CCTV સામે આવ્યા હતા. ક્રિકેટના સટ્ટા બાબતે બે શખ્સોએ એક યુવાન પર તલવાર વડે હુમલો કર્યો હતો. તો મારી નાખવાના ઈરાદે યુવાન પર કાર ચડાવી દેવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો.જે મામલે યુવાને પોલીસ સ્ટેશનમાં ૩ આરોપીઓ સામે ગુનો નોંધાવ્યો હતો. રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં મારામારી, ઝઘડા, હત્યા જેવા ગુનાઓમાં ખૂબ જ વધારો થયો છે. અસામાજિક તત્વો દ્વારા આવા ગુનાઓ આચરવામાં આવતા હોય છે. જેનો ભોગ સામાન્ય લોકો બનતા હોય છે. અંગત અદાવતમાં એક ગેંગ બીજી ગેંગને ટાર્ગેટ કરીને ગેંગવોર જેવા ગુનાઓ શહેરમાં થયેલા છે. જેના લીધે શહેરમાં કાયદો વ્યવસ્થા ખૂબ જ કથળી ગઈ છે. રાજકોટમાં આવા અસામાજિક તત્વો જાણે બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. કાયદાથી પોતાને ઉપર માનીને ગુના આચરતા આ આરોપીઓ સામે પોલીસે યોગ્ય કાર્યવાહી કરવાની જરુરિયાત છે. તાજેતરમાં પણ રાજકોટમાં આવા ઘણા ગુનાઓ બનેલા છે. તાજેતરમાં જ રાજકોટના જંગલેશ્વરમાં બુટલેગર દ્વારા તેના સાસરિયાઓ પર હિચકારો હુમલો કરવામાં આવ્યો હતો.

## વિશેષ

### સંકલન સમિતિ સાથે યોજાયેલા કેમ્પમાં જનપ્રતિનિધિઓ અને ઉચ્ચ અધિકારીઓએ આરોગ્યની તપાસણી કરાવી

# વિશ્વ હાયપર ટેન્શન દિવસ નિમિત્તે વડોદરા કલેક્ટર કચેરી ખાતે હેલ્થ સ્ક્રિનિંગ કેમ્પ યોજાયો






। (માહિતી) વડોદરા ।

વિશ્વ હાયપર ટેન્શન દિવસ નિમિત્તે વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સંકલન સમિતિને બેઠક સાથે જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના ઉપક્રમે હેલ્થ સ્ક્રિનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ તથા જનપ્રતિનિધિઓએ રક્તચાપ, ડાયાબિટીસ ચેકઅપ કરાવ્યું હતું આ કેમ્પનો મુખ્ય હેતુ અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકોમાં હાયપર ટેન્શન જેવી સમસ્યા વિશે જાગૃતિ ફેલાવવાનો હતો.

કેમ્પમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિનાક્ષી ચૌહાણની દેખરેખ હેઠળ વિવિધ પ્રકારના આરોગ્ય ચકાસણીઓ કરાવવામાં આવી હતી. તેમાં બ્લડ પ્રેશર, બ્લડ સુગર, બી.એમ.આઈ., હેમોગ્લોબિન અને હાર્ટ રેટ જેવી મૂળભૂત ચકાસણીઓનો સમાવેશ થયો હતો. આ ઉપરાંત પોષણ, આહાર અને વ્યાયામના મહત્વ વિશેની માહિતીજનક પેમ્ફલેટ વિતરણ કરાયા હતા અને આરોગ્યકર્મીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા મહિડા, સાંસદ ડો. હેમાંગ જોશી, ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતા અને શ્રી ચૈતન્યસિંહ ઝાલા, કલેક્ટર ડો. અનિલ ધામેલિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરા, નિવાસી અધિક કલેક્ટર શ્રી બી. એસ. પટેલ સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓએ હેલ્થ ચેકઅપ કરાવ્યું હતું.

આ કેમ્પમાં કલેક્ટર કચેરીના કર્મચારીઓ સહિત સરકારી કચેરીના અધિકારીઓ અને નાગરિકોએ મળી કુલ ૧૦૦થી વધુ લોકોએ આરોગ્ય ચકાસણી કરાવી હતી.

આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ચૌહાણે જણાવ્યું કે, હાયપર ટેન્શનનું તાત્કાલિક નિદાન અને નિયંત્રણ આરોગ્ય માટે યોગ્ય સાબિત થઈ શકે છે. ખાસ કરીને ૩૦ વર્ષથી વધુ વયના લોકોમાં નિયમિત ચકાસણી જરૂરી છે. આ અભિયાન ૧૪મી જૂન સુધી ચાલશે. પેટા, પ્રાથમિક, સામુહિક આરોગ્ય કેન્દ્રો ઉપરાંત ગામડાઓમાં પંચાયતો અને સંસ્થાઓના સહયોગથી આ અભિયાન ચલાવાશે.

વિશ્વ હાયપર ટેન્શન દિવસ દર વર્ષે તા. ૧૭ મેના રોજ ઉજવવામાં આવે છે, જેમાં લોકોમાં બ્લડ પ્રેશરના જોખમો વિશે માહિતી આપવાનો હેતુ હોય છે. વડોદરા જિલ્લા પંચાયત દ્વારા લેવામાં આવેલી આ પહેલ આરોગ્યપ્રદ જીવનશૈલી તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### જાણીતી યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની ધરપકડ

# પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપ સર જાણીતી યુટ્યુબરની ધરપકડ કરાઈ

## જ્યોતિ મલ્હોત્રા પાકિસ્તાન હાઈ કમિશનમાં કાર્યરત દાનિશ નામના અધિકારીના સંપર્કમાં હતી, દાનિશે તેને પાકિસ્તાન પણ મોકલી હતી



। (એજન્સી) ચંદીગઢ, તા.૧૭ ।
પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં હરિયાણાની યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની ધરપકડ કરાઈ છે. અત્યાર સુધીમાં પંજાબના મલેરકોટલા અને હરિયાણાથી કુલ ૬ પાકિસ્તાની જાસૂસોની ધરપકડ કરાઈ ચૂકી છે. જ્યોતિ મલ્હોત્રા પાકિસ્તાન હાઈ કમિશનમાં કાર્યરત દાનિશ નામના અધિકારીના સંપર્કમાં હતી અને દાનિશે તેને પાકિસ્તાન મોકલી હતી. જ્યોતિ મલ્હોત્રા પોતાની ટ્રાવેલ ચેનલ ચલાવે છે અને તે પાકિસ્તાન પણ ગઈ હતી અને અનેક ગુપ્ત માહિતીઓ પાકિસ્તાનમાં શેર કરતી હતી. જ્યોતિના પાકિસ્તાન પ્રવાસ દરમિયાન ત્યાંની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ સાથે સંબંધો બન્યા. મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૨૩માં જ્યોતિ મલ્હોત્રાએ પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો. આ યાત્રા તેણે કમીશન દ્વારા વિઝા લઈને કરી હતી. આ દરમિયાન જ્યોતિની મુલાકાત પાકિસ્તાન હાઈ કમિશનના કર્મચારી એહસાન ઉર રહીમ ઉર્ફે દાનિશ સાથે થઈ હતી. જેની સાથે પછી તેના ગાઢ સંબંધ બની ગયા. દાનિશના માધ્યમથી જ્યોતિની ઓળખ પાકિસ્તની ગુપ્તચર એજન્સીના અન્ય એજન્ટ્સ સાથે કરાવવામાં આવી. જેમાં અલી અહેસાન અને શાકિર ઉર્ફે રાણા શહબાઝ સામેલ હતા. જ્યોતિ આ એજન્ટ્સ સાથે વોટ્સએપ, ટેલિગ્રામ અને સ્નેપચેટ જેવા એન્ક્રિપ્ટેડ પ્લેટફોર્મ્સ દ્વારા સંપર્કમાં રહી હતી. જ્યોતિ મલ્હોત્રા પાકિસ્તાન હાઈ કમિશનમાં કાર્યરત દાનિશ નામના અધિકારીના સંપર્કમાં હતી, દાનિશે તેને પાકિસ્તાન પણ મોકલી હતી તે માત્ર પાકિસ્તાનની ફેવરમાં સોશિયલ મીડિયા પર પોઝિટિવ છબી રજૂ કરતી હતી એટલું જ નહીં પરંતુ તેણે સંવેદનશીલ જાણકારીઓ પણ શેર કરી. જ્યોતિ એવા ૬ લોકોમાં સામેલ છે જેમને ગુપ્તચર એજન્સીઓની સૂચના બાદ ધરપકડ કરાઈ હતી. જ્યોતિને દાનિશ અને તેના સહયોગી અલી અહેસાનના માધ્યમથી પાકિસ્તાનના ગુપ્તચર અધિકારીઓ સાથે મીટિંગ કરાવી હતી. જેમણે પાકિસ્તાનમાં તેના આવવા જવાના અને રહેવાની વ્યવસ્થા કરી હતી. તેણે એક પાકિસ્તાની ગુપ્તચર અધિકારી સાથે ગાઢ સંબંધ બનાવ્યા અને હાલમાં જ તેની સાથે ઈન્ડોનેશિયાના બાલી પણ ગઈ હતી. આરોપ છે કે જ્યોતિએ ભારતીય જગ્યાઓ સંબંધિત સંવેદનશીલ માહિતી શેર કરી અને દિલ્હીમાં રહેવા દરમિયાન પીએચસી હેન્ડલર દાનિશના સંપર્કમાં રહી. આ મામલે લેખિત કબૂલાતનામું નોંધાયું છે અને કેસ દાખલ થયો છે. ભારત સરકારે ૧૨ મે ૨૦૨૫ના રોજ દાનિશને પર્સોના નો ગ્રાટા જાહેર કરીને તેને દેશ છોડવાનો આદેશ આપી દીધો હતો. જ્યોતિ મલ્હોત્રા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૫૨ અને ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ ૧૯૨૩ની કલમો ૩, ૪, ૫ હેઠળ કેસ દાખલ થયો છે. હવે આ મામલાની તપાસ આર્થિક અપરાધ શાખા હિસારને સોંપવામાં આવ્યું છે.

### ગેરકાયદે ભારતીયોને લાભ થઈ શકે છે

# રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ ઉપર અમેરિકી સુપ્રીમ કોર્ટે મૂક્યો સ્ટે

## શુક્રવારે અમેરિકાની સુપ્રીમ કોર્ટે વેનેઝુએલાના નાગરિકોને ડિપોર્ટ કરવાના ટ્રમ્પના નિર્ણય પર રોક લગાવી દીધી છે



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ ।
ટ્રમ્પ બીજી વખત સત્તામાં આવ્યા ત્યારથી, તેઓ દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા લોકોને બહાર કાઢવામાં વ્યસ્ત છે. ત્યારે શુક્રવારે અમેરિકાની સુપ્રીમ કોર્ટે વેનેઝુએલાના નાગરિકોને ડિપોર્ટ કરવાના ટ્રમ્પના નિર્ણય પર રોક લગાવી દીધી છે. જેનાથી ગેરકાયદે રહેતા ભારતીયોને લાભ થઈ શકે છે.

કારણ કે કોર્ટે કહ્યું કે સરકારે લોકોને દેશમાંથી હાંકી કાઢતા પહેલા કાનૂની પ્રક્રિયામાંથી પસાર થવાની સંપૂર્ણ તક આપવી પડશે. ૧૭૯૮ના એલિયન એનિમીઝ એક્ટ (AEA)નો ઉપયોગ કરીને કથિત વેનેઝુએલાના ગેંગ સભ્યોને ફરીથી દેશનિકાલ કરવાના તેમના પ્રયાસને સુપ્રીમ કોર્ટે અટકાવ્યા પછી તેમનો આકરો પ્રતિભાવ આવ્યો છે. ટ્રમ્પ ટેક્સાસના એક ડિટેન્શન સેન્ટરમાં અટકાયત કરાયેલા લોકોને શક્ય તેટલી ઝડપથી દેશનિકાલ કરવા માંગતું હતું.

હવે આ મામલે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે સ્થળાંતર કરનારાઓના દેશનિકાલ કેસમાં તેમની વિરુદ્ધ આપેલા ચુકાદા બદલ યુએસ સુપ્રીમ કોર્ટની ટીકા કરી અને તેને યુનાઈટેડ સ્ટેટ્સ માટે ''ખરાબ અને ખતરનાક દિવસ'' ગણાવ્યો. યુ.એસ. સુપ્રીમ કોર્ટે શુક્રવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૧૭૯૮ ના કાયદા હેઠળ વેનેઝુએલાના સ્થળાંતર કરનારાઓને દેશનિકાલ કરવા પર પોતાનો પ્રતિબંધ યથાવત રાખ્યો હતો, જે ઐતિહાસિક રીતે ફક્ત યુદ્ધ સમયે જ ઉપયોગમાં લેવાયો હતો, એલિયન એનિમીઝ એક્ટ એ યુદ્ધ સમયનો કાયદો છે જેમાં દુશ્મનોને દેશમાંથી હાંકી કાઢવા માટે બહુ કાનૂની કાર્યવાહીની જરૂર પડતી નહોતી. ટ્રમ્પ પ્રશાસનના નિર્ણય પર રોક લગાવતા કોર્ટે કહ્યું કે સરકારે લોકોને દેશમાંથી હાંકી કાઢતા પહેલા કાનૂની પ્રક્રિયામાંથી પસાર થવાની સંપૂર્ણ તક આપવી પડશે. કોર્ટે એમ પણ કહ્યું કે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા અપનાવવામાં આવેલી પદ્ધતિઓ, જેમ કે ઈમિગ્રન્ટ્સને સુનાવણી વિના ૨૪ કલાકની અંદર દેશ બહાર કાઢી મુકવા એ બિલકુલ યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે કેસને નીચલી કોર્ટ (ફિફ્થ સર્કિટ કોર્ટ) માં પાછો મોકલ્યો છે જેથી તેની વધુ યોગ્ય રીતે સુનાવણી થઈ શકે. આ એ જ કોર્ટે એપ્રિલમાં આ મામલે હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો. શુક્રવારે અમેરિકાની સુપ્રીમ કોર્ટે વેનેઝુએલાના નાગરિકોને ડિપોર્ટ કરવાના ટ્રમ્પના નિર્ણય પર રોક લગાવી દીધી છે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોર્ટના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી છે.

**ન્યૂઝ બ્રિફ**

### મંત્રીઓ, ધારાસભ્યો અને સાંસદોના બેફામ વાણીવિલાસ પર લગામ લગાવશે ભાજપ

। (એજન્સી) ભોપાલ, તા.૧૭ ।
એવું માનવામાં આવે છે કે વિધાનસભા સત્ર પહેલાની જેમ જ, ભાજપ તેના ધારાસભ્ય પક્ષની બેઠકમાં નિર્ણય લે છે કે વિધાનસભામાં સરકારનો પક્ષ કેવી રીતે રજૂ કરવો, વિપક્ષને કેવી રીતે ઘેરવો, વિધાનસભા સત્ર દરમિયાન સરકાર પર પ્રશ્નો ઉભા કરી શકે તેવા આવા નિવેદનોને કેવી રીતે ટાળવા. આ સાથે, જેમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેના કાર્યકરો માટે તાલીમ શિબિરોનું આયોજન કરે છે અને તેમને દરેક મુદ્દા પર બોલવા અને જાહેર નિવેદનો આપવાથી દૂર રહેવાના ગુણો શીખવે છે, તેવી જ રીતે, ભાજપ તાલીમ શિબિરોનું આયોજન શરૂ કરશે. આમાં, ભાજપ મીડિયા મેનેજમેન્ટના વ્યાવસાયિક નિષ્ણાતો દ્વારા, જાહેર મંચ પર કેવી રીતે બોલવું, વિવાદાસ્પદ મુદ્દાઓને કેવી રીતે ટાળવા, સરકાર પર વિપક્ષના હુમલાનો જવાબ કેવી રીતે આપવો તે અંગે તાલીમ આપવામાં આવશે.

### દિલ્હીમાં કેજરીવાલની પાર્ટી (AAP)ને લાગ્યો સૌથી મોટો ઝટકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।
દિલ્હીમાં આમ આદમી પાર્ટીના ૧૩ કાઉન્સિલરોએ પાર્ટીના પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપી દીધું છે. હેમચંદ્ર ગોયલના નેતૃત્વમાં ત્રીજા મોરચાની પાર્ટી બનવા જઈ રહી છે. બધા મ્યુનિસિપલ કાઉન્સિલરોએ રાજીનામું આપ્યું અને ઈન્દ્રપ્રસ્થ વિકાસ પાર્ટી બનાવવાનો નિર્ણય લીધો. આ પાર્ટીના નેતા મુકેશ ગોયલ હશે. રાજીનામું આપનારા ૧૩ કાઉન્સિલરોમાં હેમન ચંદ ગોયલ, દિનેશ ભારદ્વાજ, હિમાની જૈન, ઉષા શર્મા, સાહિબ કુમાર, રાખી કુમાર, અશોક પાંડે, રાજેશ કુમાર, અનિલ રાણા, દેવેન્દ્ર કુમારનો સમાવેશ થાય છે. દિલ્હીમાં આમ આદમી પાર્ટી (AAP) ને મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીના ઘણા વરિષ્ઠ નેતાઓએ દિલ્હી મ્યુનિસિપલ કોપ ોરેશન (MCD) માં અલગ જૂથ બનાવવાની જાહેરાત કરી છે. એટલે કે MCDમાં ત્રીજો મોરચો રચાશે અને તેના નેતા મુકેશ ગોયલ હશે. ગયા મહિને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મોટી ઉથલપાથલ થઈ હતી. એમસીડી ચૂંટણીમાં ભાજપના કાઉન્સિલર રાજા ઈકબાલ સિંહ નવા મેયર બન્યા. તેમને ૧૩૩ મત મળ્યા. કોંગ્રેસના ઉમેદવાર મનદીપને માત્ર ૮ મત મળ્યા. AAP એ મેયરની ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો અને પોતાનો ઉમેદવાર પણ ઊભો રાખ્યો ન હતો.

### બિહારમાં ચૂંટણી પહેલા દાવપેચ શરૂ

# ચૂંટણી પહેલા ચિરાગ પાસવાને એનડીએના ધબકારા વધાર્યા

## ચિરાગ પાસવાને પોતે ક્યારેય બેઠકો વિશે કંઈ કહ્યું નથી, પરંતુ તેમનો પક્ષ ઓછામાં ઓછી ૪૦ બેઠકોની માંગ કરી રહ્યો છે



। (એજન્સી) પટણા, તા.૧૭ ।
બિહારમાં વિધાનસભાની ચૂંટણી NDA અને મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીને લઈને સમસ્યા ઊભી થઈ ગઈ છે. LJP-R નેતા ચિરાગ પાસવાન NDAમાં ૪૦ બેઠકોનો આગ્રહ રાખી શકે છે. જ્યારે મહાગઠબંધનમાં, VIP વડા મુકેશ સાહની સતત ૬૦ બેઠકો અને ડેપ્યુટી સીએમ પદની માંગ કરી રહ્યા છે. બંનેમાંથી કોઈનો પણ વિધાનસભામાં કોઈ ધારાસભ્ય નથી. તેથી, તેમને જેટલી પણ બેઠકો મળશે તે કોઈની બેઠક કાપ્યા પછી જ શક્ય બનશે. ચિરાગ પાસવાને પોતે ક્યારેય બેઠકો વિશે કંઈ કહ્યું નથી, પરંતુ તેમનો પક્ષ ઓછામાં ઓછી ૪૦ બેઠકોની માંગ કરી રહ્યો છે. એવું માનવામાં આવે છે કે જો ૩૦-૩૨ બેઠકો સુરક્ષિત થઈ જાય તો બધું બરાબર થઈ શકે છે. ચિરાગ પાસવાને પોતે ઘણી વાર કહ્યું છે કે, 'તેઓ બિહારમાં રાજનીતિ કરવા માંગે છે. તેમના પિતા રામવિલાસ પાસવાન કેન્દ્રીય રાજનીતિ કરતા હતા, પરંતુ મેં રાજ્ય રાજનીતિ કરવાનું મન બનાવી લીધું છે.' હાલમાં વિધાનસભામાં LJP-Rનો કોઈ સભ્ય નથી. ૨૦૨૦ ની ચૂંટણીમાં, પાર્ટીએ ૧૩૪ બેઠકો પર ચૂંટણી લડી હતી. તેમાંથી ફક્ત એક જ ઉમેદવાર ચૂંટાયો હતો. તેઓ પાછળથી જેડીયુમાં પણ જોડાયા. હવે ચિરાગ પાસવાનને NDAમાં જે પણ બેઠકો મળશે, તે કોઈકના પક્ષની બેઠકો હશે જ્યાંથી તેમના ઉમેદવારે ગઈ વખતે ચૂંટણી લડી હશે. ચિરાગના કારણે બેઠકોની વહેંચણી પછી મતવિસ્તારોની પસંદગી NDA માટે સમસ્યાઓ ઊભી કરશે. ચિરાગને જે બેઠકો જોઈએ છે તે જોઈએ છે, આ વધુ મુશ્કેલ કાર્ય છે. આવી સ્થિતિમાં, તણાવ શક્ય છે. મહાગઠબંધનમાં પણ VIPની એન્ટ્રી બાદ સીટ શેરિંગમાં સમસ્યા છે. મુકેશ સાહની પોતાની પાર્ટીના VIP માટે ૬૦ બેઠકો અને પોતાના માટે ડેપ્યુટી સીએમ પદની માંગ કરી રહ્યા છે.

## પૂણે ૨૦૨૩ના IED કેસમાં NIAની મોટી કાર્યવાહી



। (એજન્સી) પૂણે, તા.૧૭ ।
રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) એ એક મોટી કાર્યવાહી કરતાં પ્રતિબંધિત આતંકી સંગઠન આઈએસઆઈએસના સ્લીપર મોડ્યુલના બે આતંકીઓની ધરપકડ કરી લીધી છે. આ ધરપકડ ૨૦૨૩ માં મહારાષ્ટ્રના પૂણેમાં ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) બનાવવા અને ટેસ્ટ કરાવવા મામલે ધરપકડ કરાઈ છે. ધરપકડ કરાયેલા વ્યક્તિઓની ઓળખ અબ્દુલ ફૈયાઝ શેખ ઉર્ફે ડાયપરવાલા અને તલ્હા ખાન તરીકે થઈ છે. બંનેને મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ ૨ના ઈમિગ્રેશન બ્યુરોએ તે સમયે પકડ્યા હતા જ્યારે તે ઈન્ડોનેશિયાના જાકાર્તાથી ભારત પાછા આવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તે ઘણા સમયથી જાકાર્તામાં છુપાયેલા હતા. હવે એનઆઈએની ટીમે તેમની ધરપકડ કરી લીધી છે. NIAના સત્તાવાર નિવેદન અનુસાર, આ ધરપકડ ૨૦૨૩ માં પુણેમાં નોંધાયેલા એક કેસ સાથે જોડાયેલી છે, જેમાં ISIS સ્લીપર સેલ દ્વારા IED બનાવવા અને પરીક્ષણ કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. આ કેસમાં અબ્દુલ્લા ફૈયાઝ શેખ અને તલ્હા ખાનને ભાગેડુ જાહેર કરવામાં આવ્યા હતા, અને NIA એ તેમની ધરપકડ માટે પહેલાથી જ ૩ લાખ રૂપિયાના રોકડ ઈનામની જાહેરાત કરી હતી.

### તુર્કિયેને અબજોનો ફટકો

# પાકિસ્તાનનો સાથ તૂર્કિયેને ભારે પડશે! અનેક ડેસ્ટિનેશન વેડિંગ રદ

## ભારતીય લોકોના લગ્નોને લીધે તુર્કિયેને વાર્ષિક લગભગ ૧૨૦૦ કરોડ રૂપિયાની આવક થતી હતી, જે બંધ જશે



। (એજન્સી) તુર્કિયે, તા.૧૭ ।
હજુ હમણાં સુધી તુર્કિયે ભારતીયોનું મનગમતું પ્રવાસન સ્થળ હતું, પણ ભારત-પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષમાં તુર્કિયેએ પાકિસ્તાનો પક્ષ લેતા ભારતીયોએ 'બોયકોટ તુર્કિયે'નો એવો તો સપાટો બોલાવ્યો કે તુર્કિયે ખળભળી ઊઠ્યું. ઓપરેશન સિંદૂરની ઘટના પછી ૨૦૦૦ ભારતીયોએ તુર્કિયેનો પ્રવાસ રદ કરી દીધો છે. એ પછી ભારતના વેપારીઓ, રિટેલર્સ અને ટોચના ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સે વ્યાપક બહિષ્કાર કરીને તુર્કિયેના માલનું વેચાણ બંધ કરતાં તુર્કિયેને બહુ મોટું આર્થિક નુકશાન થયું છે. હવે એક ત્રીજા મોરચે પણ ભારતના લોકોએ તુર્કિયેનો હાથ આમળ્યો છે, અને તે છે 'ડેસ્ટિનેશન વેડિંગ'નું કેન્સલેશન. છેલ્લા થોડા વર્ષોમાં ભારતીયોમાં ડેસ્ટિનેશન વેડિંગનો ક્રેઝ જામ્યો છે. લોકો દેશ-વિદેશના રમણીય સ્થળોએ લગ્ન સમારંભો યોજે છે અને ધૂમ પૈસો ઉડાવે છે. લગ્ન કરવા માટે તુર્કિયે પણ ભારતીયોની પસંદનું સ્થળ હતું. ભારતીય લોકોના લગ્નોને લીધે તુર્કિયેને વાર્ષિક લગભગ ૧૨૦૦ કરોડ રૂપિયાની આવક થતી હતી, જે હવે બંધ થઈ જશે, કેમ કે હવે ભારતીયો તુર્કિયે ખાતેના 'ડેસ્ટિનેશન વેડિંગ' રદ કરી રહ્યા છે. આંકડાઓ પર નજર નાંખીએ તો, વર્ષ ૨૦૦૪ માં તુર્કિયેમાં ૫૦ ભારતીય લગ્નોનું આયોજન થયું હતું. પ્રત્યેક લગ્નમાં સરેરાશ ૩ મિલિયન ડોલર એટલે કે ૨૫ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. એ હિસાબે જોઈએ તો એકલા ગયા વર્ષમાં જ ભારતીયોએ તુર્કિયેને લગભગ ૧૨૦૦ કરોડ રૂપિયાની આવક કરી આપી હતી. ત્યાં યોજાયેલા ભારતીયોના અમુક લગ્નો તો એટલા ભવ્ય હતા કે એનો ખર્ચો ૮ મિલિયન ડોલર (૬૮ કરોડ રૂપિયા) સુધી પહોંચી ગયો હતો. હવે આ આવક બંધ થતાં તુર્કિયેને ચોક્કસપણે ફટકો પડશે.

### પાકિસ્તાને ૬૦૦થી વધુ ડ્રોનનો વરસાદ કર્યો હતો

# સસ્તા હથિયારોથી તોડી પાડ્યા હતા પાકિસ્તાનના ૬૦૦થી વધુ ડ્રોન



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।
પાકિસ્તાને ભારતમાં ડ્રોનનો વરસાદ કર્યો હતો પરંતુ તે પોતાના ઈરાદાઓમાં સફળ થઈ શક્યું નહીં. મળતી માહિતી મુજબ પાકિસ્તાને ૬૦૦થી વધુ ડ્રોનનો વરસાદ કર્યો હતો. જેને ભારતની મજબૂત એર ડિફેન્સ સિસ્ટમે તોડી પાડ્યા હતા. ટીઓઆઈના એક સમાચાર મુજબ ઓપરેશન સિંદૂરની તૈયારી સાથે ભારતે પાકિસ્તાન સાથે જોડાયેલી સરહદે ઝડપથી આ રક્ષા કવચને પણ તૈનાત કર્યું હતું.

રિપોર્ટ મુજબ ભારતે એક હજાર આસપાસ એડી ગન સિસ્ટમ અને ૭૫૦ શોર્ટ એન્ડ મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ તૈનાત કરાઈ હતી. રડારથી લેસ આ સિસ્ટમ અલગ અલગ આકારના દુશ્મનના ડ્રોન અને મિસાઈલને નિશાન બનાવવા માટે તૈનાત કરાઈ હતી. અનેક તબક્કાવાળા આ એર ડિફેન્સ નેટવર્કને યુદ્ધ જેવી તૈયારીઓ હેઠળ એલર્ટ કરાઈ હતી. જેથી કરીને પાકિસ્તાનના ડ્રોન અને મિસાઈલોને હવામાં જ તોડી પાડી શકાય.

આ મામલે સેનાના એક અધિકારીએ કહ્યું કે આ ઓપરેશન દ્વારા માત્ર સૈન્ય ઠેકાણાઓની કે સરકારી સંસ્થાનોની સુરક્ષા મજબૂત કરાઈ એવું નથી પરંતુ આ સાથે ડ્રોન હુમલાઓને ક્યારેય નિષ્ફળ ન કરી શકવાનો ભ્રમ પણ તોડી નાખ્યો. પાકિસ્તાનથી આવેલા અસંખ્ય ડ્રોનને ભારતની સ્વદેશી ટેક્નોલોજીથી લેસ એર ડિફેન્સ સિસ્ટમે ધ્વસ્ત કરી દીધા. પાકિસ્તાનની એવી ચાલ હતી કે વિસ્ફોટકોથી લદાયેલા આ ડ્રોનના અલગ અલગ ઝૂંડને છોડશે અને ભારત ગૂંચવાશે તથા તેની મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ પણ તેને ટ્રેક કરી શકશે નહીં. પરંતુ ભારતના એડી રડાર નેટવર્કે તેના મનસૂબા ધ્વસ્ત કર્યા.

ભારતીય સેનાની સિસ્ટમે દેખાડી દીધુ કે તેઓ ઈચ્છે તો સરહદથી કોઈ ચકલું પણ પ્રવેશ કરી શકે નહીં. ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં આવા ડ્રોન હુમલાઓની આશંકા વચ્ચે જબરદસ્ત તૈયારી કરી છે. ભારત બે મોરચે એક સાથે જંગની સ્થિતિ માટે પણ પોતાની યુદ્ધ તૈયારીઓને મજબૂત કરી રહ્યું છે. પાકિસ્તાનની રણનીતિ ભારતને મજબૂત એર ડિફેન્સ ગ્રિડ, રિયલ ટાઈમ ઈન્ટેલિજન્સ માહિતી આપનારી સિસ્ટમ અને એરબેસને નિશાન બનાવવાની હતી. પરંતુ તેની ચાલ સફળ ન થઈ. પાકિસ્તાની ડ્રોનની આર્મીને ખતમ કરવા માટે એસ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમ કે મ્ફ્રિટ્રા-૮ સ્ઈ-જીછ૨ની મોંઘી મિસાઈલોનો ઉપયોગ થયો નથી. કે ન તો દર વખતે રડાર સિસ્ટમને એક્ટિવ રખાઈ. જેથી કરીને દુશ્મનને આવા ઈલેક્ટ્રોનિક સિગ્નલ્સ દ્વારા લોકેશન ન મળે.

આજના હાઈટેક યુદ્ધમાં નબળા મનાતા એડી વેપન્સ સિસ્ટમ જેમ કે એલ-૭૦ એન્ટી એરક્રાફ્ટ ગન, જેડયુ-૨૩ એમએમ ડબલ બેરલ ગન અને અપગ્રેડેડ શિચિકા સિસ્ટમે જ દુશ્મનોનો કામ તમામ કરી દીધુ. આવા ઓછા અંતરના અને નીચાણવાળા વિસ્તારોમાં ઉડતા ડ્રોનને હવામાં જ ચકનાચૂર કરી નાખ્યા.

# હું નથી ઈચ્છતો કે જસપ્રીત બુમરાહ કેપ્ટન બને : શાસ્ત્રી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।
રોહિત શર્માના ટેસ્ટમાંથી નિવૃત્તિ બાદ, આ ફોર્મેટમાં નવા કેપ્ટનને લઈને એક નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. રોહિત પછી ટેસ્ટ કેપ્ટન તરીકે ફક્ત એક નહીં પરંતુ ચાર નામોની ચર્ચા થઈ રહી છે. આમાં શુભમન ગિલ અને ઋષભ પંતના નામ સૌથી વધુ ચર્ચામાં છે. એવું માનવામાં આવે છે કે શુભમન ગિલનું નામ લગભગ નક્કી છે, પરંતુ કેપ્ટનશીપની રેસમાં રહેલા જસપ્રીત બુમરાહ અને રવિન્દ્ર જાડેજાના નામ પર પણ વિચારણા કરવામાં આવી રહી છે. સુનીલ ગાવસ્કર, રવિચંદ્રન અશ્વિન અને સંજય માંજરેકર જેવા દિગ્ગજ ખેલાડીઓ જસપ્રીત બુમરાહને ટેસ્ટ કેપ્ટન તરીકે જોવા માંગે છે, પરંતુ ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કોચ રવિ શાસ્ત્રીનો મત અલગ છે. રવિ શાસ્ત્રીએ ICC રિવ્યૂમાં કહ્યું હતું કે, ભારતીય ટીમને હવે નવો અભિગમ અપનાવવાની જરૂર છે. આવી સ્થિતિમાં, ભવિષ્યને ધ્યાનમાં રાખીને ટીમના કેપ્ટનની પસંદગી કરવી જોઈએ. આ મામલે રવિ શાસ્ત્રીએ વધુમાં કહ્યું કે, ટેસ્ટ કેપ્ટનશીપનો બોજ જસપ્રીત બુમરાહ પર ન નાખવો જોઈએ, તેના બદલે શુભમન ગિલ અને ઋષભ પંત જેવા યુવા ખેલાડીઓને તક આપવો જોઈએ,જેમની પાસે ભવિષ્યમાં ટીમનું નેતૃત્વ કરવાની ક્ષમતા છે.

# કરોડો રૂપિયાની સંપત્તિનો માલિક છે ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।
નીરજ ચોપરાએ શુક્રવારે દોહા ડાયમંડ લીગમાં ૯૦.૨૩ મીટર ભાલા ફેંકીને પોતાનો વ્યક્તિગત શ્રેષ્ઠ દેખાવ કર્યો. અગાઉ તેનો શ્રેષ્ઠ થ્રો ૮૯.૯૪ મીટર હતો, જે તેણે ૩૦ જૂન ૨૦૨૨ના રોજ સ્ટોકહોમ ડાયમંડ લીગમાં ફેંક્યો હતો. શ્રેષ્ઠ થ્રો હોવા છતાં, નીરજ ચોપરાને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો. જર્મનીના વેબર જુલિયને ૯૧.૦૬ મીટર સાથે ગોલ્ડ મેડલ જીત્યો. છમાંથી પાંચમા થ્રો સુધી નીરજ નંબર વન પર હતો, પરંતુ છઠ્ઠા અને છેલ્લા થ્રોમાં જુલિયન તેને પાછળ છોડ્યો. તમને જણાવી દઈએ કે નીરજ ચોપરા ભારતના સફળ અને ધનિક ખેલાડીઓમાંથી એક છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૨૦૨૪ સુધીમાં નીરજ ચોપરાની કુલ સંપત્તિ લગભગ ૪.૫ મિલિયન ડોલર (લગભગ ૩૮.૫ કરોડ રૂપિયા) છે. નીરજ ચોપરાની નાણાકીયસફળતા મેચ ફી અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટમાંથી થતી નોંધપાત્ર કમાણી દ્વારા પ્રેરિત છે. ભારતમાં ક્રિકેટરોના વર્ચસ્વ વચ્ચે નીરજ ચોપરાએ પોતાની એક અલગ ઓળખ બનાવી છે. જાહેરાતની દુનિયામાં નીરજ ચોપરાનો જબરદસ્ત પ્રભાવ જોવા મળી રહ્યો છે.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**
**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**
**ઈ-ટેન્ડર સૂચના ક્રમાંક:** Sr. DEE/TR/ADI/08(2025-26) **તારીખ** 15.05.2025 **ટેન્ડર ક્રમાંક:** TRD-ADI-T-02R-2025-26 **કામનું નામ:** અમદાવાદ વિભાગમાં હાલના સ્ટીલ ગર્ડરને આરસીસી પીએસસી યુ ટાઇપ સ્લેબ અને નવા સ્ટીલ ગર્ડરથી બદલવાની **અંદાજિત કિંમત:** ₹1,32,15,090.50/- **અર્નેસ્ટ મની:** ₹2,16,100/- **જમા કરાવવાની તારીખ અને સમય:** 13.06.2025 ના 15.00 કલાક પછી નહીં. **ખુલવાની તારીખ અને સમય:** 13.06.2025 ના 15.30 કલાકે. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ.આર.), ચામુંડા પુલ પાસે; જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in
041
અમને લાઇક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...

# ઓડિશામાં કમોસમી વરસાદે કહેર વરસાવ્યો

ઓડિશામાં ભારે વરસાદમાં પડેલી વીજળીના કારણે ૧૦ લોકોનું અકાળે મોત થયું છે. વીજળી પડવાના કારણે અનેક લોકો ઘાયલ થયા હોવાની જાણકારી પ્રાપ્ત થઈ છે. ઘાયલ લોકોને સત્વરે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. વીજળી પડવાના કારણે ઓડિશાના કોરાપુટના ત્રણ, ગંજમ, જાજપુર અને ઢેંકાનાલ જિલ્લામાં બે-બે લોકોનું મોત થયું છે, જ્યારે ગજપતિમાં પણ એક વ્યક્તિનું મોત થયું છે. મૃતકોમાં ૬ જેટલી મહિલાઓનો પણ સમાવેશ થાય છે.હવામાન વિભાગમાં હજી પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, આ સાથે આગામી બે દિવસ માટે ઓડિશાના અનેક જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શુક્રવારે ઓડિશાના અનેક જિલ્લાઓમાં વરસાદ સાથે સાથે વાવાઝોડું પણ આવ્યું હતું. જેમાં અલગ અલગ વિસ્તારમાં પડેલી વીજળીના કારણે ૧૦ લોકોનુ મોત પણ થયું છે. જેના કારણે પરિવારમાં શોકની લાગણીઓ છવાઈ હતી.ઘટનાની વાત કરવામાં આવે તો, કોરાપુર જિલ્લામાં આવેલા ભારે વરસાદના કારણે લક્ષ્મીપુર વિસ્તારમાં અચાનક પડેલી વીજળીના કારણે ત્રણ લોકોના મોત થયાં છે. મૃતકોમાં ઓડિયાપેંટા પંચાયતના પોરડીગુડા ગામની એક વૃદ્ધ મહિલા અને તેની પૌત્રીનો પણ સમાવેશ થાય છે. આ ઘટના અંગે પોલીસ દ્વારા આપવામાં આવેલી જાણકારી પ્રમાણે મૃતક મહિલાની ઓળખ ૬૦ વર્ષીય બુરુડી મંડિંગા અને તેની પૌત્રી કાશા મંડિંગા તરીકે થઈ છે.લક્ષ્મીપુર વિસ્તાર સિવાય કોરાપુરના કંબરાગુડા ગામમાં રહેવાશી અંબિકા કાશી પર પણ વીજળી પડી હતી. ખેતરમાં કામ કરતી વખતે તેમને પર વીજળી પડવાથી ઘટનાસ્થળ પર જ મોત થયું હતું. ઢેંકાનાલ જિલ્લાના કામાખ્યાનગર બ્લોકના કુસુમંડિયા ગામમાં વીજળી પડવાથી એક મહિલાનું મોત થયું છે. જ્યારે આ જ જિલ્લાના ગોંદિયા પોલીસ હદ હેઠળના કાબેરા ગામમાં પણ વીજળી કારણે એક યુવકનું મોત થયું. આ સાથે ગંજમમાં પણ ભારે વરસાદના કારણે વીજળી પડી જેના કારણે એક યુવતીનું મોત થયું હતું. આ દરેક કેસમાં પોલીસે આગળની તપાસ હાથ ધરી દીધી છે.

### અમિત શાહે નવી દિલ્હીના નોર્થ બ્લોક ખાતે નવા મલ્ટી એજન્સી સેન્ટર (MAC)નું ઉદ્ઘાટન કર્યું

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીના નોર્થ બ્લોક ખાતે નવા મલ્ટી એજન્સી સેન્ટર (MAC)નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે ઓપરેશન સિંદૂર એ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિ, ગુપ્તચર એજન્સીઓની સચોટ માહિતી અને આપણા ત્રણેય સશસ્ત્ર દળોની અચૂક પ્રહાર ક્ષમતાનું અનોખું પ્રતીક છે. તેમણે કહ્યું કે ભારતને તેના ત્રણ સશસ્ત્ર દળો, સરહદ સુરક્ષા દળ અને તમામ સુરક્ષા એજન્સીઓ પર ગર્વ છે. કર્રેગટ્ટુલુ હિલ્સ (KGH) માં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF) દ્વારા હાથ ધરવામાં આવેલા ઐતિહાસિક નક્સલ વિરોધી ઓપરેશન્સ વિશે બોલતા, કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે નક્સલવાદીઓ સામેના આ ઐતિહાસિક ઓપરેશન્સ આપણા સુરક્ષા દળો વચ્ચે ઉત્તમ સંકલન દર્શાવે છે. શ્રી શાહે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન પણ આવું જ સંકલન જોવા મળ્યું હતું, જે દર્શાવે છે કે કાર્ય હાથ ધરવા માટે આપણી ગુપ્તચર એજન્સીઓ અને ત્રણેય સશસ્ત્ર દળોની પ્રક્રિયા અને વિચારસરણીમાં ખૂબ જ સારું સંકલન છે.

**વડાપ્રધાને ત્રણેય પાંખનાં વડાઓને છૂટ આપી દીધી! ત્રણેય પાંખના વડા તેમજ જવાનોએ કાબિલે દાદ કામગીરી કરીને આખું આતંકી ઓપરેશન પાર પાડયું!**

# સિંહની દહાડાથી જેમ આખું જંગલ ધ્રુજી ઉઠે! એમ ઓપરેશન સિંદુરથી વિશ્વ ધ્રુજી ઉઠ્યું!




સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ચીન પણ ભારત જેમ બહુ મોટી આબાદી ધરાવતો દેશ છે, અને એનું મેન્યુફેક્ચર ડિપાર્ટમેન્ટ બહુ જબરજસ્ત છે, એટલે કે વર્લ્ડમાં મોટાભાગે જે ઈલેક્ટ્રોનિક સાધનો બને છે, એનાં મોટાભાગનાં પાર્ટ ચીન બનાવે છે, અને એમાંથી સારી આવક ઉભી કરે છે, આ ઉપરાંત આ સ્પેર પાર્ટસ પર દરેક દેશ સારો એવો ટેક્સ ભરીને એની પાસેથી ખરીદે છે, હવે આ વાતનો ચીન એ સોશ્યલ મીડિયા પર ઉંધો પ્રચાર કર્યો.**

દરેક ચેનલો અને પ્રિન્ટ મીડિયા એ ૨૨/૪ ની ઘટનાં, જેમ જ ભારતે ૬/૫ એ કરેલી એર સટ્રાઈક એટલે કે સિંદુર ઓપરેશનની સ્ટોરીને આબેહૂબ કવર કરી! અને આતંકી દુર્ઘટના વખતે ધર્મને નામે જે કાંડ સર્જ્યો હતો! સૌભાગ્યવતી સ્ત્રીનાં પતિનું મસ્તક કાપીને કહ્યું હતુ કે, જા મોદીને કહેજે! આ બાબતે ભારતની ૧૪૦ કરોડ જનતાએ પણ જબરો જુવાળ બતાવ્યો, અને કહ્યું કે જવાબ આપવો જ જોઈએ, અમે તમારી સાથે છીએ! વડાપ્રધાને ત્રણેય પાંખનાં વડાઓને છૂટ આપી દીધી! ત્રણેય પાંખના વડા તેમજ જવાનોએ કાબિલે દાદ કામગીરી કરીને આખું આતંકી ઓપરેશન પાર પાડયું! તેમજ પાકિસ્તાનનું નાક બરોબરનું દાબ્યું કે, બે દિવસમાં તો એ ઘૂંટણિયે પડી ગયું, અને ચારેબાજુ મદદ માટે દોડવા લાગ્યું! ભારતની પ્રજા સહિત દુનિયાએ ભારતનું નવું રુપ જોયું કે જે હવે આતંકને નાથવા ઘરમાં ઘૂસીને ખાત્મો બોલાવશે. પ્રત્યક્ષ રૂપે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં તુર્કીને છોડીને કોઈ એની પડખે ઉભું નહીં! હાં અંદર ખાનેથી ચીન એને મદદ કરતું હતું! એનું જેટ ૧૦ સી એની સાબિતી છે, અને એ બહુ સ્વાભાવિક છે! કારણકે આટલી આબાદી છતાં ભારતની ઈકોનોમી દિવસે દિવસે સ્ટ્રોંગ થતી જાય છે, એટલે ઈર્ષા તો થાય જ! અને આમ જુવો તો આ આખી એક ‘‘મની ગેમ‘‘ જ હતી! ન સમજ્યાં? ચાલો થોડુંક સુક્ષ્મ સ્તરે જઈએ.

ચીન પણ ભારત જેમ બહુ મોટી આબાદી ધરાવતો દેશ છે, અને એનું મેન્યુફેકચર ડિપાર્ટમેન્ટ બહુ જબરજસ્ત છે. એટલે કે વર્લ્ડમાં મોટાભાગે જે ઈલેક્ટ્રોનિક સાધનો બને છે, એનાં મોટાભાગનાં પાર્ટ ચીન




બનાવે છે, અને એમાંથી સારી એવી આવક ઉભી કરે છે, આ ઉપરાંત આ સ્પેર પાર્ટસ પર દરેક દેશ સારો એવો ટેક્સ ભરીને એની પાસેથી ખરીદે છે. હવે આ વાતનો ચીન એ સોશ્યલ મીડિયા પર ઉંધો પ્રચાર કર્યો, અને ક્રેડિટ લેવાની કોશિશ કરી.અમેરિકા તેમજ યુરોપના ફ્રાન્સ સહિતના દેશોએ ચીનને ઉછળતું રોકવા એક બહુ મોટો નિર્ણય કર્યો અને ટેરિફ મુદ્દે વાંધો પડ્યો એમ કરીને એક નિર્ણય કર્યો, અને આ આખી ઘટના માટે એ નિર્ણય જવાબદાર બન્યો! એટલે કે અમેરિકા સહિતની સ્ટ્રોંગ ઈકોનોમી ધરાવતાં દેશો એ, આ બધાં મેન્યુફેકચર પ્લાન્ટ ભારતમાં નાખવાનું નક્કી કર્યું, કારણકે ભારતની આબાદીને કારણે મેન પાવર એને અહીં બહુ સરળતાથી પ્રાપ્ત થાય ! જ્યારે ભારત અને ચીન સિવાયના દેશોમાં મિનિમલ વેઈજ ની વાત છે, એટલે શ્રમજીવી વર્ગને કલાકના અમુક ડોલર કે જે તે કરન્સી હોય એ લેખે તો આપવા જ પડે! અને જો આપે તો એને નફો ઓછો થાય, અને ન આપે તો કાયદો નડે! એટલે ભારત એક સુરક્ષિત અને અને આસાનીથી અંડર કન્ટ્રોલ થઈ શકે એવો દેશ દેખાયો! હવે આ વાતની જાણ ચીનને થઈ, અને એણે કાશ્મીરના આતંકીઓને ઉશ્કેરી આતંકવાદના મુદ્દે ભારતને ડીસ્ટ્રેક કર્યું, અને વિશ્વનાં અન્ય દેશોને પણ બતાવ્યું કે ચીન સાથે દુશ્મની મોંઘી પડશે. આ ઉપરાંત જો યુદ્ધ ખેંચાય તો ભારતની ઈકોનોમી દસ વર્ષ પાછળ ચાલી જાય! આમ એક કાંકરે બે પક્ષી મારવાં કોશિશ કરી. પાકિસ્તાનની આંખે ધર્મની વાત પર અંધત્વ છવાયેલું રહે છે, અને એમાં એ માનવતાની બાબતમાં સાવ તળિયે પહોંચી જાય!: પણ અહીં જ પાકિસ્તાન અને ચીન માત ખાઈ ગયું. ભલે જવાબ આપવામાં ૧૫ દિવસનો સમય ગયો, પણ વડાપ્રધાને અને સૈન્યએ જબરદસ્ત પ્લાનિંગ કર્યું. દુનિયાના બધા જ દેશો ભારતની ડિફેન્સ સીસ્ટમ તેમજ ભારતનાં જુવોનોનુ શૌર્ય જોઈ ચકિત થઈ ગયાં, અને ભારતનાં ૧૪૦ કરોડ દેશવાસીઓનો એક જ સૂર હતો, કે હવે આ પાકિસ્તાનને નામે ચાલતાં આતંકીસ્તાનને પૂરું કરો! સૈન્યનાં વડાંઓએ પણ વડાપ્રધાનને કહ્યું કે, માત્ર થોડાં કલાકોનો સવાલ છે! જો અનુમતિ મળે તો વિશ્વનાં નકશામાંથી એને નેસ્તો નાબુદ કરવાની તાકાત ભારત ધરાવે છે, અને એ ડિફેન્સના ઉપકરણો વિશે વાત કરી ત્યારે જોયું.

આપણાં વડાપ્રધાન ભલે નાગર નથી, પણ વડનગરમાં માત્ર જન્મ લીધેલ હોવાથી મુત્સદીમાં એને કોઈ પહોંચી શકે નહીં! એણે વિચાર્યું આટલાં લાંબા સમયથી સરહદ પર ચાલતાં છમકલાંને બંધ કરવાનો આ યોગ્ય સમય છે, અને એ રીતે એણે ધોબીપછાડ આપી, એની ગેમ એને માથે નાખીને આ તકનો લાભ લઈને, એનાં ઘરમાં જઈને ખૂંખાર આતંકવાદીઓને ઠાર માર્યા ! અને સૈન્યમાં છુપ ાયેલા આતંકવાદીને વિશ્વ સમક્ષ દેખાડી પાકિસ્તાની ખરાબ માનસિકતાને ખુલ્લી કરી! આર્થિક રીતે આટલી કંગાળ હાલત હોવા છતાં આતંકવાદને પ્રોત્સાહન આપવાં બદલ નેતાઓ પાકિસ્તાની જનતાની નજરમાં પણ ઉતરી ગયાં! જ્યારે એમણે આખી ઘટનાની પ્રેસ કોન્ફરન્સમાં વ્યોમિકા સિંહ અને સોફિયા કુરેશીને સામેલ કરી દેશમાં વસતા મુસ્લિમોને સંદેશો આપ્યો કે, મારો ટાર્ગેટ મુસ્લિમ નથી, માત્ર આતંકવાદને ખતમ કરવાનો છે. છપ્પનની છાતી વાળાએ યુદ્ધ વિરામ માટે શું કામ સંમતિ આપી? સીઝ ફાયર એ કાયરતાની નિશાની છે! ભૂતકાળમાં પણ આપણે એ ભૂલ કરી છે! વગેરે વગેરે કોમેન્ટને ખોટી એંઠમા આવ્યાં વગર નજર અંદાજ કરી, કારણકે એનું લક્ષ્ય કોમન મેનની જરુરીયાત છે, આઝાદીના આટલા વર્ષે ભારતના વિકાસ આડે પોતાના નીજી અભિમાનને લાવી શકાય નહીં! ભારતમાં રામરાજ્ય થાય એવું મહાત્મા ગાંધી જેમ કેટલાય લોકોનું સ્વપ્ન છે, અને એટલે યુદ્ધ એ કોઈ બુદ્ધનો નિર્ણય હોઈ જ ન શકે! આ વાત એ બહુ સારી રીતે જાણે છે. ઉપરથી જનતાનો આ જુવાળ સોડા બોટલના ઉભરા જેવો હોય છે! એટલે ફીણ બેસી જાય પછીની હાલતને એણે નજરમાં રાખીને દરેક નિર્ણય કર્યા! અને પાછું જુદાં જુદાં બધાં જ ઉપકરણોના ધડાકા કરી દુનિયાને આપણી શક્તિનો અંદાજ આપી દીધો! ભલે બંદુક પાકિસ્તાનને માથે રાખી, પણ નિશાન બધાને બનાવ્યા! દાખલા તરીકે સિંહ શિકાર કરવા નીકળે ત્યારે એ દહાડે તો એની ગર્જના આખાં જંગલનાં પ્રાણીઓ સાંભળે, બિલકુલ એ જ રીતે ભારતના જુવાનોના શૌર્યની ગર્જનાનો અહેવાલ નરેન્દ્ર મોદીએ દુનિયાને આપી દીધો! એટલે કે યુદ્ધ પહેલાં જ હાઈ લાઈટ બતાવી દીધી કે, હવે અમારી અડફેટે આવશે એને અમે છોડીશું નહીં! અને એનું આ નિશાન લક્ષ્ય પર લાગ્યું! એટલે ચીન પણ ડરી ગયું અને ભવિષ્યની સૈન્યની તાકાત રુપે આવનારા રોબર્ટ્ આર્મીથી અમેરિકા પણ ચકિત થઈ ગયું! એણે વૈશ્વિક મંચ પરથી કહ્યું કે ભારત આતંક બાબતે કોઈની મધ્યસ્થી નહીં સ્વીકારે. આ ઉપરાંત એણે પાકિસ્તાનનાં સામાન્ય સિવિલીયનને એકપણ વખત ટાર્ગેટ કર્યા નહીં, અને આમ ભારતની ખરી અસ્મિતાનું દર્શન પણ કરાવ્યું.

આમ પણ ‘‘ગામનાં મોઢે ગરણું બાંધવા ન જવાય’’, એ કહેવતનું એણે બખૂબી પાલન કર્યું. ઘર ચલાવનાર દરેકને ખબર જ હશે કે, એક પાંચ વ્યક્તિ વાળા પરિવારનું ભરણ પોષણ કરવા માટે એણે કેટલું કેટલું આયોજન કરવું પડતું હોય છે!; એ આપણે સૌ ક્યાં નથી જાણતા? તો આ તો ૧૪૦ કરોડનો પરિવાર અને એની માટેનું આયોજન કંઈ સહેલી વાત નથી.કોરોના આવ્યો ત્યારે, અન્ય દેશની સરખામણીમાં ભારતે સૌથી વધુ લોકટ ડાઉન રાખ્યું હતું! કારણકે આ વાયરસની ખાસિયત હતી કે એ સંપર્કમાં આવે એટલે વિસ્તરે! અને એટલે આપણી આબાદીને કારણે એમણે આ નિર્ણય લેવો પડ્યો! અને છતાં શ્રમજીવીઓ માટે બે વર્ષ રેશન મફત કર્યું! વેક્સિન મફત કરી! પરિસ્થિતિ બેકાબૂ ન બને માટે એસી ડોનની વ્યવસ્થા કરી ઓક્સિજન સીલીન્ડર વેન્ટિલેટર બધાં માટે સ્પેશિયલ ટ્રેન દોડાવી ! સ્પેશિયલ જેટ પ્લેન દ્વારા બહારથી ઈન્જેકશન મંગાવ્યા! આ ઉપરાંત નવું ભારત એકેય ક્ષેત્રે અન્યની ઉપર આધારિત ન રહે એ માટે એણે દરેક એજન્ડા પર કમિટી નીમી વ્યુહાત્મક કાર્ય કર્યું! વડાપ્રધાન જાણે છે કે ચંદ મુઠ્ઠીભર ધનવાન સિવાય ભારતમાં આમ આદમીની વસ્તી વધું છે, માટે આ બધું જ આમ જનતા માટે છે, અને આ વખતે યુદ્ધ વિરામનો નિર્ણય પણ આ જ આમ આદમીને નજરમાં રાખીને લીધો. જય હિન્દ.

**તપ કરવાથી પરમાત્માને દયા આવે છે, તપનું પહેલું અંગ છે જીભ ઉપર અંકુશ જેને જરૂરિયાત વધારે છે તે તપ કરી શકશે નહીં, આજકાલ લોકો ને જરૂરિયાત વધારે છે**

# જીવનરૂપી પક્ષી વિષયરૂપી ફળ ખાય છે તેથી તે દુઃખી છે



વિશેષ
ચરાપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ઈશ્વર માટે લૌકિક સુખનો પણ ત્યાગ ન કરે ત્યાં સુધી તે જીવ માટે પ્રભુને દયા આવતી નથી, સર્વનો ત્યાગ કરી વિદુરજી-સુલભા પરમેશ્વરનું આરાધન કરે છે, તપ કરે છે, તપ કરવાથી પાપ બળે છે,જીવ શુદ્ધ થાય છે, ગૃહ સ્થનો ધર્મ છે કે,વર્ષમાં અગિયાર માસ ઘરમાં રહેવું, એક માસ કોઈ પવિત્ર તીર્થમાં પવિત્ર સ્થળે એકાંતમાં બેસી તપ કરવું.**

રશિયા યુક્રેન વચ્ચે લગભગ ઘણા સમયથી યુદ્ધ ચાલે છે ઈઝરાઈલ હમાસ એકબીજાના કટ્ટર વિરોધી પાકિસ્તાન ભારત હિન્દુ મુસ્લિમ પહેલગામ પર્યટકો પર થયેલા આતંકી હુમલા, ભૂકંપ પછીની વિહવળતા વચ્ચે એવું કહેવાનું મન થાય છે કે માનવી માનવ થાય તો ઘણું.. આવું જે તે સમયે કેમ કહયું હશે તે આ બધું જોઈને સમજાય છે. આપણે ઘણીવાર કુદરત પર રોષ હ્દર્ય મનનો ઉકળાટ કાઢતા હોઈએ છીએ કે હું બહુ નિષ્ઠા પ્રામાણિકતાથી એક એક ક્ષણ પસાર કરું છું છતાં દુઃખી છું અને આ લોકો પાપ કર્મો કરવા છતાં સુખી આવું કેમ? ત્યારે કુદરત સાચો જવાબ આપે છે કે તારું દુઃખએ માનસિકતા ભ્રમ છે અને જે સુખ તને લાગે છે તે તું વાસ્તવિકતા જોઈશ તો તું એ રીતે પણ દુઃખી થઈશ માટે જે થયું તે સારું જે થશે એ સારું. તું તારે તારું કર્મ કર્યે જા ફળની આશા ન રાખ. આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએતો મનુષ્યનું જીવન પવિત્ર બનશે,તો ભગવાન વિના આમંત્રણે તેમના ઘરેઆવશે વિદુરજીને ત્યાં ભગવાન વિના આમંત્રણે પધાર્યા છે.જે જે પરમાત્માને માટે જીવે તેને ત્યાં પરમાત્મા આવે છે.એવું કીર્તન કરો કે, ભગવાન આવીને તમારા ઘરનો દરવાજો ખખડાવે. બહાર ઊભે ઊભે બે કલાક થયા. સખત ભૂખ લાગી હતી.આ લોકો ક્યાં સુધી કીર્તન કરશે?આ લોકોનું કીર્તન પૂરું થાય તેમ લાગતું નથી. પ્રભુએ વ્યાકુળ થઈ ઝૂંપડીનો દરવાજો ખખડાવ્યો. કાકા,હું આવ્યો છું. બારણું ઊઘાડ્યું ત્યાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં.અતિ હર્ષ ના આવેશમાં આસન આપ્યું નથી. પ્રભુએ હાથે દર્ભનું આસન લીધું.વિદુરજીને હાથ પકડીને બેસાડયા. ઈશ્વર જેને આપે છે, તેનું માન ટકે છે ભગવાન કહે છે, હું ભૂખ્યો થયો છું મને ભૂખ લાગી છે.કાંઈક ખાવા આપો ભક્તિમાં એટલી શક્તિ છે કે નિષ્કામ ભગવાનને તે સકામ બનાવે છે. ભગવાનને ભૂખ લાગતી નથી, પણ ભક્તને માટે ભગવાનને ખાવાની ઈચ્છા થાય છે. ભગવાન આજે માગીને ખાય છે.વિદુરજી પૂછે છે,તમે દુર્યોધનને ત્યાં જમીને નથી આવ્યા?શ્રીકૃષ્ણ કહે છે, કાકા જેના ઘરનું તમે ન ખાવ તેના ઘરનું હું ખાતો નથી ઈશ્વરને ભૂખ લાગતી નથી એવો ઉપનિષદનો સિદ્ધાંત છે. જીવનરૂપી પક્ષી વિષયરૂપી ફળ ખાય છે તેથી તે દુઃખી છે. ઉપનિષદનો સિદ્ધાંત ખોટો નથી. ઈશ્વરનિત્ય આનંદરૂપ છે. ભાગવતનો સિદ્ધાંત સાચો છે. ઈશ્વર તૃપ્ત છે,પરંતુ પ્રેમનાભૂખ્યા છે.તેથી પ્રેમ જ્ઞાનથી શ્રેષ્ઠ છે.પ્રેમ માં એવી શક્તિ છે કે,તે જડને ચેતન બનાવે છે, નિષ્કામને સકામ બનાવે છે, નિરાકારને સાકાર બનાવે છે. જ્ઞાનમાં વસ્તુનું પરિવર્તન કરવાની શક્તિ નથી. પ્રેમમાં વસ્તુનું પરિવર્તન કરવાની શક્તિ છે. પતિ- પત્ની વિચારમાં પડ્યા છે. ભગવાનનું સ્વાગત કઈ રીતે કરવું? તેઓ તપસ્વી હતાં. કેવળ ભાજી ખાઈને રહેતાં. વિદુરજીને સંકોચ થાય છે. હું મારી ભાજી ભગવાનને કેમ અર્પણ કરું?ત્યાં તો દ્વારિકાનાથે હાથે ભાજી ચૂલા ઉપરથી ઉતારી ને પ્રેમથી આરોગી. વસ્તુમાં મીઠાશ નથી પણ પ્રેમમાં મીઠાશ છે. શત્રુ મીઠાઈ આપે તો તે ઝેર જેવી લાગે છે.ભગવાનને દુર્યોધનના ઘરના મેવા ન ગમ્યા, પરંતુ વિદુરજીના ઘરની ભાજી આરોગી તેથી તો આજ પણ ભક્તકવિ સૂરદાસ જી ગાય છે કે, સબસે ઊંચી પ્રેમ સગાઈ. શુકદેવજી કહે છે કે, રાજન, મનુષ્ય જન્મથી બગડેલો હોતો નથી. જન્મથી તો શુદ્ધ હોય છે,પણ મોટા થયા પછી જેવા સંગમાં આવે તેવો તે બને છે. સત્સંગથી જીવન સુધરે છે, કુસંગથી જીવન બગડે છે.

બાળકનો જન્મ થયો ત્યારે તેને કોઈ વ્યસન ન હતું, તેને કોઈ કુટેવ ન હતી,કોઈ દોષ ન હતો. પણ મોટો થયા પછી જેવા સંગમાં આવ્યો એવોએ બન્યો.મોટો થયો અને છીંકણી સૂંઘનાર સાથે રહેવા લાગ્યો ત્યારથી છીંકણી સૂંઘવા લાગ્યો. સંગથી જીવન સુધરે છે, સંગથી જીવન બગડે છે. આંબા ફરતાં બાવળ વાવશો તો આંબો ફળશે નહીં.મન ઉપર સંગની અસર થાય છે. વિલાસીનો સંગહ હશે તો મનુષ્ય વિલાસી થશે. વિરક્તના સંગમાં રહેશો તો તે વિરક્ત બને. બીજું બધું બગડે તો બગડવાદેજો પણ આ મન, બુદ્ધિને ન બગડવા દેજો. કાળજા ને જો ડાઘો પડ્યો તો ત્રણચાર જન્મ લેશો પણ ડાઘો જશે નહીં. સંગનો રંગ મનને જરૂર લાગે છે. તમારા કરતાં જ્ઞાનમાં,સદા ચરણ માં,ભક્તિમાં, વૈરાગ્યમાં આગળ હોય તેવા મહા પુરુષોનો આદર્શ દ્દષ્ટિ સમક્ષ રાખજો. રોજ ઈચ્છા કરવાની કે ભગવાન શંકરા ચાર્ય જેવું જ્ઞાન,મહાપ્રભુજી જેવી ભક્તિ અને શુકદેવજી જેવો વૈરાગ્ય મને પ્રાપ્ત થાય. પ્રાતઃસમયમાં ઋષિઓને યાદ કરવાથી તેમના ગુણો આપણામાં ઊતરી આવે છે. રોજ પૂર્વજોને વંદન કરો ને રટો કે મારે ઋષિ જેવું જીવન ગાળવું છે. ઋષિ થવું છે, વિલાસી થવું નથી. સંસાર વ્યવહારમાં રહીને બ્રહ્મ જ્ઞાન ટકા વવું. ભક્તિ કરવીએ ઘણું કઠણ છે. સંગની અસર ખૂબ લાગે છે. ચોરી અને વ્યભિચાર મહાપાપ ગણ્યાં છે. આ પાપ સગો ભાઈ કરે તો તેનો સંગ પણ છોડી દેજો કે, ધૃતરાષ્ટ્ર ના સંગમાં રહીશ તો મારું જીવન બગડશે.તેથી વિદુરજી ઘરનો ત્યાગ કરી ગંગા કિનારે આવી ભગવાનની ભક્તિ કરવા લાગેલા, ને તાંદળજા ની ભાજીમાં સંતોષ માને લો.ધૃતરાષ્ટ્રે વિદુરજી માટે ઘણું મોકલ્યું,પણ વિદુરજીએ તેનો અસ્વીકાર કર્યો. પાપીના ઘરનું ન ખવાય.પ્રભુ ભજનમાં અન્નદોષ વિઘ્ન કરે છે. ભગવાન કૃપા કરે છે ત્યારે સંપત્તિ આપતા નથી, પણ સાચા સંતનો સત્સંગ આપે છે. સત્સંગ ઈશ્વર કૃપાથી મળે છે પણ કુસંગમાં ન રહેવું તે તમારા હાથની વાત છે. ઈશ્વર માટે લૌકિક સુખનો પણ ત્યાગ ન કરે ત્યાં સુધી તે જીવ માટે પ્રભુને દયા આવતી નથી. સર્વનો ત્યાગ કરી વિદુરજી-સુલભા પરમેશ્વરનું આરાધન કરે છે,તપ કરે છે.તપ કરવાથી પાપ બળે છે,જીવ શુદ્ધ થાય છે.ગૃહ સ્થનો ધર્મ છે કે,વર્ષમાં અગિયાર માસ ઘરમાં રહેવું અને એક માસ કોઈ પવિત્ર તીર્થમાં પવિત્ર સ્થળે એકાંતમાં બેસી તપ કરવું.તે વખતે પ્રવૃત્તિ ન હોવી જોઈએ. જે કાર્ય કરો તે પ્રભુ માટે જ કરો. તપ કરવાથી પરમાત્માને દયા આવે છે. તપનું પહેલું અંગ છે જીભ ઉપર અંકુશ જેને જરૂરિયાત વધારે છે તે તપ કરી શકશે નહીં. આજકાલ લોકો ને જરૂરિયાત વધારે છે. પરિણામએ આવે છે કે સંપત્તિ અને સમયનો વ્યય ઈન્દ્રિયોને લાડ લડાવવામાં થાય છેમનુષ્ય સાધના કરતો નથી અને ખોટી વાતો કરે છે કે, મને ભગવાન દેખાતા નથી. ભગવાન સુલભ નથી પણ દુર્લભ છે. વિદુરજીએ પરમાત્મા માટે તપશ્ચર્યા કરીછે, તેથી વગર આમંત્રણે પરમાત્મા તેને ઘરે આવ્યા છે. વિદુરજીનો પ્રેમ એવો કે પરમાત્માને પણ તેની પાસે માગવાની ઈચ્છા થાય,ત્યારે સમજવું કે આપણી ભક્તિ સાચી છે. જ્યાં પરમાત્માને પણ પ્રેમહોય ત્યાં માગીને ખાવાની ઈચ્છા થાય છે.પ્રેમ હોય તો કનૈયો કહે છે તું મારા માટે માખણ લઈ આવ. જ્યાં પ્રેમ ન હોય ત્યાં આપે તો પણ ખાવાની ઈચ્છા થતી નથી. ઈશ્વર સાથે જેને પ્રેમ કરવો છે તે જગત સાથે બહુ પ્રેમ ન કરે. જગતનો તિરસ્કાર ન કરો તેમ તેની સાથે પ્રેમ પણ ન કરો. પ્રેમ કરવા લાયક એક ઈશ્વર છે. વિદુરજીને ત્યાં પરમાત્મા પધાર્યા છેસુલભાની ઈચ્છા સફળ થઈ છે ઠાકોરજીએ તેની ભાજી આરોગી છે. મૈત્રી સમાનમાં થાય. જીવ જો ઈશ્વર જેવો બને તો ભગવાન તેના ઘરે આવે. પ્રભુએ ધૃતરાષ્ટ્રના ઘરનું પાણી પીધું નથી એટલે કૌરવોનો વિનાશ થશે. શુકદેવજી રાજાને કહે છે, ભગવાન શ્રીકૃષ્ણ વિષ્ટિ કરાવવા આવ્યા.પણ કુરુરાજે તેનું કહેવું માન્યુંનહીં પછી સલાહ માટે વિદુરજીને બોલાવવામાં આવ્યા. વિદુરજીએ ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપી સમજાવવા પ્રયત્ન કર્યો,પણ ધૃતરાષ્ટ્ર તેનું માનતા નથી.આ ઉપદેશ વિદુર નીતિના નામે ઓળખાય છે.જે બીજાના ધનનું હરણ કરી લે છેતે ધૃતરાષ્ટ્ર.જેની આંખમાં પૈસો છે, તે આંખ હોવા છતાં આંધળો થઈ જાય છે. પાપી પુત્ર સાથે પ્રેમ કરનારો બાપએ ધૃતરાષ્ટ્ર પહેલાં તો એક ધૃતરાષ્ટ્ર હતા પણ આજકાલ તો ધૃતરાષ્ટો બહુ વધી પડ્યા છે. વિદુરજી ધૃતરાષ્ટ્રને કહે છે, દુર્યોધન પાપી છે. દુર્યોધન તારો પુત્ર નથી પણ તારું પાપ જ પુત્ર તરીકે આવ્યો છે. એ તારા વંશનો વિનાશ કરવા આવ્યો છે. ઘણીવાર પાપ જ પુત્રરૂપે આવે અને ત્રાસ આપે છે. શાસ્ત્રમાં કહ્યું છે,દુરાચારી દીકરો મા બાપની દુર્ગતિ કરે છે. સદાચારી પુત્ર મા-બાપની સદગતિ કરે છે. પુત્ર દુરાચારી હોય તો તેનો સંગ છોડી દેવો.માનવું આ મારો પુત્ર નથી, મારું પાપપુત્ર રૂપે આવ્યું છે. આજકાલના યુવાનો પાપની બીક રાખતા નથી તેથી માર ખાય છે ચોરી અને વ્યભિચારને મહા પાપ માન્યાં છે. તે ક્ષમ્ય નથી બીજાં પાપો ક્ષમ્ય છે. કેટલાંક ચોર જેલ માં,કેટલાંકચોર મહેલમાં રહે છે ચોર એટલે? વગર મહેનતે બીજાનું પચાવે તે ચોર છે. જેનું છે તેને આપ્યા વિના મફતનું ખાય તે ચોર છે, વગર મહેનતનું જે ખાય તે ચોર છે.સ્થિતિ સારીહોવા છતાં જે અતિથિ સત્કાર કરતો નથી તે ચોર છે.પોતાને માટે જ રાંધીને ખાયતે ચોર છે. અગ્નિમાં આહુતિ આપ્યા વગર ખાય તે ચોર છે. વ્યાજબી નફા કરતાં વધારે લે તે ચોર છે. વિચારો આમાંથી કોઈમાં તમારો નંબર તો નથી ને? વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે રાજ્યમાં કેન્દ્રીય નેતાઓ લોકસેવકોની અવરજવર વધી ગઈ છે એટલે હવે થોડું ઘણું એવું લાગે છે કે ચુંટણીઓ આવવી જોઈએ લોકોના કાર્યો કરવા માટે આપણા દેશમાં લોકસેવકો ખૂણેખાંચરેથી સક્રિય થઈ લોકો વચ્ચે ધીમે ધીમે સરહદના સૈનિકો પાસેથી કંઈક ભાથું લઈને સજ્જ થઈ રહયા છે.નેતાઓ ગમે તે બોલે આપણે તો તાળીઓ જ પાડવાની હમણાંથી એક નેતાને એવું સુરાતન ચડે છે કે દશ વર્ષ પહેલાં દિકરીઓને દૂધ પીતી કરવામાં આવતી સાહેબ આવ્યા બાદ દિકરીઓ આવું તમનેય સાંભળવા મળે તો તાળીઓ પાડી દેવી બાકી તમે રાષ્ટ્ર વિરોધી જ કહેવાશો સમજાય તેને ધન્યવાદ બાકી વંદે માતરમ્ ભારત માતા કી જય બસ અહીં અટકીએ આટલું અસ્તુ.

### બોલિવૂડ અભિનેત્રી સારા અલી ખાનને કોઈ પરિચયની જરૂર નથી

# વર્ષો પહેલા નશામાં ગાર્ડને અયોગ્ય સ્પર્શ

## ચોકીદારને અયોગ્ય રીતે સ્પર્શ કરવા બદલ લોકોએ ઘણી તેની ટીકા કરી હતી

બોલિવૂડ અભિનેત્રી સારા અલી ખાનને કોઈ પરિચયની જરૂર નથી. તેમણે છેલ્લા ઘણા વર્ષોમાં બોલિવૂડમાં પોતાની ઓળખ બનાવી છે. ભલે તે ઘણી સમસ્યાઓથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે, પરંતુ તેના નામ સાથે જોડાયેલા વિવાદો આજે પણ ચર્ચામાં છે.ઘણા વર્ષો પહેલા સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં સારા નશામાં ધૂત થઈને એવું કામ કરે છે કે તેને જોઈને બધા આશ્ચર્યચકિત થઈ જાય છે. આ વીડિયોમાં તે અભિનેત્રી શર્મીન સહગલ સાથે જોવા મળી રહી છે અને તે નશાની હાલતમાં રેસ્ટોરન્ટની અંદર જઈ રહી છે. પણ અંદર જતા પહેલા તેણે એવું કામ કર્યું કે તેને જોયા પછી લોકો તેના પર વિશ્વાસ જ ન કરી શક્યા.આ વાયરલ વીડિયોમાં રેસ્ટોરન્ટમાં પ્રવેશ કરતી વખતે સારા અલી ખાને ગાર્ડના ગુપ્તાંગને સ્પર્શ કર્યો હતો. આ વીડિયો સામે આવ્યા પછી, સારાની હરકતોથી લોકો ખૂબ જ આશ્ચર્યચકિત થઈ ગયા છે. સારા અલી ખાને નેવી બ્લુ જમ્પસૂટ પહેર્યો હતો અને ચોકીદારને અયોગ્ય રીતે સ્પર્શ કરવા બદલ લોકોએ તેની ટીકા કરી હતી.સારા અલી ખાનના વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો, સારા અલી ખાને નેવી બ્લુ જમ્પસૂટ પહેર્યો હતો અને ચોકીદારને અયોગ્ય રીતે સ્પર્શ કરવા બદલ લોકોએ તેની ટીકા કરી હતી તે છેલ્લે સ્કાય ફોર્સમાં જોવા મળી હતી. આ ફિલ્મમાં તેણીએ વીર પહાડીની પત્નીની ભૂમિકા ભજવી હતી. આ સિવાય સારા અલી ખાન ટૂંક સમયમાં 'મેટ્રો ઈન દિનોન'માં જોવા મળશે. આ ફિલ્મનું દિગ્દર્શન અનુરાગ બાસુ કરી રહ્યા છે અને તે આ વર્ષે રિલીઝ થવાની ધારણા છે.



### કંગના રનૌતને બાદમાં પોસ્ટ કરવી પડી ડિલીટ

# ટ્રમ્પ-પીએમ નરેન્દ્ર મોદી પર કરી ટિપ્પણી

## કંગનાએ પીએમ મોદી-ટ્રમ્પ વચ્ચે સરખામણી કરતા પોતાનું અંગત મત આપ્યો હતો

બોલીવૂડ એક્ટ્રેસ કંગના રનૌત અને કોન્ટ્રોવર્સી એટલે તો જાણે ચોલી દામનનો સાથે છે. કંગના રનૌતે અભિનયની સાથે સાથે રાજકારણમાં પણ પોતાની કાબેલિયત સાબિત કરી છે અને તે સોશિયલ મીડિયા પર કોઈને કોઈ પોસ્ટને કારણે ચર્ચામાં રહેતી હોય છે. હાલમાં જ એક્ટ્રેસે ફરી વખત એક કોન્ટ્રોવર્શિયલ ટ્વીટ કર્યું હતું, જોકે બાદમાં તેણે આ ટ્વીટ ડિલીટ કરી નાખ્યું હતું. વાત જાણે એમ છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હાલમાં જ એપ્પલના સીઈઓને એપલ સંબંધિત પ્રોડક્શન ભારતને બદલે અમેરિકામાં કરવાનું કહ્યું હતું. એક્ટ્રેસે ટ્રમ્પના આ જ ટ્વીટને રીટ્વીટ કરીને પોતાની રાય આપી હતી.કંગનાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક્સ પર પોસ્ટ કર્યું હતું. આ પોસ્ટમાં કંપનાએ પીએમ મોદી અને ટ્રમ્પ વચ્ચે સરખામણી કરતા પોતાનું અંગત મત આપ્યો હતો. બીજેપી સાંસદે પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ છે, પણ દુનિયાના સૌથી લાડકા નેતા ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી છે. આ ટ્રમ્પનો બીજો કાર્યકાળ છે, પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આ ત્રીજો કાર્યકાળ છે.પોતાની ટ્વીટમાં કંગનાએ આગળ ટ્રમ્પ અને મોદીના વ્યક્તિત્વના એક એવા શબ્દથી કર્યું જેને કારણે વિવાદ શરૂ થઈ ગયો. કેટલાય યુઝર્સે કંગનાને આ ટ્વીટ ડિલિટ કરવાની માંગ કરી હતી અને ત્યાર બાદ કંગનાએ ખુદ જ એક પોસ્ટ કરીને જાણ કરી હતી કે મને આ ટ્વીટને હટાવવાનો આદેશ આવી ગયો છે, એટલે એ ટ્વીટ ડિલીટ કરી દીધી છે. પોતાની પર્સનલ રાય રાખવા માટે ખેદ છે.ડોનાલ્ડ ટ્રમ્પ ૧૩મી મે, ૨૦૨૫ના ફરી એક વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે સીઝફાયર કરાવવા માટે અમેરિકાની ભૂમિકા હોવાની વાતને દોહરાવી હતી.



### ચેટમાં ચાહકોના પ્રશ્નોના જવાબ આપ્યા

# 'કલ હો ના હો'ના દ્રશ્યમાં પ્રીતિ ઝિન્ટા સાચે જ રડી હતી



## તાજેતરમાં પ્રીતિ ઝિન્ટાએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ ફિલ્મના શૂટિંગના દિવસો યાદ કર્યા

૨૦૦૩ માં આવેલી ફિલ્મ 'કલ હો ના હો'ની ગણતરી ઓલ ટાઈમ ફેવરિટ ફિલ્મોમાં થાય છે. હવે તાજેતરમાં પ્રીતિ ઝિન્ટાએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ ફિલ્મના શૂટિંગના દિવસો યાદ કર્યા છે. જેમાં તેમણે એક મોટો ખુલાસો કર્યો અને કહ્યું કે શૂટિંગ દરમિયાન સેટ પરના મોટાભાગના કલાકારો કેવી રીતે રડતા હતા. વાસ્તવમાં, બોલિવૂડ અભિનેત્રી અને પંજાબ કિંગ્સની માલિક પ્રીતિ ઝિન્ટાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેના ચાહકો સાથે ચેટ સેશન શરૂ કર્યું હતું. આ ચેટમાં તેણે ચાહકોના પ્રશ્નોના જવાબ આપ્યા.પ્રીતિ ઝિન્ટાને એક સવાલ કરવામાં આવ્યો હતો તેના જવાબમાં પ્રીતિ ઝિન્ટાએ યુઝરને જવાબ આપ્યો અને કહ્યું, 'હા, જ્યારે હું તેને જોઉં છું ત્યારે હું રડી પડું છું.' અને જ્યારે અમે તેનું શૂટિંગ કરી રહ્યા હતા ત્યારે પણ હું ખુબ રડી જ હતી કેમકે મારો પહેલો પ્રેમ કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યો. એટલા માટે આ ફિલ્મ મને હંમેશા અલગ રીતે અસર કરે છે. રસપ્રદ વાત એ છે કે મોટાભાગના દ્રશ્યોમાં, બધા સ્ટાર્સ કુદરતી રીતે રડી રહ્યા હતા અને અમનના મૃત્યુના દ્રશ્યમાં, બધા કેમેરા સામે તેમજ તેની પાછળ રડી રહ્યા હતા.શાહરૂખ ખાન, પ્રીતિ ઝિન્ટા અને સૈફ અલી ખાન અભિનીત ફિલ્મ 'કલ હો ના હો' વર્ષ ૨૦૦૩ માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મના ગીતો ખૂબ જ સુપરહિટ રહ્યા હતા. જે આજે પણ ખૂબ જ પસંદ કરવામાં આવે છે.

# સની દેઓલની ફિલ્મ 'જાટ' ઓટીટી પર રિલીઝ કરવા નિર્ણય

## ગોપીચંદ માલીનેની દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત, 'જાટ'નું નિર્માણ મૈત્રી મૂવી મેકર્સ અને પીપલ મીડિયા ફેક્ટરી દ્વારા કરવામાં આવ્યું છે

સની દેઓલની એક્શનથી ભરપૂર ફિલ્મ 'જાટ', જેમાં રણદીપ હુડા અને રેજીના કસાન્ડ્રા પણ છે, તે ૧૦ એપ્રિલના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. ગોપીચંદ માલિનીની આ ફિલ્મ હવે આ દિવસથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમિંગ માટે ઉપલબ્ધ થશે.સની દેઓલે તાજેતરમાં એક મોટી એક્શન ફિલ્મમાં કામ કર્યું છે, જે બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. આ વર્ષે ૧૦ એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થયેલી આ ફિલ્મમાં રણદીપ હુડા અને રેજીના કેસાન્ડ્રા પણ મુખ્ય ભૂમિકામાં છે. હવે સમય આવી ગયો છે કે ઓટીટી પ્રેમીઓ ફિલ્મનો આરામથી આનંદ માણી શકે. સની દેઓલની ફિલ્મ 'જાટ' ઓટીટી પર રિલીઝ થવાની તૈયારીમાં છે.ગોપીચંદ માલીનેની દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત, 'જાટ'નું નિર્માણ મૈત્રી મૂવી મેકર્સ અને પીપલ મીડિયા ફેક્ટરી દ્વારા કરવામાં આવ્યું છે. તેમાં સૈયામી ખેર, વિનીત કુમાર સિંહ, પ્રશાંત બજાજ, જગપતિ બાબુ, રામ્યા કૃષ્ણન, ઝરીના વહાબ, સ્વરૂપા ઘોષ, પી. રવિશંકર,



અજય ઘોષ, બબલૂ પૃથ્વીરાજ અને મકરંદ દેશપાંડે પણ છે. 'જાટ' ની વાર્તા એક નાના ગામ પર આધારિત છે જે રણતુંગા (રણદીપ હુડા) નામના હિંસક ગુનેગાર દ્વારા નિયંત્રિત છે. ગામના લોકો ડરમાં જીવે છે અને તેનો સામનો કરી શકતા નથી. એક દિવસ, એક દબંગ બહારનો વ્યક્તિ (સની દેઓલ) ગામમાં આવે છે. તે જુએ છે કે લોકો સાથે કેટલું ખરાબ વર્તન થઈ રહ્યું છે અને તે તેના વિશે કંઈક કરવાનું નક્કી કરે છે. તે રણતુંગા અને તેના માણસો સામે લડવાનું શરૂ કરે છે. ગોપીચંદ માલીનેની દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત, 'જાટ'નું નિર્માણ મૈત્રી મૂવી મેકર્સ અને પીપલ મીડિયા ફેક્ટરી દ્વારા કરવામાં આવ્યું છે જેમ જેમ વાર્તા આગળ વધે છે તેમ તેમ સંઘર્ષ વધતો જાય છે. જાટ પોતાની શક્તિ અને સાચા-ખોટાની સમજનો ઉપયોગ કરીને ગામમાં ન્યાય અપાવવાના પોતાના મિશન પર નીકળે છે. વાર્તા સરળ છે - ખરાબ માણસો ગામ પર રાજ કરે છે, સારા માણસો બહાર આવે છે અને ન્યાય માટે લડાઈ શરૂ થાય છે. આ ફિલ્મ ૫ જૂનથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે.સની દેઓલની ફિલ્મ 'જાટ'ના બજેટની વાત કરીએ તો, તે ૧૦૦ કરોડ હતી અને ફિલ્મે ભારતમાં ૮૮.૪૩ કરોડની કમાણી કરી છે, જ્યારે વિશ્વભરમાં તેણે ૧૧૮.૫૫ કરોડની કમાણી કરી છે.

### ભંગાણ માટે લોકો જયા બચ્ચનને જવાબદાર માની રહ્યા છે

# જયા બચ્ચન અને ઐશ્વર્યા બચ્ચન વચ્ચેની લડાઈનો અંત આવી ગયો?

બોલીવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન અને તેમનો પરિવાર કોઈને કોઈ કારણસર ચર્ચામાં રહે છે. હાલમાં બચ્ચન પરિવાર પોતાના પારિવારિક વિખવાદને કારણે ચર્ચામાં આવે છે અને એ કારણ એટલે અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય-બચ્ચનના લગ્નજીવનમાં પડેલું ભંગાણ.પરંતુ હાલમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે જેમાં ઐશ્વર્યા અને સાસુ જયા બચ્ચનના સંબંધો સુધરી ગયા હોય એવું લાગી રહ્યું છે. આવો જોઈએ શું છે આ વીડિયો અને ફોટોમાં-અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય-બચ્ચન વચ્ચે પડેલાં ભંગાણ માટે લોકો જયા બચ્ચનને જવાબદાર માની રહ્યા છે. ઐશ્વર્યા અને જયા બચ્ચનના સંબંધો એમ



પણ ખાસ કંઈ સારા નહોતા અને જાહેરમાં પણ એ વાત ઘણી વખત દેખાઈ ચૂક્યું છે.આવી પરિસ્થિતિમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે જેમાં આખો બચ્ચન પરિવાર સાથે જોવા મળી રહ્યો છે. ઐશ્વર્યા અને જયા બચ્ચનના બગડેલાં સંબંધો વચ્ચે વાઈરલ થઈ રહેલો આ ફોટો અને વીડિયો જોઈને ફેન્સ ગૂંચવણમાં પડી ગયા છે.જો તમે વિચારી રહ્યા છો કે આ વીડિયો અત્યારનો છે તે તો એવું નથી. વાઈરલ થઈ રહેલો ફોટો અને વીડિયો જૂનો છે. અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય-બચ્ચન વચ્ચે પડેલાં ભંગાણ માટે લોકો જયા બચ્ચનને જવાબદાર માની રહ્યા છે આ ફોટોમાંથી બચ્ચન પરિવારની દીકરી શ્વેતા બચ્ચન નથી જોવા મળી રહી. વાઈરલ થઈ રહેલા ફોટોમાં આખો પરિવાર ઈટલીમાં વેકેશન મનાવવા પહોંચ્યો હતો. એ સમયે આખો પરિવાર સાથે જોવા મળ્યો હતો.જોકે, આ વેકેશન બાદ જ એવા અહેવાલો સામે આવવા લાગ્યા હતા કે જયા બચ્ચન અને ઐશ્વર્યા રાય-બચ્ચન વચ્ચે ખટપટ ચાલી રહી છે. આ જ કારણ છે કે બંને જણ જાહેરમાં સાથે નથી જોવા મળતા અને એકબીજાથી ડિસ્ટન્સ રાખીને ચાલતા જોવા મળે છે. ફેન્સ આ વાઈરલ ફોટો પર કમેન્ટ અને લાઈક કરીને પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય-બચ્ચન વચ્ચે પડેલાં ભંગાણ માટે લોકો જયા બચ્ચનને જવાબદાર માની રહ્યા છે એક યુઝરે લખ્યું હતું કે અરે આ સૂર્ય પશ્ચિમથી ઉગ્યો છે કે શું? બીજા એક યુઝરે લખ્યું હતું કે સાસુ-વહુ વચ્ચેની લડાઈ ખતમ? બંને જણ સાથે કેટલા સુંદર લાગી રહ્યા છે. તમે પણ આ વાઈરલ વીડિયો કે ફોટો ના જોયા હોય તો અત્યારે જ જોઈ લોપ

### હોલિવુડના ચાહકો માટે આનંદો!

# ડીસી યુનિવર્સની પહેલી ફિલ્મ સુપરમેનનું શાનદાર ટ્રેલર રિલિઝ




## આ ફિલ્મને તે અંગ્રેજી, હિન્દી, તમિલ અને તેલુગુ ભાષાઓમાં રિલિઝ કરવામાં આવશે

હોલિવુડની ફિલ્મો જેમને વધારે પસંદ છે, તેવા સિનેમા ચાહકો માટે ખૂશીના સમાચાર આવ્યાં છે. સુપરમેન ફ્રેન્ચાઈઝીમાં નવી ફિલ્મ સુપરમેન ૨૦૨૫ નું ટ્રેલર રિલિઝ થઈ ગયું છે. સુપરમેન ફ્રેન્ચાઈઝીની ફિલ્મોને ખૂબ જ પસંદ કરવામાં આવતી હોય છે. આ ફિલ્મ સુપરમેન ૨૦૨૫ આગામી ૧૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં દસ્તક દેવાની છે. જેનું અત્યારે ટ્રેલર રિલિઝ કરવામાં આવ્યું છે. ટ્રેલરને જોતા આ ફિલ્મમાં ખૂબ જ સસ્પેન્સ વાલી હોય તેવું લાગી રહ્યું છે.ડીસીએ પોતાની ઓફિશિયલ યુટ્યુબ ચેનલમાં સુપરમેન ૨૦૨૫નું ૩ મિનિટનું ટ્રેલર શેર કર્યું છે, જે અત્યારે ખૂબ જ વાયરલ પણ થઈ રહ્યું છે. આ ફિલ્મની ખાસ વાત એ છે કે, આ ફિલ્મમાં સુપરમેન સાથે સાથે સુપરમેનનો કુતરો ક્રિપ્ટો પણ જોવા મળવાનો છે. આ પાત્ર ડેવિડ કોરેન્સવેટ ભજવી રહ્યા છે. ફિલ્મમાં રશેલ બ્રોસ્નાહન પણ છે.આ ફિલ્મની વાત કરવામાં આવે તો, સુપરમેન ૨૦૨૫ની શરૂઆત ખૂબ જ ધાસુ છે. પટકથા અને ડાયલોગ પણ ખૂબ જ અસરકારક લાગી રહ્યાં છે. આ ફિલ્મમાં સુપરમેન પર જ સવાલો થઈ રહ્યો છે. એટલે જ ફિલ્મમાં લોકો સુપરમેનને પોતાનો ગુનેગાર માની રહ્યાં છે. સુપરમેન જે પોતાનું ધાર્યું કરે છે તેને લઈને તેના પર સવાલો થઈ રહ્યાં છે. આ ફિલ્મમાં આખી કહાણી પણ સુપરમેન પર થયેલા સવાલો પર જ આધારિત છે.સુપરમેન ૨૦૨૫ ફિલ્મના દિગ્દર્શક જેમ્સ ગન છે. આ ફિલ્મ ૧૧ જુલાઈ ૨૦૨૫ ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલિઝ થઈ રહી છે. આ ફિલ્મને તે અંગ્રેજી, હિન્દી, તમિલ અને તેલુગુ ભાષાઓમાં રિલિઝ કરવામાં આવશે. એટલું જ નહીં પરંતુ સુરપમેન ૨૦૨૫ ફિલ્મને IMAX પર પણ રિલિઝ કરવામાં આવશે. ડીસી ળેન્ચાઈઝીની ફિલ્મો મોટા ભાગે બોક્સ ઓફિસ પર સારી એવી કમાણી કરે છે. આ વખતે પણ સુપરમેન ૨૦૨૫ ફિલ્મના મેકર્સને આશા છે કે, આ વખતે અમે સારી કમાણી કરીશું'

# નિર્માતાઓએ ફેરવી તોળ્યું, ભૂલ ચૂક માફ' હવે સિનેમાઘરોમાં

## આ વિવાદ ૮ મેના રોજ શરૂ થયો હતો, પીવીઆર આઈનોક્સએ તેની ૬૦ કરોડ રૂપિયાની વળતરની માંગ પણ પાછી ખેંચી લીધી છે

મેડોક ફિલ્મ્સ અને પીવીઆરઆઈનોક્સ વચ્ચેના કાનૂની સંઘર્ષ બાદ, રાજકુમાર રાવ અને વામિકા ગબ્બીની ફિલ્મ 'ભૂલ ચૂક માફ' હવે શેડ્યૂલ મુજબ થિયેટરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. આ મહિનાની શરૂઆતમાં શરૂ થયેલા હાઈ-પ્રોફાઈલ વિવાદમાં કોર્ટના આદેશ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે, જ્યારે ફિલ્મના નિર્માતાઓએ અચાનક ડાયરેક્ટ ઓટીટી પ્રીમિયરની જાહેરાત કરી હતી. રાજકુમાર રાવની ફિલ્મ સિનેમાઘરોમાં ક્યારે રિલીઝ થશે તે જાણો!આ વિવાદ ૮ મેના રોજ શરૂ થયો હતો, જ્યારે નિર્માતા દિનેશ વિજાને ખુલાસો કર્યો હતો કે ભારત -પાકિસ્તાન સંઘર્ષને પગલે આ કોમિક કેપર તેના થિયેટરમાં પ્રવેશને છોડી દેશે અને તેના બદલે સીધા એમેઝોન પ્રાઈમ વિડિયો પર સ્ટ્રીમ કરશે. ફિલ્મની રિલીઝના એક દિવસ પહેલા જ છેલ્લી ઘડીના આ પગલાને કારણે પ્રદર્શકો તરફથી તીવ્ર પ્રતિક્રિયા આવી, જેમાં PVR અને આઇનોક્સે મેડોક ફિલ્મ્સ પર બોન્ડ ભંગ બદલ ૬૦ કરોડનો દાવો કર્યો અને ડિજિટલ રિલીઝ પર રોક લગાવવાની માંગ કરી. હવે,




ઉદ્યોગના સૂત્રોએ પુષ્ટિ આપી છે કે કોર્ટે ફિલ્મને થિયેટરમાં રિલીઝ કરવાની તરફેણમાં ચુકાદો આપ્યો છે. સૂત્રએ જણાવ્યું કે, 'મેડોક ફિલ્મ્સ વિરુદ્ધ પીવીઆરઆઈએનઓક્સ સિનેમા કેસમાં કોર્ટે પોતાનો આદેશ આપ્યો છે.' રાજકુમાર રાવ અને વામિકા ગબ્બીની ફિલ્મ ભૂલ ચૂક માફ હવે ૨૩ મે, ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. મેડોક ફિલ્મ્સ ૧૫ મેથી તેનું માર્કેટિંગ અભિયાન ફરી શરૂ કરવાની યોજના ધરાવે છે.આ નિર્ણય ફિલ્મના ડિજિટલ રિલીઝ અંગે પણ છે. મોટાભાગની હિન્દી ફિલ્મો થિયેટર રિલીઝ થયાના ૮ અઠવાડિયા પછી ઓટીટી વિન્ડો પર આવી ગઈ છે, જ્યારે 'ભૂલ ચૂક માફ' બે અઠવાડિયા પછી, ૬ જૂન, ૨૦૨૫ ના રોજ પ્રાઈમ વિડિયો પર સ્ટ્રીમ થશે. સૂત્રએ વધુમાં ઉમેર્યું, '૨ અઠવાડિયાની વિન્ડો ફક્ત આ ફિલ્મને જ લાગુ પડે છે. પીવીઆર આઈનોક્સએ તેની ૬૦ કરોડ રૂપિયાની વળતરની માંગ પણ પાછી ખેંચી લીધી છે અન્ય તમામ હિન્દી રિલીઝ માટે ૮ અઠવાડિયાનો નિયમ યથાવત રહેશે. પીવીઆર આઈનોક્સએ તેની ૬૦ કરોડ રૂપિયાની વળતરની માંગ પણ પાછી ખેંચી લીધી છે. મેડોક ફિલ્મ્સને કોઈ નુકસાન ચૂકવવું પડશે નહીં. આ વિવાદ ૮ મેના રોજ શરૂ થયો હતો બંને પક્ષો તરફથી ટૂંક સમયમાં સત્તાવાર સંયુક્ત નિવેદન જાહેર થવાની અપેક્ષા છે. નિર્માતાઓ હવે તેના થિયેટર રિલીઝ પહેલા નવા પ્રમોશન માટે તૈયારી કરી રહ્યા છે. કરણ શર્માની આ ફિલ્મમાં રાજકુમાર રાવ અને વામિકા ગબ્બી પહેલીવાર સાથે કામ કરી રહ્યા છે.

# સૈન્યના શૌર્યને તિરંગા યાત્રાથી સન્માનતુ શિહોર

## કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા તથા સાધુ સંતોએ તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવી



। (માહિતી) ભાવનગર, તા.૧૭ ।

સિહોરમાં ભવ્ય તિરંગા યાત્રા ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં બંધન પાર્ટી પ્લોટ થી મુખ્ય બજાર થી વડલાચોક સુધી યોજાઈ હતી. શૌર્યવાન અને પરાક્રમી ભારતીય સેના દ્વારા પાકિસ્તાન પર કરાયેલી કાર્યવાહીને બિરદાવવા, ઓપરેશન સિંદૂરની સફળતાના ભાગરૂપે યોજાયેલી આ તિરંગા યાત્રામાં દેશભક્તિનો માહોલ ઠેર ઠેર જોવા મળ્યો હતો. બંધન પાર્ટી પ્લોટ થી વડલાચોક, આંબેડકર ચોક, પ્રગટનાથ, ટાણા ચોકડી થી વડલા ચોક સુધીના રૂટ પર લોકોએ પુષ્પવર્ષા કરીને તિરંગા યાત્રાનું સ્વાગત કર્યું હતું. સિહોર શહેરમાં તિરંગા યાત્રામાં કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા, જાંજરકા જગ્યાના મહંત, ધારાસભ્ય સર્વે શ્રી મહંત શંભુનાથ ટૂંડીયા, શ્રી ભીખાભાઈ બારૈયા, શ્રી ગૌતમભાઈ ચૌહાણ, શ્રી શિવાભાઈ ગોહિલ, સાધુ સંતો, આગેવાન નિલેશભાઈ જાની, શ્રી દિપીકાબેન સરડવા,જિલ્લા પ્રમુખ દિગુભા, પ્રાંત અધિકારી સર્વોતમ ડેરી ચેરમેન, નગરપાલિકા સ્ટાફ, પોલીસ અધિકારી સ્ટાફ, હોમગાર્ડ તેમજ જી.આર.ડી જવાનો, નિવૃત સેનાના જવાનો તેમજ ભાવનગર જિલ્લાના પદાધિકારીઓ, હોદ્દેદારો, અગ્રણીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# "ઓપરેશન સિંદુર"ની સફળતા પર અમદાવાદ મંડળ પર ત્રિરંગા રેલીનું આયોજન





। અમદાવાદ, તા.૧૭ ।

પશ્ચિમ રેલ્વે ના અમદાવાદ મંડળ પર ૧૬ મે ૨૦૨૫ ના રોજ 'ઓપરેશન સિંદુર' ની સફળતા અને તેમાં સામેલ વીર શહીદો ને નમન કરતાં જીતની ખુશીમાં ત્રિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ આયોજન મંડળ કાર્યાલય અમદાવાદ, ડીઝલ શેડ વટવા, ડીઝલ શેડ સાબરમતી અને કોચિંગ ડીપો કાંકરિયા માં ખૂબ ઉત્સાહ ની સાથે સંપન્ન થયું. રેલી માં રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, રેલ્વે સુરક્ષા બળ (આરપીએફ) અને ભારત સ્કાઉટ તથા ગાઈડ્સ ના સભ્યો એ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો.

મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, અમદાવાદ માં ત્રિરંગા રેલી મંડળ રેલ પ્રબંધક કાર્યાલય થી શરૂ થઈ નિર્માણ ભવન થઈ ને સમાપ્ત થઈ. વટવા માં આ રેલી ઈલેક્ટ્રિક લોકો શેડ થી શરૂ થઈ ને વટવા રેલ્વે સ્ટેશન સુધી કાઢવામાં આવી હતી. આ જ પ્રકારે સાબરમતી માં ડીઝલ શેડ થી શરૂ થઈને ન્યુ કોલોની, રેલ્વે કોલોની, મુખ્ય માર્ગ, અને રેલ્વે હોસ્પિટલ થઈને વિજય ધ્વજ રેલી આયોજિત કરવામાં આવી. સ્કાઉટ ગાઈડ ના બેન્ડ, મહિલા પ્રતિભાગીઓ અને બાળકો એ પણ આ રેલી માં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

કોચિંગ ડેપો કાંકરિયા ખાતે આયોજિત તિરંગા યાત્રા માં ડેપો ના એન્જિનિયરો અને કર્મચારીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો. આ યાત્રા કોચિંગ ડેપો સિક લાઈન થી શરૂ થઈ હતી અને રેલ્વે કોલોની બી સ્કેલ થઈને એઆરટી /લોકો કાંકરિયા સુધી કાઢવામાં હતી.

આ રેલીઓનું નેતૃત્વ અપર મંડળ રેલ પ્રબંધક શ્રી લોકેશ કુમાર, અપર મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજુ મીણા, વરિષ્ઠ મંડળ કાર્મીક અધિકારી શ્રી સિદ્ધાર્થ, વરિષ્ઠ મંડળ મિકેનિકલ એન્જિનિયર (ડીઝલ શેડ સાબરમતી) શ્રી અશોક કુમાર, વરિષ્ઠ મંડળ મિકેનિકલ એન્જિનિયર (ડીઝલ શેડ વટવા) શ્રી એસ.પી. ગુપ્તા, વરિષ્ઠ કોચિંગ ડેપો અધિકારી (કાંકરિયા) શ્રી માનસિંહ મીણા અને એઆરએમ ગાંધીધામ શ્રી આશિષ ધાનિયાએ કર્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ, કર્મચારીઓ અને અધિકારીઓમાં દેશભક્તિ અને ઉત્સાહ ફેલાયો હતો. બધાએ "ભારત માતા કી જય", વંદે માતરમ અને જય હિંદના નારા લગાવીને બહાદુર સૈનિકોનું મનોબળ વધારવાનો પ્રયાસ કર્યો હતો.

# 'મિશન સિંદૂર - એક રક્તદાન દેશ કે નામ' અંતર્ગત દસ્ક્રોઈમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



। અમદાવાદ, તા.૧૭ ।

'મિશન સિંદૂર - એક રક્તદાન દેશ કે નામ' અંતર્ગત અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ અમદાવાદ જિલ્લાની વિવિધ જગ્યાઓએ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. દસ્ક્રોઈ તાલુકાના સિંગરવા આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલ આ બ્લડ ડોનેશન કેમ્પમાં નાગરિકો, સ્વયંસેવકો, આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને કાર્યકરોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું.

આ કાર્યક્રમમાં દસ્ક્રોઈ પ્રાંત અધિકારીશ્રી, દસ્ક્રોઈ મામલતદારશ્રી અને આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# ભાવનગર જિલ્લાનાં રેશનકાર્ડ ધારકોને મે અને જૂન માસનો અનાજનો જથ્થો વિતરણ કરાશે

। ભાવનગર, તા.૧૭ ।

જાહેર વિતરણ વ્યવસ્થા યોજનામાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩ હેઠળ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો એમ બે પ્રકારના કુટુંબોને સરકારશ્રી દ્વારા સસ્તા અનાજની દુકાન ખાતેથી સસ્તા અનાજનું વિતરણ કરવામાં આવે છે. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા મે-૨૦૨૫ માસમાં મે માસના ઘઉં, ચોખા, ખાંડ અને મીઠાનો તથા જૂન માસના ઘઉં અને ચોખાનું વિતરણ કરવા સુચના આપેલ છે. જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા જિલ્લાના રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબોને સસ્તા અનાજની વાજબી ભાવની દુકાન ખાતેથી મે-૨૫ માસમાં મે અને જૂન માસનો અનાજનો જથ્થો સમયસર મેળવી લેવા અનુરોધ કરવામાં આવે છે. જે એન.એફ.એસ.એ. રેશનકાર્ડ ધારકોનું ઈ-કેવાયસી બાકીમાં છે તે રેશનકાર્ડ ધારકો ઈ-કેવાયસી કરાવતા સંલગ્ન મામલતદાર કચેરીના નાયબ મામલતદાર પુરવઠાશ્રી તથા ઝોનલ કચેરીના ઝોનલ ઓફિસરશ્રી દ્વારા એપ્રૂવ આપ્યાના ચોવીસ (૨૪) કલાક બાદ સસ્તા અનાજની દુકાન ખાતેથી મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકશે એવું જિલ્લા પુરવઠા અધિકારી ભાવનગરની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# બાગાયત ખાતાની સહાયલક્ષી યોજનાનો લાભ લેવા તા. ૩૧ મે સુધી આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ ખુલ્લું રહેશે

। ભાવનગર, તા.૧૭ ।

ભાવનગર જિલ્લાના બાગાયતદારો માટે બાગાયત ખાતાની સહાયલક્ષી યોજનાઓ માટે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકવામાં આવ્યું છે. યોજના હેઠળના વિવિધ ઘટકની સહાય માટે નવા આઈ ખેડૂત પોર્ટલ ૨.૦ ને તા.૮ મે થી તા.૩૧ મે સુધી ખુલ્લું મુકવામાં આવ્યું છે. જે અંતર્ગત સહાયનો લાભ લેવા માંગતા બાગાયતદારોએ www.ikhedut.gujarat.gov.in વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેમાં લાભ લેવા માટે અરજી કરતાં પહેલા આઈ- ખેડૂત પર નોંધણી કરવી ફરજિયાત છે. તેમજ અરજીમા જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રીન્ટ લઈ ખેડુતોએ પોતાની પાસે જ રાખવાની રહેશે. જેની નકલ મંજુરી મળ્યા બાદ ક્લેઈમ (બીલ ફાઈલ) સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનીક કાગળો સહિત નાયબ બાગાયત નિયામકની કચેરી, નવાપરા,ભાવનગર ખાતે બિનચૂક જમા કરાવવાની રહેશે. કૃષિ યાંત્રિકીકરણમાં પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમ અંતર્ગત મીની ટ્રેક્ટર (20 PTO સુધી), રોટાવેટર (મીની), કલ્ટીવેટર (મીની), ટ્રેલર (મીની), પાણીનું ટેક્રર (મીની),ના ઘટકોમાં સહાય તેમજ ચાલુ બાબતોમાં વધુ ખેતી ખર્ચવાળા ફળપાકો સિવાયના ફળપાકો, હાઈબ્રીડ શાકભાજી પાકોના વાવેતર, દાંડી, કંદ અને છુટા ફૂલોના વાવેતર, મસાલા પાકોમાં, ઔષધીય અને સુગંધિત પાકોના વાવેતર, ડ્રીપ ઈરીગેશન માટે પાણીના ટાંકામાં, મિશન મધમાખી અંતર્ગત, પોલીહાઉસ અને નેટહાઉસમાં ઉગાડવામાં આવતા અતિ મુલ્યવાન ફળ, શાકભાજી અને હાઈ વેલ્યુ ફૂલ પાકોના પ્લાન્ટિંગ મટીરીયલ અને ખેતી ખર્ચમાં વગેરે જેવી સહાય માટે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકવામાં આવેલ છે.

# જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમારના અધ્યક્ષસ્થાને અમદાવાદ જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

## જિલ્લા સંકલનમાં રજૂ કરાયેલા પ્રશ્નોનું સત્વરે હકારાત્મક નિરાકરણ લાવવા જિલ્લા કલેક્ટરશ્રીએ તાકીદ કરી



। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ હતી.

અમદાવાદ શહેર અને જિલ્લાના વિવિધ પ્રજાકીય પ્રશ્નો બાબતે ધારાસભ્યશ્રીઓની રજૂઆતો સંદર્ભે વિવિધ વિભાગોના અધિકારીઓ વચ્ચે સુગમ સંકલન થકી નિયત સમય મર્યાદામાં ઉકેલ લાવવા બાબતે હકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્યશ્રી દ્વારા વિવિધ વિસ્તારોમાં પાણીના ભરાવા, નિકાલ અને લીકેજ બાબતે, ચોમાસા પૂર્વે કરવાની થતી જરૂરી કામગીરી વિશે, રેલવે અંડરપાસ, રોડ-રસ્તા અને દબાણો દૂર કરવા બાબતે તથા યાત્રાધામોના વિકાસ બાબતે રજૂઆતો કરવામાં આવી હતી.

જ્યારે શહેરી વિસ્તારના ધારાસભ્યશ્રીઓએ પોતાના મતવિસ્તારમાં થયેલા ગેરકાયદે દબાણ દૂર કરવા, હાઉસિંગ બોર્ડને લગતા વિવિધ પ્રશ્નો અંગે, પ્રોપર્ટી કાર્ડમાં સુધારા, મતદાર કાર્ડ અંગે તથા કાયદો અને વ્યવસ્થાનું યોગ્ય અમલ કરાવવા, રોડ રસ્તા, ટ્રાફિકની સમસ્યા સહિત અશાંતધારાનો ચુસ્તપણે અમલ કરાવવાના મુદ્દે રજૂઆતો કરી હતી.

આ ઉપરાંત, પ્રોપર્ટી કાર્ડ તથા અન્ય જાહેર સુવિધાઓ સંબંધિત પ્રશ્નો પણ ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. બેઠકમાં વિવિધ પ્રશ્નો સંદર્ભે નીતિ વિષયક નિર્ણયના ઉકેલ બાબતે ઉચ્ચસ્તરે દરખાસ્ત મોકલી નિકાલ લાવવા પણ સૂચન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સ્થાનિક ધારાસભ્યો સર્વે શ્રી કિરીટસિંહ ડાભી, શ્રી બાબુભાઈ પટેલ, શ્રી પાયલ કુકરાણી, શ્રી અમિત ઠાકર, શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી ડૉ. હસમુખભાઈ પટેલ, શ્રી દિનેશસિંહ કુશવાહ, શ્રી કંચનબેન રાદડિયા, શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી જિતેન્દ્રભાઈ પટેલ, શ્રી દર્શનાબેન વાઘેલા, શ્રી અમૂલ ભટ્ટ, શ્રી ઈમરાન ખેડાવાલા તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીના પ્રતિનિધિ, નિવાસી અધિક કલેક્ટરશ્રી ભાવિન સાગર, અધિક નિવાસી નાયબ કલેક્ટર શ્રી હાર્દ શાહ સહિત સંકલન સમિતિના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લાખાવાડ ગામે રંગબેરંગી ભીંતચિત્રો દોરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો

## સ્વચ્છ ભારત ગ્રામીણ મિશન યોજના અંતર્ગત સ્વચ્છતા લક્ષી વિવિધ પ્રવૃતિ હાથ ધરવામાં આવી




। ભાવનગર, તા.૧૭ ।

ભાવનગરમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જયશ્રીબેન જરૂના નેતૃત્વ હેઠળ ભાવનગર જિલ્લામાં વિવિધ સ્થળોએ દીવાલો પર સ્વચ્છતાને લગતા સંદેશાઓ આપતા ભીંતચિત્રો બનાવવામાં આવી રહ્યાં છે. ત્યારે ઉમરાળા તાલુકાના લાખાવાડ ગામે પ્લાસ્ટિક સ્ટોરેજ યુનિટ પર રંગબેરંગી ભીંતચિત્રો બનાવી લોકોને સ્વચ્છતા તેમજ પ્લાસ્ટીક મુક્ત ગામ બનાવવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

'ઓછુ પ્લાસ્ટિક,વધુ સારું સ્વસ્થ્ય', 'કરો ખાતર પીઠનું નિર્માણ થશે કચરાનો સલામત નિકાલ' જેવા વિવિધ સૂત્રો દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાનું કામ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની SBM-G ટીમ તથા IEC Consultant દ્વારા સૌ નાગરિકને સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવી રહ્યો છે.

# પાલિતાણા તાલુકાનાં મોટી રાજસ્થળી ગામે સુજલામ સુફલામ જળ અભિયાનની કામગીરીનો પ્રારંભ



। ભાવનગર, તા.૧૭ ।

પાલિતાણા તાલુકાનાં મોટી રાજસ્થળી ગામે સુજલામ સુફલામ જળ અભિયાન તળે તળાવ ઊંડું ઉતારવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સાથે પીડીલાઈટ સંસ્થા અંતર્ગત આ કામગીરી પ્રારંભ વેળાએ ધારાસભ્યશ્રી ભિખાભાઈ બારૈયા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ શ્રી લલ્લુભાઈ આંબલિયા સાથે ઈજનેર શ્રી મનસુખભાઈ વિરુગામા, અગ્રણીઓ શ્રી નાનુભાઈ ડાખરા, શ્રી નૂતનસિંહ ગોહિલ, શ્રી શિવાભાઈ ચૌહાણ વગેરે સાથે સંસ્થાનાં શ્રી ઘનશ્યામ હુંબલ અને શ્રી પાર્થ માવરિયા જોડાયાં હતાં.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજે તમે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. કેટલાક માટે લગ્નની શરણાઈના સૂર સંભળાય છે તો કેટલાકને રૉમાન્મળવાથી તેમનો જુસ્સો વધશે.

### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો.

### મિથુન (ક,છ,ઘ) :

આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો.

### કર્ક (ડ,હ) :

આજે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો.

### સિંહ (મ,ટ) :

ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ. આજે તમે તમારા પ્રયપાત્રના હૃદયના ધહકારા સાથે સાથે મિલાવશો.

### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. ગૃહપ્રવેશ માટે શુભ દિવસ. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશે. આજે તમે આખો દિવસ ખાલી રહી શકો છો અને ટીવી પર ઘણી મૂવીઝ અને પ્રોગ્રામ જોઈ શકો છો.

### તુલા (ર,ત) :

આજે ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે. આજે, રાત્રે, તમારે ઘર ના લોકો થી દૂર થવું અને તમારા ઘર ની છત અથવા પાર્ક પર ચાલવું ગમશે.

### વૃશ્ચિક (ન,ય) :

આજે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો.

### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

### મકર (ખ,જ) :

આજે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો.

### કુંભ (ગ,શ,સ) :

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. તમારા અંગત જીવન વિશે મિત્રો તમને સારી સલાહ આપશે. આજે તમે ડૅટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો. એવા ઉતાવળા નિર્ણય લેતા નહીં.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે.

## વોટર સ્ટ્રાઈક કરી પાકિસ્તાનને ભીંસમાં લેવાની મોટી તૈયારી

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

પજમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલાના જવાબમાં ભારતે સિંધુ જળ સમજૂતી સ્થગિત કરીને પાકિસ્તાનમાં જતું પાણી અટકાવી દીધું છે. આટલું ઓછું હોય તેમ ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં ભારે વિનાશ વેર્યો હતો. હવે ભારતે તાલિબાન સાથે હાથ મિલાવીને પાકિસ્તાનમાં અફઘાનિસ્તાન તરફથી આવતું પાણી રોકવાની પણ તૈયારી હાથ ધરી છે. વિદેશ મંત્રી જયશંકરે તાલિબાનોના સત્તા પર આવ્યા પછી પહેલી વખત ગુરુવારે અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મુત્તાકી સાથે વાત કરી હતી.ભારતના વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર અને અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર મુત્તાકીએ ગુરુવારે સાંજે ફોન પર વાતચીત કરી હતી. અફઘાનિસ્તાને પહલગામમાં આતંકી હુમલાની આકરી ટીકા કરી હતી અને ઓપરેશન સિંદૂર મુદ્દે ભારતને સમર્થન આપ્યું હતું. અફઘાનિસ્તાનમાંથી અમેરિકાની વિદાય બાદ તાલિબાનોએ સત્તા સંભાળ્યા પછી ભારતે પહેલી વખત સત્તાવાર રીતે તાલિબાનો સાથે ચર્ચા કરી હતી. ભારત અને તાલિબાનના વિદેશમંત્રી વચ્ચેની વાટાઘાટોથી પાકિસ્તાનમાં 'ઓપરેશન સિંદૂર' જેવો જ હોબાળો મચી ગયો. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રાજકીય સંવાદે પહલગામમાં આતંકી હુમલામાં હિન્દુઓની હત્યા પછી સિંધુ જળ સમજૂતીને અભેરાઈએ નાંખવાના ભારતના નિર્ણયથી પાકિસ્તાનને પરેશન કરી દીધું છે. હવે અફઘાનિસ્તાન સાથે હાથ મિલાવીને ભારત પાકિસ્તાનમાં તેની પશ્ચિમી સરહદેથી આવતું પાણી પણ રોકવાની તૈયારી કરી રહ્યું છે.સૂત્રો મુજબ જયશંકર અને મુત્તાકી વચ્ચે અફઘાનિસ્તાનમાં ભારતની મદદવાળા વિકાસ પ્રોજેક્ટને આગળ વધારવા સંમતિ થઈ છે, તેમાં લાલંદરનો શહતૂત બાંધ પ્રોજેક્ટ પણ સામેલ છે, જે કાબૂલ નદી પર બનાવાશે. બંને દેશો વચ્ચે ફેબ્રુઆરી ૨૦૨૧માં આ પ્રોજેક્ટ માટે સમજૂતી થઈ હતી, પરંતુ કાબુલમાં સત્તા બદલાઈ ગયા પછી આ પ્રોજેક્ટ પર બ્રેક વાગી ગઈ હતી.

## આતંકવાદીઓના ત્રણ મદદગારની ધરપકડ કરાઈ

। (એજન્સી) જમ્મુ, તા.૧૭ ।

જમ્મુ કાશ્મીરના બડગામમાં શુક્રવારે પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે આતંકવાદીઓના ત્રણ મદદગારોની ધરપકડ કરી લીધી છે. મુઝામિલ અહમદ, ઈશફાક પંડિત (અગલાર પટ્ટન) અને મુનીર અહમદ (મીરીપોરા બીરવાહ) હાલ કસ્ટડીમાં છે. સૂત્રોના અનુસાર, ઝડપાયેલા ત્રણેય શખ્સો લશ્કરના આતંકવાદીઓના સંપર્કમાં હતા. સુરક્ષા દળ કાશ્મીર ખીણમાં છૂપાયેલા આતંકવાદીઓનો સફાયો કરી રહ્યું છે. વીણી-વીણીને આતંકવાદીઓને ઠાર મારવામાં આવી રહ્યા છે. કાશ્મીરમાં ગત ત્રણ દિવસોમાં બે અલગ અલગ અથડામણમાં કુલ છ આતંકવાદીઓને સેનાએ ઠાર માર્યા છે. સેનાએ જણાવ્યું હતું કે, કાશ્મીરના ત્રાલ અને શોપિયાંમાં બે ઓપરેશન ચલાવવામાં આવ્યા. એક ઓપરેશન ગ્રામીણ વિસ્તારમાં હતું જ્યારે બીજું પહાડી વિસ્તારમાં. કુલ છ આતંકવાદીઓનું એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે. આ જ રીતે કાશ્મીરમાંથી આતંકવાદીઓનો સફાયો કરવામાં આવશે. સુરક્ષાદળો વચ્ચે સામંજસ્ય ખૂબ સારું રહ્યું જેના કારણે ઓપરેશન સફળ રહ્યું. લોકોનો પણ સારો સહયોગ મળ્યો તેથી તેમનો પણ આભાર.

# 'દેશમાં ૭૫ વર્ષથી લોકશાહી, મહારાજા જેવું ના વર્તો' : સુપ્રીમ કોર્ટ

### સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે એવા નિવેદન અપાઇ રહ્યા છે કે મધ્યસ્થતાના પ્રયાસો નિષ્ફળ નિવડયા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।



સુપ્રીમ કોર્ટમાં એક પારિવારિક વિવાદના કેસમાં આરોપી અને ફરિયાદી પતિ-પત્ની બન્નેએ પોતાની ઓળખમાં મસમોટા દાવા કર્યા હતા. સાથે જ આંતરિક ઘમંડને કારણે સમજૂતી કરવા તૈયાર ન હોવાનું જણાતા સુપ્રીમ કોર્ટે બન્નેને ફટકાર લગાવતા કહ્યું હતું કે ભારતમાં ૭૫ વર્ષથી લોકશાહી છે, રાજા મહારાજા જેવુ વર્તન કરવાનું બંધ કરો.

મહિલાએ પતિ પર દહેજ ઉત્પિડન સહિતના આરોપો લગાવ્યા હતા, મહિલાએ પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે તે પોતે ગ્વાલિયરની રહેવાસી છે, સાથે જ કહ્યું હતું કે હું સૌથી પ્રતિષ્ઠિત પરિવારમાંથી આવું છું, મારા પૂર્વજ છત્રપતિ શિવાજી મહારાજની નેવીમાં એડમિરલ હતા. અમે તેમને કોંકણ પ્રાંતના શાસક જાહેર કરાયા હતા.જ્યારે પતિનો દાવો છે કે તે આર્મી ઓફિસરોના પરિવારમાંથી આવે છે અને મધ્ય પ્રદેશમાં શૈક્ષણિક સંસ્થા ચલાવે છે.

મહિલાનો દાવો છે કે મારા પતિ અને તેના પરિવારજનોએ મારી પાસે દહેજમાં રોલ્સ રોયસ કાર તેમજ ફ્લેટની માગણી કરી હતી, જે બદલ મારી સતામણી કરવામાં આવી હતી. જ્યારે તેમની માગણી પુરી ના થઈ તો તેમણે લગ્ન સ્વીકારવાની જ ના પાડી દીધી હતી. સાથે જ મારા ચરિત્ર પર પ્રહાર કર્યા હતા. જ્યારે પતિ તરફથી પત્ની અને તેના પરિવાર સામે છેતરપિંડીની ફરિયાદ કરી હતી જેમાં જુઠા લગ્ન સર્ટિફિકેટ બનાવવાનો આરોપ પણ લગાવ્યો હતો. પત્નીએ દહેજ ઉત્પિડન અને ક્રૂરતાનો કેસ કર્યો હતો. આ મામલો હાઈકોર્ટ બાદ સુપ્રીમ પહોંચ્યો હતો, જેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે એવા નિવેદન અપાઈ રહ્યા છે કે મધ્યસ્થતાના પ્રયાસો નિષ્ફળ નિવડયા છે.

### ભારત કોઈ મોટા યુદ્ધની તૈયારીમાં છે!

## સંરક્ષણ બજેટમાં ૫૦,૦૦૦ કરોડનો અધધધ વધારો થઈ શકે

### શસ્ત્રો, દારૂગોળો, નવા ફાઇટર પ્લેન, મિસાઇલો ખરીદવા માટે ૫૦ હજાર કરોડ રૂપિયાની ફાળવણી થઈ શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।



ભારતના તાજેતરના 'ઓપરેશન સિંદૂર' બાદ પાકિસ્તાનને થયેલા કથિત ભારે નુકસાન અને ભારતીય સેનાની તાકાતના અહેસાસ વચ્ચે, કેન્દ્ર સરકાર સંરક્ષણ બજેટમાં નોંધપાત્ર વધારો કરવાની તૈયારી કરી રહી છે. સરકારી સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સંરક્ષણ બજેટમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનો અધધધ વધારો કરવામાં આવી શકે છે, જે દેશની સૈન્ય આધુનિકીકરણ અને સુરક્ષા પ્રાથમિકતા પર વધુ ભાર મૂકે છે. સંરક્ષણ મંત્રાલય દ્વારા સરકારને સંરક્ષણ માટે વધારાના ભંડોળ ફાળવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જેમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો સૂચવવામાં આવ્યો છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળી જાય છે, જે સંભવતઃ નવેમ્બર-ડિસેમ્બર દરમિયાન સંસદના શિયાળુ સત્રમાં મળી શકે છે, તો ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો કુલ સંરક્ષણ ખર્ચ પ્રથમ વખત ૭ લાખ કરોડને વટાવી જશે. અહેવાલો મુજબ, આ વધારાના ભંડોળ પૂરક બજેટ દ્વારા વર્ષના અંતમાં ફાળવવામાં આવે તેવી અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે, ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ કરાયેલા ૨૦૨૫-૨૬ ના કેન્દ્રીય બજેટમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે સંરક્ષણ માટે ૬.૮૧ લાખ કરોડ રૂપિયાનો રેકોર્ડ ફાળવી દીધો હતો, જે ગયા વર્ષના ૬.૨૨ લાખ કરોડ કરતાં ૯.૨ ટકાનો નોંધપાત્ર વધારો દર્શાવતો હતો. આ વધારાની ફાળવણી સરકારની રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રસ્તાવિત વધારાના ૫૦,૦૦૦ કરોડના બજેટનો ઉપયોગ સેનાના આધુનિકીકરણ માટે કરવામાં આવશે. આ ભંડોળ સંશોધન અને વિકાસ (R&D), અદ્યતન શસ્ત્રો અને ઉપકરણોની ખરીદી, અને દારૂગોળાના ભંડારો વધારવા માટે ઉપયોગમાં લઈ શકાય છે. આ ઉપરાંત, ભારત નવા ફાઈટર પ્લેન અને મિસાઈલોની ખરીદી પર પણ મોટો ખર્ચ કરી શકે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૨૦૧૪ માં કાર્યકાળની શરૂઆતથી જ ભારતના સંરક્ષણ ખર્ચમાં સતત અને ઝડપી વધારો જોવા મળ્યો છે.

૨૦૧૪-૧૫ માં સંરક્ષણ મંત્રાલયને ૨.૨૯ લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. વર્તમાન બજેટ ફાળવણી આ આંકડા કરતાં ત્રણ ગણી વધારે છે, અને તે રાષ્ટ્રીય બજેટના ૧૩ ટકા સાથે, તમામ મંત્રાલયોમાં સૌથી મોટી ફાળવણી પણ રજૂ કરે છે, જે સંરક્ષણ ક્ષેત્રને સરકારની મુખ્ય પ્રાથમિકતા દર્શાવે છે.

### સેનાએ શરૂ કર્યુ સર્ચ ઓપરેશન

## કુલગામમાં આતંકીઓ છુપાયા હોવા અંગેના સમાચાર મળ્યા

। (એજન્સી) જમ્મુ અને કાશ્મીર, તા.૧૭ ।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ કાશ્મીરમાં ભારતીય સેના આતંકવાદીઓને ખતમ કરવા માટે અલગ અલગ ઓપરેશન હેઠલ તપાસ કરી રહી છે. છેલ્લા ઘણાં દિવસોથી ખીણના અલગ અલગ વિસ્તારોમાં સેના આતંકવાદીઓને શોધી રહી છે. સેના દ્વારા એક યાદી પણ જાહેર કરવામાં આવી છે, જેમાં કુલ ૧૪ આતંકવાદીઓના નામ જાહેર કરવામાં આવ્યા છે. કોઈ પણ ભોગે ભારતીય સેના આતંકવાદીઓને ખતમ કરવા માટે કાર્યવાહી કરી રહી છે.પહલગામમાં આતંકી હુમલાનો તો ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂરથી બદલો લીધો છે. પરંતુ હવે ભારતમાં રહેતા આતંકવાદીઓને શોધીને ઠાર કરવાનું ઓપરેશન ચાલી રહ્યું છે. ભારતીય સેના દ્વારા ઓપરેશન દરમિયાન કુલ ૬ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યાં છે.જ્યારે અન્ય આતંકીઓની શોધ અત્યારે ચાલી રહી છે. કાશ્મીરમાં ભારતીય સેના કોઈ પણ ભોગે આતંકવાદીઓને ઠાર કરવા માટે એક્શન મોડમાં આવી ગઈ છે. સૂચના મળતાની સાથે ત્યાં સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવે છે.ભારતીય સેનાને મોડી રાત્રે દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના ગુદ્દર જંગલ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયેલા હોવાની જાણકારી મળી હતી. ત્યારબાદ સેનાએ સર્ચ ઓપરેશન શરૂ કર્યુ છે. સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને આ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં આવેલા ગુડ્ડર જંગલ વિસ્તારમાં ભારતીય સેનાએ ઘેરાબંધી કરીને આતંકીઓને શોધવાની કાર્યવાહી શરૂ કરી છે. આ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયેલા હોવાની જાણકારી મળી હતી, ત્યાર બાદ સેના દ્વારા તપાસ કામગીરી શરૂ કરવામાં આવી છે.કાશ્મીરમાં ભારતીય સેના એક સાથે અનેક વિસ્તારોમાં સર્ચ ઓપરેશન કરી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી સેનાએ ૧૪ આતંકવાદીઓના નામ જાહેર કર્યા હતાં. જેમાંથી ૬ આતંકીઓને ઠાર કરવામાં આવ્યાં હતાં. જ્યારે બાકીના આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આ વખતે ભારતીય સેના આતંકવાદીઓને કોઈ પણ ભોગે ઠાર કરવાની છે. સરકાર દ્વારા પણ આતંકવાદીઓ સામે સેનાને છુટ્ટો દોર આપી દેવામાં આવ્યો છે. જેથી સેના આતંકવાદીઓને બક્ષવાની નથી.

## હમાસ બાદ હુથીઓનો ખાત્મો બોલાવવાના ઈઝરાયલે લીધા સોગંદ

। (એજન્સી) ઈઝરાયલ, તા.૧૭ ।

ઈઝરાયલે શુક્રવારે યમનના હુથીના કબજા હેઠળના પોર્ટ પર ભયાનક હવાઈ હુમલા શરૂ કરી દીધા. હમાસ બાદ હવે હુથીઓનો ખાત્મો બોલાવવા ઈઝરાયલે સોગંદ લીધા છે. ઈઝરાયલના ડિફેન્સ મિનિસ્ટર ઈસરાઈલ કાત્ઝે હુથીઓ પર હુમલાની પુષ્ટી કરતાં કહ્યું કે યમનમાં હુથીઓના કબજા હેઠળના બંદરોને મોટાપાયે નુકસાન પહોંચાડાયું છે. અમે હુથીઓના નેતાઓનો સફાયો કરી નાખવાના સોગંદ લીધા છે. ઈઝરાયલના સંરક્ષણ મંત્રી કાત્ઝે કહ્યું કે જો હુથી સંગઠનો ઈઝરાયલ પર મિસાઈલ હુમલા કરવાનું ચાલુ રાખશે તો તેમના નેતાઓએ પણ ગંભીર પરિણામ ભોગવવા પડશે. જેવી રીતે અમે ગાઝામાં હમાસના સૈન્ય પ્રમુખ મોહમ્મદ દેઈફ, સિનવારી (હમાસ નેતા) અને બેરુતમાં હસન નસરલ્લાહ (હિઝબુલ્લાહ લીડર), તહેરાનમાં હાનિયા (હમાસ પ્રમુખ) પર હુમલા કર્યા હતા એ જ રીતે યમનમાં અબ્દુલ મલીક અલ હુથીને નિશાન બનાવીશું. અમે કોઈપણ વિરુદ્ધ અમારી તાકાતથી પોતાનો બચાવ કરવાનું ચાલુ રાખીશું. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આ કાર્યવાહીની પ્રશંસા કરતા કહ્યું કે, અમારા પાઈલટ્સે હુથી આતંકવાદીઓના બે ઠેકાણાઓ પર સફળતાપૂર્વક હુમલો કર્યો છે. અમે હુથીઓને વધુ નુકસાન પહોંચાડીશું.

## CM ફડણવીસ અને શરદ પવારની હાજરીમાં રોહિત શર્મા સ્ટેન્ડનું ઉદ્ઘાટન



। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

મહારાષ્ટ્રના મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રોહિત શર્મા સ્ટેન્ડનું ઉદ્ઘાટન થયું છે. આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને દ્રઝ્ઞ-જીઝ્ઞ ચીફ શરદ પવાર ઉપસ્થિત રહ્યા હતા. રોહિત શર્માએ પોતાના માતા-પિતાને સ્ટેજ પર બોલાવીને સ્ટેન્ડનું ઉદ્ઘાટન કર્યું. ભારતના વનડે ક્રિકેટ કપ્તાન રોહિત શર્માના નામથી મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં સ્ટેન્ડ ખોલવામાં આવ્યું છે. આ સ્ટેન્ડના ઉદ્ઘાટન દરમિયાન રોહિત શર્મા પોતાના માતા-પિતા અને પત્ની રિતિકા સજદેહને સ્ટેજ પર બોલાવ્યા. મુખ્યમંત્રી ફડણવીસ અને એનસીપી નેતા શરદ પવારે રોહિતના માતા-પિતાને હાથ લગાવીને રોહિત શર્મા સ્ટેન્ડનું ઉદ્ઘાટન કરાવ્યું. રોહિત શર્માએ આ પ્રસંગે કહ્યું કે, હું અહીં હાજર તમામ લોકોનો આભાર માનું છું. આ ક્ષણ મારા માટે ખૂબ ખાસ છે. મને ક્યારે નથી લાગ્યું કે મારા માટે આ બધુ થશે. હું માત્ર ક્રિકેટ રમવા માટે આવ્યો હતો, મુંબઈ માટે રમવા આવ્યો હતો, દેશ માટે રમવા આવ્યો હતો. મેં પણ બાકી તમામ ખેલાડીઓની જેમ જ હંમેશા પોતાનું બેસ્ટ આપવાનો પ્રયાસ કર્યો. રોહિત શર્માએ ભાવુક થતાં કહ્યું કે, તમે પ્રયાસ કરો છો અને ઘણું હાંસલ કરો છો, અનેક માઈલસ્ટોન બનાવો છો. પરંતુ એવું કંઈ થવું મારા માટે ઘણું સ્પેશિયલ છે. વાનખેડે એક આઈકોનિક સ્ટેડિયમ છે અને અહીં ઘણીબધી યાદો બનેલી છે. અહીં આટલા મહાન લોકો સાથે મારું નામ પણ સામેલ થવું મારા માટે એક મોટી વાત છે. આ મારા માટે વધુ સ્પેશિયલ એટલા માટે છે, કારણ કે હું હજુ પણ ક્રિકેટ રમી રહ્યો છું. હું ક્રિકેટના બે ફોર્મેટમાંથી રિટાયર થઈ ચૂક્યો છું, પરંતુ હું હજુ પણ એક ફોર્મેટમાં રમી રહ્યો છું.

## ભારત-ચીનના સંબંધોમાં તિરાડ પાડવા પશ્ચિમી દેશોનો પ્રયાસ



। (એજન્સી) મોસ્કો, તા.૧૭ ।

વારંવાર પાકિસ્તાનનો સાથ આપનારા ચીન સાથે ભારતના સંબંધો અત્યંત જટિલ રહ્યા છે. ભારત સાથે ચીનનો અબજો રૂપિયાનો વેપાર થાય છે છતાં ચીને પાકિસ્તાનનો સાથ આપવાનું પસંદ કર્યું. એવામાં હવે રશિયાનું માનવું છે કે પશ્ચિમી દેશોના કારણે ભારત અને ચીનના સંબંધો વણસી રહ્યા છે.

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે પશ્ચિમી દેશો ભારત અને ચીન વચ્ચે તણાવ પેદા કરવા માટે ષડયંત્ર રચી રહ્યા છે. પશ્ચિમી દેશો 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિના આધારે બંને દેશોના સંબંધોમાં તિરાડ પાડવા માંગે છે. આ નીતિ વિશે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પણ અગાઉ ઉલ્લેખ કર્યો હતો.

લાવરોવે કહ્યું છે, કે પશ્ચિમી દેશોની ચીન વિરોધી નીતિ સ્પષ્ટ થઈ ગઈ છે. અમારા ગાઢ મિત્રો ભારત અને ચીન વચ્ચે તિરાડ પડવા માટે ષડયંત્ર રચાઈ રહ્યું છે. પશ્ચિમી દેશો ASEANને નબળું પડવા માંગે છે જેથી સાઉથ-ઈસ્ટ એશિયામાં પોતાનું પ્રભુત્વ વધારી શકે. ASEAN એક દેશોનો સમૂહ છે જેમાં ઈન્ડોનેશિયા, થાઈલૅન્ડ, બ્રૂનેઈ, મ્યાનમાર, મલેશિયા, ફિલિપાઈન્સ, સિંગાપોર, કંબોડિયા, લાઓસ અને વિયેતનામનો સમાવેશ થાય છે. આ સમૂહની સ્થાપના ૧૯૬૭માં થઈ હતી અને તેનું હેડક્વાર્ટર જકાર્તામાં છે.

વિશેષ

### ૧૮ મે, આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ

# ગુજરાતમાં છેલ્લા અઢી દાયકામાં નિર્મિત કરવામાં આવ્યા રાજ્યના ઇતિહાસ, વારસો અને સંસ્કૃતિની જાળવણી કરતા અભૂતપૂર્વ મ્યૂઝિયમ

। ગાંધીનગર ।

મ્યુઝિયમ એટલે એવું સ્થળ કે જ્યાં સંબંધિત દેશ કે રાજ્યની ઐતિહાસિક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક અને કલાત્મક મહત્વ ધરાવતી વિવિધ ચીજવસ્તુઓને એકત્રિત કરીને લોકો સમક્ષ પ્રદર્શિત કરવામાં આવે છે, જે લોકો માટે શૈક્ષણિક અને જ્ઞાનવર્ધક સ્થળ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મ્યુઝિયમની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું છે કે, ''મ્યુઝિયમ હકીકતો અને પુરાવાઓ આધારિત વાસ્તવિકતા રજૂ કરે છે. તે આપણને ભૂતકાળમાંથી પ્રેરણા પૂરી પાડે છે, અને ભવિષ્ય પ્રત્યેની આપણી ફરજો પ્રત્યે આપણને સભાન કરે છે.'' તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રવર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા ૨ દાયકામાં ગુજરાતમાં વિવિધ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે રાજ્યના ઈતિહાસ અને સંસ્કૃતિને વિશ્વના લોકો સમક્ષ ઉજાગર કરે છે. તાજેતરમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતના વડનગર ખાતે ભારતના સૌપ્રથમ આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે પ્રાચીનતમ વડનગર શહેરનો ભવ્ય ઈતિહાસ પ્રદર્શિત કરે છે. ઉલ્લેખનીય છે કે, ૧૮ મે નો દિવસ 'ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે' તરીકે ઊજવવામાં આવે છે, જેની વર્ષ ૨૦૨૫ માટેની થીમ છે 'ધ ફ્યુચર ઑફ મ્યુઝિયમ્સ ઇન રેપિડલી ચેન્જિંગ કોમ્યુનિટીઝ' એટલે કે, ઝડપથી બદલાઈ રહેલા સમુદાયોમાં મ્યુઝિયમનું ભવિષ્ય. આ થીમ એ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરે છે કે, મ્યુઝિયમ કેવી રીતે સામાજિક, તકનીકી અને પર્યાવરણીય બદલાવોમાંથી પસાર થઈ રહેલા વિશ્વમાં અનુકૂલન સાધી શકે છે, નવીનીકરણ કરી શકે છે અને યોગદાન આપી શકે છે. ગુજરાતમાં છેલ્લા ૨ દાયકામાં નિર્મિત કરવામાં આવેલા કેટલાંક વિશિષ્ટ અને પ્રખ્યાત મ્યુઝિયમ વિશે માહિતી મેળવીએ. વડનગર ખાતે ભારતનું પ્રથમ આર્કિયોલોજીકલ એક્સપિરિયન્શિયલ મ્યુઝિયમ

વડનગર ખાતે નવનિર્મિત આર્કિયોલોજીકલ એક્સપિરિયન્શિયલ મ્યુઝિયમ ભારતનું આ પ્રકારનું પ્રથમ મ્યુઝિયમ છે, જેનો ઉદ્દેશ અહીં ખોદકામ દરમિયાન પ્રાપ્ત થયેલા પુરાતત્વીય પદાર્થો મારફતે વડનગરના બહુસ્તરીય સાંસ્કૃતિક ઈતિહાસને ઉજાગર કરવાનો અને ૨૫૦૦ વર્ષોથી પણ વધુ સમયથી આ શહેરમાં થતી રહેલી માનવ ઉત્ક્રાંતિને પ્રદર્શિત કરવાનો છે. આ મ્યુઝિયમ ૧૩,૫૨૫ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે, જે પુરાતત્વીય ખોદકામ દરમિયાન મળેલી અંદાજિત ૭૦૦૦થી વધુ કલાકૃતિઓને પ્રદર્શિત કરે છે. મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની, કલાઓ, શિલ્પો અને આ વિસ્તારની ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરીઓ બનાવવામાં આવી છે.



**વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમોની યાદીમાં સામેલ ભુજનું સ્મૃતિવન ભૂકંપ સ્મારક**

ગુજરાતમાં ૨૦૦૧માં આવેલા ભૂકંપ દરમિયાન કચ્છમાં જીવ ગુમાવનારા નાગરિકોની સ્મૃતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સ્મૃતિવન ભૂકંપ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૪૭૦ એકર વિસ્તારમાં ફેલાયેલા સ્મૃતિવનમાં વિશાળ મિયાવાકી જંગલ આવેલું છે. અહીંયા ૫૦ ચેકડેમ છે, અને શ્રદ્ધાંજલિ તરીકે કુલ ૧૨,૯૩૨ પીડિત નાગરિકોના નામની તકતી ચેકડેમની દીવાલો પર મૂકવામાં આવી છે. અહીં ૨૦૦૧માં આવેલા ભૂકંપની અનુભૂતિ કરવા માટે એક વિશેષ થિયેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જ્યાં ધ્રુજારી અને ધ્વનિ તથા પ્રકાશના સંયોજનથી ભૂકંપની પરિસ્થિતિનો અનુભવ કરાવવામાં આવે છે. યુનેસ્કો દ્વારા સ્મૃતિવનને વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

**દાંડી કુટિર, ગાંધીનગર**

ગાંધીનગરમાં સ્થિત દાંડી કુટિર એ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન પર આધારિત ભારતનું પ્રથમ હાઈટેક અને અત્યાધુનિક મ્યુઝિયમ છે. દાંડી કુટિર એ ૪૧ મીટરનો શંકુ આકારનો સફેદ ગુંબજ છે, જે મીઠાના ઢગલાનું પ્રતીક છે. આ ગુંબજ બ્રિટિશ શાસન દ્વારા લાદવામાં આવેલા મીઠાના કરની સામે વિરોધ પ્રદર્શિત કરવા ગાંધીજીએ ૧૯૩૦માં જે દાંડીકૂચ કરી હતી, તેના પ્રતીકરૂપે ઊભો છે. દાંડી કુટિરમાં ગાંધીજીના જન્મથી મૃત્યુ સુધીના દરેક વૃત્તાંતોને તકનીકી માધ્યમથી દર્શાવવામાં આવ્યા છે. અહીંયા મુલાકાતીઓ 3D મેપિંગ, હોલોગ્રાફી, ૩૬૦ ડિગ્રી પ્રોજેક્શન અને પારદર્શક LED સ્ક્રીન જેવી ટેકનોલોજી થકી ગાંધીજીનું જીવનચરિત્ર નિહાળી શકે છે.

**શ્યામજીકૃષ્ણ વર્મા મેમોરિયલ**

કચ્છના માંડવીમાં જન્મેલા ભારતના મહાન ક્રાંતિકારી શ્રી શ્યામજીકૃષ્ણ વર્માના અસ્થિકળશ જિનિવાથી સ્વદેશ લાવ્યા બાદ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ માંડવી ખાતે વર્ષ ૨૦૧૦માં શ્યામજીકૃષ્ણ વર્મા મેમોરિયલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ક્રાંતિતીર્થમાં આઝાદીની લડતના ૧૮૫૭થી ૧૯૪૭ સુધીના ૯૦ વર્ષની ઐતિહાસિક પ્રમુખ ઘટનાઓની તવારીખ અને ક્રાંતિકારી દેશભકતોના સચિત્ર સમર્પણની ગાથા પ્રસ્તુત કરવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### સાબરમતીના શુદ્ધિકરણનો પહેલા દિવસે જ ફિયાસ્કો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

સાબરમતી નદીની સફાઈ કરવાની મ્યુનિ.તંત્રની જાહેરાતનો પહેલા જ દિવસે ફીયાસ્કો થયો હતો. નદીમાં વહેતા થયેલા ગટરના ગંદા પાણી સુકાયા નહીં હોવાથી કામગીરી કરાઈ નહતી. સાબરમતી રિવરફ્રન્ટનો પહેલો ફેઝ વર્ષ-૨૦૦૩-૦૪માં શરૂ કરાયો એ પહેલા નદી ખાલી કરી તેમાં રહેલો કાંપ કાઢવામાં આવ્યો હતો. બે દાયકાથી નદીના કાંપને કાઢીને કયારેય સફાઈ કરાઈ નથી. સાબરમતી નદીની સફાઈના નામે વધુ એક તરકટ કરાશે. ચોમાસા અગાઉ વાસણા બેરેજના દરવાજાની મરામત શરૂ કરવામાં આવી છે. બેરેજના દરવાજાની મરામત ૫ જુન સુધીમાં પુરી કરાશે. ઉપરાંત બેરેજના ઉપરવાસમાં માટીનો રેમ્પ બનાવાનો હોવાથી નદી ખાલી કરાઈ છે. ૧૪ મેથી નદીનો પટ જેમ જેમ સુકાશે એમ નદીની સફાઈ કરાશે. એ પ્રકારની જાહેરાત મ્યુનિસિપલ તંત્ર તરફથી કરવામાં આવી હતી.

### ડીસાના બલોધરની પાંજરાપોળમાં ઝેરી ઘાસ ખાતાં ૩૬ ગાયના મોત

। (એજન્સી) ડીસા, તા.૧૭ ।

ડીસાના બલોધર ખાતે આવેલી ભીલડીયાજી મહાજન પાંજરાપોળમાં ૨૭૦ જેટલી ગાયોની સારસંભાળ રાખવામાં આવે છે. બુધવારે સાંજે ગાયોને ઘાસચારો નાંખવામાં આવ્યો હતો. તે ખાતાની સાથે ૩૬ જેટલી ગાયોને ખોરકી ઝેરની અસર થતાં મોત નિપજ્યા હતા. પશુ ચિકિત્સકના જણાવ્યા પ્રમાણે ઉનાળાની ગરમીમાં બફારાના લીધે ઘાસચારામાં ઝેરની અસર થવાથી આ ગાયોના મોત થયા હોવાનુ પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ ડીસા તાલુકાના બલોઘર ગામ ખાતે આવેલી ભીલડીયાજી મહાજન પાંજરાપોળમાં ૨૭૦થી વધુ ગાયોની દેખરેખ રાખવામાં આવે છે. જેમાં ૧૪મે ૨૦૨૫ને બુધવાર ના સાંજના સમયે ગાયોને ઘાસચારો નાખવામાં આવ્યો હતો. જેને ખાતાં નાની મોટી ૩૬ ગાયોના ટપોટપ મોત થયા હતા.

### ભાભીની હત્યા કરનાર દિયર બે દિવસના રિમાન્ડ પર

। (એજન્સી) આણંદ, તા.૧૭ ।

પઆણંદ તાલુકાના ચિખોદરા ગામની આંખની હોસ્પિટલ પાસે રહેતી ૫૦ વર્ષીય વિધવા મહિલાને ફેરવવા લઈ જઈ બાદમાં તેના કડલાની લૂંટ માટે તેની હત્યા કરી કડલા વેચી પોતાનું દેવું ચૂકતે કરનાર કૌટુંબિક દિયર ઝડપાયા બાદ આજે અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો જ્યાં અદાલતે તેને બે દિવસના રિમાન્ડ પર સોપ્યો છે.ચિખોદરા ના ઘડિયા ના વડ પાસે રહેતા વિઠ્ઠલ ચંદુભાઈ વાઘેલા નામનો યુવાન ગતતા ૯ના રોજ નજીકમાં જ રહેતા વિધવા ભાભી જમનાબેન ઉર્ફે ગંગાબેન વિઠ્ઠલભાઈ વાઘેલાને ફરવાના બહાને બાઈક પર બેસાડી ભમરઘોડા લઈ ગયો હતો અને ત્યાંથી મધ્યરાત્રે તેમને ભુતરડા પાસે લાવ્યો હતો. જ્યાં બાઈક મૂકી તેમણે એક્સપ્રેસ હાઈવે ના ભાલે જ એક્ઝિટ પોઈન્ટ પાસે જાડી જાખરામાં તેમને લઈ ગયો હતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઓપરેશન સિંદૂરને વધાવવા અમદાવાદમાં આયોજિત તિરંગા યાત્રા બાઈક રેલીમાં જોડાયા





। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

ભારતીય સેનાના અપ્રતિમ શૌર્ય અને પરાક્રમના પ્રતીક ઓપરેશન સિંદૂરને સન્માનિત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વિધાનસભા મત વિસ્તાર ઘાટલોડિયા વિસ્તારમાં ભવ્ય તિરંગા યાત્રા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. લપકામણ ગામથી પ્રારંભ થયેલી આ રેલી અદાણી શાંતિગ્રામ સુધી પહોંચી હતી જે દરમિયાન રાષ્ટ્રભક્તિના અનોખા દ્રશ્યો સર્જાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ રેલીમાં સહભાગી થઈને યુવાનો અને ગ્રામજનોમાં રાષ્ટ્રપ્રેમનો સંચાર કર્યો હતો. ખુલ્લી જીપમાં સવાર થઈને તેમણે સમગ્ર રૂટ દરમિયાન ગ્રામજનોનું ઉષ્માભર્યું અભિવાદન ઝીલ્યું હતું. લપકામણ, લીલાપુર, ખોડીયાર અને આસપાસના ગામોના સેંકડો યુવાનોએ ઉત્સાહભેર આ બાઈક રેલીમાં ભાગ લીધો હતો. સમગ્ર માર્ગ પર ભારત માતાના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું, અને ગ્રામજનોએ હિન્દની સેનાના વીરત્વને પુષ્પોથી વધાવી લીધું હતું. આ રેલીમાં અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, વિવિધ ગામોના સરપંચો, પંચાયતના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ ભાગ લીધો હતો.

### ઈન્સ્પેક્ટર સામે ખાતાકીય તપાસ શરૂ

## જમાલપુરની ગેરકાયદે સ્કીમ માટે જવાબદાર એસ્ટેટ ઈન્સ્પેક્ટર સસ્પેન્ડ

### જમાલપુર કાચની મસ્જિદ ટ્રસ્ટે વર્ષો અગાઉ ગરીબ બાળકોનાં શિક્ષણ માટે સ્કૂલ બોર્ડને જમીન ફાળવી હતી

। અમદાવાદ, તા.૧૭ ।

શહેરનાં જમાલપુર વિસ્તારમાં કાચની મસ્જિદ ટ્રસ્ટની જગ્યામાં અને ટ્રસ્ટે સ્કૂલ બોર્ડને આપેલી જમીન ઉપર ગેરકાયદે સ્કીમ તથા દુકાનોનાં બાંધકામ અટકાવવાને બદલે આંખ આડા કાન કરનારા એસ્ટેટ ખાતાનાં ઈન્સ્પેક્ટર નાસીરખાન સરવૈયાને આખરે સસ્પેન્ડ કરી ખાતાકીય તપાસ હાથ ધરાઈ છે.જમાલપુર કાચની મસ્જિદ ટ્રસ્ટે વર્ષો અગાઉ ગરીબ બાળકોનાં શિક્ષણ માટે સ્કૂલ બોર્ડને જમીન ફાળવી હતી. જોકે, સ્કૂલ જર્જરિત બની ગયા બાદ શિક્ષણકાર્ય બંધ કરી દેવાયું હતું અને સ્કૂલનું બિલ્ડિંગ પણ ધરાશાયી થઈ ગયાં બાદ સલીમ જુમ્માખાન પઠાણ નામનાં ઈસમે મસ્જિદ ટ્રસ્ટની ખુલ્લી પડી રહેલી જમીન ઉપર દુકાનો બનાવી ભાડે પધરાવી દીધી હતી. તદઉપરાંત સ્કૂલ બોર્ડવાળી જગ્યા ઉપર સના-૭ નામની રહેણાક સ્કીમ પણ બનાવી નિર્દોષ લોકોને મકાનો વેચી માર્યા હતા.કાચની મસ્જિદ ટ્રસ્ટ દ્વારા સ્કૂલ બોર્ડને આપવામાં આવેલી જમીન ઉપર ગેરકાયદે દુકાનો અને સ્કીમનો વિવાદ છેક ઉપર સુધી પહોંચ્યા બાદ મ્યુનિ. એ ગેરકાયદે દુકાનો તો તોડી પાડી હતી. ત્યારબાદ સલીમ પઠાણ ઉપર ઈડીએ દરોડા પાડ્યા હતા. દરમિયાનમાં સલીમ પઠાણનાં ફોનની તપાસમાં વોટસએપ ચેટિંગમાં મ્યુનિ.નાં મધ્ય ઝોન એસ્ટેટ ખાતાનાં જે તે સમયનાં ઈન્સ્પેક્ટર નાસીરખાન સરવૈયા સાથેની વાંધાજનક કહી શકાય તેવી વાતચીત તેમજ કેટલાક કાગળોની આપ-લે થઈ હોવાનું પુરવાર થયું હતું.

### અમદાવાદમાં દર ત્રીજા અકસ્માત

## ટુ વ્હિલર ચાલક અને રાહદારીઓની બેદરકારી જવાબદારી સામે આવી

### અમદાવાદ શહેરમાં ૩૦ ટકા જીવલેણ અકસ્માતો રાહદારીઓ અને ટુ-વ્હીલર ચાલકોના કારણે થાય છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

ઝડપભેર વિકસી રહેલા અમદાવાદ શહેરમાં વાહનોની ગતિ માપવી મુશ્કેલ થઈ ગઈ હોય તેવું અનેક વખત લાગે છે. અમદાવાદ શહેરમાં ૩૦ ટકા જીવલેણ અકસ્માતો રાહદારીઓ અને ટુ-વ્હીલર ચાલકોના કારણે થાય છે. તાજેતરમાં અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસે કરેલા એક રિસર્ચમાં એવી વિગતો ખુલી છે કે છેલ્લા સવા બે વર્ષમાં ૧૦૩૮ સામાન્ય નાગરિકોએ જીવ ગુમાવ્યા તે માટે રસ્તાઓની ફોલ્ટી ડિઝાઈન અને ગેરકાયદે કટ પણ કારણભૂત હતા. સાથે જ રસ્તા ક્રોસ કરવા માટે ટુ-વ્હીલર ચાલકો અને રાહદારીઓ દ્વારા ઉતાવળ જીવલેણ બની રહી છે.અમદાવાદના રસ્તાઓને એક્સિડન્ટ ઝોન બનાવવા માટે જવાબદાર કોણ? આ સવાલ વચ્ચે કરાયેલા રિસર્ચ દરમિયાન એવી વિગતો ખુલી છે કે, સરેરાશ ૨૬થી ૩૦ ટકા જીવલેણ અકસ્માતો ટુ-વ્હીલર ચાલકો અને રાહદારીઓના કારણે સર્જાય છે. રાહદારીઓ અને દ્વિચક્રી વાહનચાલકોની ભૂલના કારણે ૅસૌથી વધુ ગંભીર અકસ્માતો સર્જાય છે. વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ ઉપરાંત ૨૦૨૫ના પ્રારંભિક ત્રણ માસના સમયગાળામાં અમદાવાદમાં કુલ ૪૦૦૦ જેટલા અકસ્માતો સર્જાયા. તેમાં ૧૦૩૮ નાના વાહન ચાલકો કે રાહદારીએ જીવ ગુમાવ્યા છે.ઈજાગ્રસ્તોની સંખ્યા પણ લગભગ એટલી જ છે. મહદ અંશે મોટા રસ્તાઓ પર વાહનો તીવ્ર ગતિએ પસાર થતા હોય તેવા સમયે રાહદારી કે સાઈકલ સવાર અથવા તો નાના વાહન ચાલકની જરાસરખી ગફલત જીવલેણ અકસ્માત સર્જી જાય છે. મતલબ કે વાહનોની બેફામ ગતિ અને આડેધડ રોડ ક્રોસ કરવાની ઉતાવળ જીવલેણ બને છે. અમદાવાદ શહેર પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન અમુક રોડની ફોલ્ટી ડિઝાઈન અને ગેરકાયદે કટ દૂર કરવા પ્રયત્ન કર્યા છે.અમદાવાદ ટ્રાફિક પોલીસે દ્વિચક્રી વાહન ચાલકો હેલ્મેટ પહેરે તેમજ મોટા વાહન ચાલકોની ગતિ મર્યાદા અંકુશમાં રહે તે માટે દંડ સહિતની શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરી છે. વર્ષ ૨૦૨૩માં બે કરોડ રૂપિયાનો દંડ વસૂલનાર અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસે વર્ષ ૨૦૨૪માં ત્રણ લાખ શહેરીજનો પાસેથી ૨૦ કરોડ રૂપિયા દંડ વસૂલ્યો હતો.

### વસોમાં સિઝેરિયન ઓપરેશનમાં

## મહિલાનું મોત થતાં તબીબ સામે ફરિયાદ નોંધાઇ

### ઓપરેશન કરવાની મનાઈ છતાં તબિબે સર્જરી કરી હતી હવે, સવા બે વર્ષ બાદ કાર્યવાહી કરાઇ

। (એજન્સી) નડિયાદ, તા.૧૭ ।

વસો જનરલ હોસ્પિટલમાં બે વર્ષ અગાઉ તા.૯ એપ્રિલ ૨૦૨૩ના રોજ એક ગર્ભવતિ મહિલાનું ઓપરેશન કરવાથી તેનું મોત નિપજયુ હતુ. જેથી મૃતકના પિતાએ તબીબ સામે વસો પોલીસ મથકે એફઆઈઆર નોંધાવી હતી. ખેડા શહેરના ભાઠા વિસ્તારના ભૂપતભાઈ વાઘેલાની દીકરી વર્ષાને પ્રસવ પીડા થતાં પ્રથમ માતર સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. ત્યાં ડૉક્ટરની ગેરહાજરીમાં સ્ટાફે વસો દવાખાને જવાનું કહ્યું હતું. વસો જનરલ હોસ્પિટલમાં ડૉ. ભરવાડે સિઝેરિયન ઓપરેશન કરવાનું નક્કી કર્યું હતું. ઓપરેશન બાદ બાળકીનો જન્મ થયો હતો અને બાળકી તંદુરસ્ત હતી. પરંતુ વર્ષાબેનના ગુપ્ત ભાગેથી લોહી નીકળવાનું શરૂ થયું હતું. આ સમયે ડૉક્ટર હોસ્પિટલમાંથી નીકળી ગયા હતા. મોડી રાત્રે તપાસ કરતાં વર્ષાબેનનું મોત થયાનું જાહેર કર્યું હતું. પરિવારજનોએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી અને મૃતદેહનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ઓપરેશન દરમિયાન રક્તસ્ત્રાવને કારણે મોત થયાનું સામે આવ્યું હતું.સવા બે વર્ષ બાદ ડૉક્ટર સામે ફ્રીઈ નોંધવામાં આવી છે. પરિવારજનોએ ડોક્ટર રમણ ભરવાડના માહિતી એકત્રિત કરતા આ ડોક્ટર અગાઉ ઘણા આવા અન્ય કેસોમાં ઓપરેશન બાદ મૃત્યુ થવાની હકીકત બહાર આવી હતી. જેથી ગાંધીનગર કક્ષાએથી ડોક્ટરને સીઝર ઓપરેશન કરવાની મનાઈ ફરવામાં આવી હતી. આ હુકમ વર્ષ ૨૦૧૯મા ફરમાવવામાં આવ્યો હતો.

### ગુજરાતમાં કોરોનાકાળ બાદ

## પહેલીવાર ૧૫ દિવસમાં મ્યુકર માઇકોસીસના બે કેસ

### કોરોનાકાળ દરમિયાન ડાયાબીટીસ, સ્ટીરોઇડ, રેમડેસીવીરના ઇન્જેકશન તથા ઓક્સિજન લેવાને કારણે દર્દીઓને ફૂગની બિમારી લાગતી હતી

। ગાંધીનગર, તા.૧૭ ।

કોરોનાની સાઈડ ઈફેક્ટ સ્વરૂપે ઘણા દર્દીઓને મ્યુકર માઈકોસીસ જેવી ગંભીર અને જીવલેણ બિમારી થતી હતી. ત્યારે ગાંધીનગર સિવિલમાં છેલ્લા ૧૫ જ દિવસમાં આ મ્યુકર માઈકોસીસ એટલે કે બ્લેક ફંગસના બે દર્દીઓ પ્રકાશમાં આવતા આરોગ્ય તંત્ર ચિંતામાં મુકાયું છે. આ બન્ને દર્દીઓને સિવિલના આઈસીયુમાં રાખવામાં આવ્યા છે અને તેમને સઘન સારવાર આપવામાં આવી રહી છે એટલુ જ નહીં, ફૂગ જીવલેણ તરીકે આગળ વધતા એક દર્દીની આંખ કાઢી નાંખવી પડી છે.કોરોનાકાળ દરમ્યાન ડાયાબીટીસ, સ્ટીરોઈડ, રેમડેસીવીરના ઈન્જેક્શન તથા ઓક્સિજન લેવાને કારણે દર્દીઓને ફૂગની બિમારી લાગતી હતી. ફૂગ મગજમાં જવાને કારણે દર્દીના મોત થવાના કિસ્સા પણ કોરોના બાદ સામે આવ્યા હતા જેને લઈને પણ ફફડાટ ફેલાયો હતો ત્યારે છેલ્લા ફક્ત ૧૫ જ દિવસમાં ગાંધીનગર સિવિલમાં આ મ્યુકર માઈકોસીસના બે કેસ પ્રકાશમાં આવ્યા છે જેના પગલે સિવિલનું મેડિસીન, ઈએનટી તથા ઓપ્થેલમો ડિપાર્ટમેન્ટ એલર્ટ થઈ ગયું છે.આ અંગે મળતી માહિતી પ્રમાણે, વાણસ ગામના ૫૫ વર્ષિય આધેડને સાઈનેસથી આ ફૂગ આગળ વધી હતી અને આંતરિક રીતે આ ફૂગ આગળ વધતા આંખ સુધી પહોંચતા ત્યાં બે જ દિવસમાં સોજો આવી ગયો હતો. જેની ઉંડાણપુર્વક નિદાન કરતા તેમને બ્લેક ફંગસ હોવાને પગલે સિવિલના આઈસીસીયુમાં દાખલ કરીને સઘન અને ખુબ જ ખર્ચાળ સારવાર આપવામાં આવી રહી છે.આવી જ રીતે કડીમાં રહેતા ૬૦ વર્ષિય પુરુષને પણ નાક અને આખની ભાગે સોજા ચઢી ગયા હતા અને અસહ્ય દુ:ખાવો થતો હતો એટલુ જ નહીં, આ ફૂગ ચિંતાજનક રીતે આગળ વધી રહી હતી જેથી ઓપ્થેલ્મો વિભાગના ડો. જીગીશ દેસાઈ અને એમની ટીમે આ દર્દીને તાત્કાલિક સારવાર શરૂ કરી હતી અને આ દર્દીની ડાબી આંખ પણ કાઢી નાંખી હતી જેથી ફૂગને મગજ સુધી જતી અટકાવી હતી.સિવિલમાં હાલ બે દર્દીઓની મ્યુકર માઈકોસીસની સારવાર ચાલી રહી છે. આઈસીસીયુમાં રાખીને સતત ડોક્ટરર્સની દેખરેખ હેઠળ આ બન્ને દર્દીઓને રાખવામાં આવ્યા છે. આ ફૂગની સારવાર ખુબ જ ખર્ચાળની સાથે જટિલ અને લાંબી છે. જેમાં દર્દીને એન્ટી ફંગસ ઈન્જેક્શન આપવા પડે છે. બજારમાં બે હજાર રૂપિયાની કિંમતે મળતા ઈન્જેક્શન આ બન્ને દર્દીઓને પણ આપવામાં આવે છે. એટલુ જ નહીં, સાત ઈન્જેક્શન એક દિવસના આપવા પડે છે આ પ્રકારની ટ્રીટમેન્ટ આ બન્ને દર્દીઓને લગભગ ૨૧ દિવસ સુધી ચાલુ રહેશે જેની સારવારનો ખર્ચ સરકાર ભોગવશે.કોરોના બાદ ઘણા દર્દીઓને બ્લેક ફંગસ સ્વરૂપે મ્યુકર માઈકોસીસ થતું હતું ત્યારે હાલ બે દર્દીઓ સામે આવ્યા છે જેને આઈસીસીયુમાં દાખલ કરીને સઘન સારવાર આપવામાં આવે છે ત્યારે તેમની સારવાર કરી રહેલા નિષ્ણાંત ડો. શશી મુદ્રાએ જણાવ્યું હતું કે, હાલ કોરોના વાયરસ નથી પરંતુ આ બન્ને દર્દીઓને મ્યુકર માઈકોસીસ થવા પાછળનું મુખ્ય કારણ ડાયાબીટીસ છે.

### ફરિયાદી સાથે સમાધાન થઇ ગયાના ગ્રાઉન્ડ પર

## પોક્સોના આરોપી સામેની FIR રદ થાય નહીં: હાઇકોર્ટ

### માત્ર છ વર્ષની બાળકીની જાતિય સતામણી કરનારા આરોપી સામે નિકોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIRનો મામલો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

પોક્સોના કાયદાની મૂળ વિભાવના અને તેની જોગવાઈઓની સ્પષ્ટતા કરતાં ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે અને ફરિયાદી સાથે સમાધાન થઈ ગયાના આધારે પોક્સોના આરોપી સામેની પોલીસ ફરિયાદને રદ કરી શકાય નહીં એમ ઠરાવ્યું છે. હાઈકોર્ટ જસ્ટિસ દિવ્યેશ એ. જોશીએ ચુકાદામાં ઠરાવ્યું છે કે, 'આરોપી વિરુદ્ધ પોક્સોના કાયદા હેઠળ નોંધાયેલો ગુનો માત્ર કોઈ વ્યક્તિ નહીં પરંતુ સમગ્ર સમાજ સામેનો ગુનો હોઈ, ફરિયાદી અને આરોપી વચ્ચે સમજુતિ કે સમાધાન થઈ ગયું હોવાના આધારે હાઈકોર્ટ ફરિયાદ રદ કરી શકે નહીં. પ્રસ્તુત કેસમાં બનેલી ઘટના વખતે પીડિત બાળકી માત્ર છ વર્ષની હતી અને તેથી આરોપી સામે પોક્સોની જોગવાઈઓ હેઠળ FIR થઈ હતી. આવા સંજોગોમાં જો હાઈકોર્ટ તેના વિશેષાધિકારનો ઉપયોગ માત્ર એવા આધાર પર કરે, કે ફરિયાદી અને આરોપી વચ્ચે સમાધાન થઈ ગયું છે, તો એ પોક્સોના કાયદાનો હેતુથી વિપરીત થશે અને કાયદાની વિભાવનાને ઠેસ પહોંચશે.' નિકોલ પોલીસ સ્ટેશનમાં પોક્સોના કાયદા હેઠળ નોંધાયેલી ફરિયાદને રદ કરવાની દાદ માગતી ક્વોશિંગ પિટિશનનો આ મામલો છે. હાઈકોર્ટે આ પિટિશનનો નિકાલ કરતાં મહત્ત્વનો ચુકાદો આપતાં ઠરાવ્યું છે કે, પોક્સોના કાયદાની જોગવાઈઓ બાળકોને જાતિય શોષણથી રક્ષણ આપવા માટેની કાયદાકીય જોગવાઈઓને મજબૂત બનાવે છે. ૧૮ વર્ષથી નીચેના બાળકોને જાતિય સતામણી, શારીરિક શોષણ અને પોર્નોગ્રાફીથી બચાવવા માટે પોક્સોના કાયદાની જોગવાઈ છે. સાથે જ ગુનેગારને આ કાયદાની જોગવાઈઓ આકરામાં આકરી સજા કરે છે. પ્રસ્તુત કેસમાં એ તથ્ય નિર્વિવાદ છે કે આરોપીએ પોક્સોના કાયદા હેઠળનો ગુનો આચર્યો છે. જે ગુનો માત્ર કોઈ વ્યક્તિ વિરુદ્ધનો નહીં, પરંતુ સમગ્ર રાજ્ય કે સમાજ સામેનો ગુનો છે.

